
# જૈન

તંત્રી : ગુલાબચંદ દેવચંદ શેઠ
વીર સં. ૨૪૯૭ વૈ. વદ ૩, તા. ૨૩-૫-૭૦



## શેઠશ્રી ક. લા. અમૃત મહોત્સવ વિશેષાંક

# નમ્ર નિવેદન

'જૈન' સાપ્તાહિકનો ગયો છેલ્લો અંક તા. ૯–૫–૭૦ના પ્રગટ થયેલ તે અંક પ્રગટ કરતા સુધીમાં અમારો ખ્યાલ તા. ૧૬–૫–૭૦ના તુરતના જ અઠવાડિયે "શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અમૃત મહોત્સવ વિશેષાંક" પ્રગટ કરવાનો હતો. પરન્તુ આ અમૃત મહોત્સવમાં ભારતભરના શ્રીસંઘોની વિશાળ હાજરી, શુભેચ્છાના આવેલા સેંકડો સંદેશાઓ, મનનીય પ્રવચનો અને બીજા દિવસની પ્રશ્નોત્તરીની મહત્ત્વપૂર્ણ બેઠક ઉપરાંત શેઠશ્રીનો વિસ્તૃત પરિચય–આ બધુ જોતાં તુરતના અઠવાડિયે વિશેષાંક પ્રગટ કરવો શકય ન બનતાં, એક અંક બંધ રાખી, પછીના અંક રૂપે આ વિશેષાંક પ્રગટ કરી શકયા છીએ. વચ્ચે એક અંક બંધ રહેવા બદલ દરગુજર કરશો એવી આશા છે.

આ વિશેષાંક માહિતીસભર અને દળદાર બનાવવા અમોએ બનતો પ્રયત્ન કર્યો છે, તેમ છતાં, આ મહોત્સવની શાનદાર ઉજવણીના અમારા જાતનિરીક્ષણથી અમને હજુ મનમાં અધૂરુ અધૂરુ લાગે છે. સેંકડો શ્રીસંઘો અને સંસ્થાઓએ કરેલ ફૂલહાર અને સેંકડો સંદેશાઓને અમો પૂરા આવરી શકયા નથી. તેમ છતાં મર્યાદિત સમયમાં શકય તેટલું લેવા પ્રયત્ન કરેલ છે.

—તંત્રી


## સરનામાની નોંધ લેશોજી

ટૂંક સમયમાં ભારતભરમાં બેજોડ નામના પ્રાપ્ત કરનાર સ્વર અને શબ્દના સ્વામી સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રીયુત જયંતકુમાર રાહી "જૈન સંગીતરત્ન"ના સરનામાની નોંધ લેશોજી.

**શ્રી જયંતકુમાર રાહી**

નવીન કટપીસ કલોથ સેંટર,
સોનાવાળા બીલ્ડીંગ નં. ૨, તારદેવ, મુંબઈ–૭

## શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી હસ્તક ચાલતા શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ, શ્રી હિન્દુ હોસ્ટેલ તથા શ્રી કન્યા છાત્રાલય

સંસ્થાઓનું નવું વર્ષ તા. ૧૫મી જુનથી શરૂ થાય છે. સંસ્થાઓ શિક્ષણ અને સંસ્કાર માટે જાણીતી છે. ધાર્મિક શિક્ષણ, નિત્યનિયમો અને અન્ય પ્રવૃત્તિઓથી વિદ્યાર્થી વિકાસ સાધે છે.

ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ આ સંસ્થાઓનો લાભ લે છે.

ગ્રામ્ય વાતાવરણ અને તંદુરસ્ત હવા–પાણીવાળુ સ્થળ છે.

સંસ્થાની પુરી માહિતી અને દાખલ થવા માટે અરજી ફોર્મ તુરત મંગાવી ભરી મોકલો.

**શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી**
ઉદવાડા થઇ (જી વલસાડ) **બગવાડા.**

### શ્રી તત્ત્વજ્ઞાન મહિલા મંડળ સંચાલિત

## કન્યા છાત્રાલય : મુંબઈ

ગુજરાતી ધોરણ ૭થી ૧૧મા ધોરણ સુધી ભણતી વિદ્યાર્થીનીઓને આ છાત્રાલયમાં દાખલ કરાય છે. જૈન ધર્મનો અભ્યાસ ફરજીયાત છે.

છાત્રાલય ઉપરાંત સિવણવર્ગ તથા બાળમંદિર પણ ચલાવાય છે આ ત્રણેય માટેનાં પ્રવેશપત્રો આપવાનું ચાલુ થઇ ગયું છે રૂબરૂ મળો યા લખો (સમય : સવારના ૧૧ થી ૨) : સંચાલિકા શ્રીમતી ઇન્દિરા શાહ, શ્રી તત્ત્વજ્ઞાન મહિલા મંડળ, વિદ્યાપીઠ ભવન, ૨જે માળે ૫૦૭, મહાત્મા ગાંધી રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ-૬૦

સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

જૈન

સાપ્તાહિક [ભાવનગર]

વર્ષ : ૬૭] [અંક ૧૯–૨૦


મણકો

આજના વ્યક્તિવાદના જમાનામાં સંસ્કારોનો મહિમા ઘટતો જાય છે; અને નીતિ અને સદાચારનાં મૂલ્યો વીસરાવા કે પલટાવા લાગ્યાં છે. તેથી શીલ–સદાચાર તથા નીતિ–પ્રામાણિકતાની ભાવનાને ટકાવી રાખવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડે એમ છે. આ માટે ધર્મનું શિક્ષણ અને ધર્મનો ઉપદેશ ઉપયોગી થઈ શકે એમ છે. પણ ખરો પ્રભાવ ધર્મમય જીવનનો જ પડે છે. એટલે આપણે સંઘની આચારસંહિતાના પાલનમાં જે કાંઈ ખામી આવી ગઈ હોય તે દૂર કરવાની જરૂર છે.

—શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

# હૃદયસ્પર્શી અમૃત મહોત્સવ

એક બાજુ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની ધર્મભાવનાથી સુરભિત કર્તવ્યપરાયણતા અને બીજી બાજુ જૈન સંઘની પ્રેમ અને આદરની ઊર્મિથી સભર કૃતજ્ઞતાની લાગણી : એ ઉન્નત ભાવનાઓનો પાવનકારી સંગમ થયો; અને એ સંગમને તીરે, શેઠશ્રી કસ્તૂરભાઈએ પંચોતેર વર્ષની યાત્રા સુખ–ગૌરવપૂર્વક પૂરી કરી એ નિમિત્તે, જૈન સંઘે, અમૃત મહોત્સવની જૈનપુરી અમદાવાદમાં ઊજવણી કરી. કેવો સુંદર અને વિરલ એ અવસર !

એ ઉજવણી હતી ધર્મપ્રીતિની, તીર્થભક્તિની અને સંઘસેવાની. એ અમૃત મહોત્સવ હતો જૈન સંઘના તીર્થરક્ષક અગ્રણીનો, દાનધર્મપરાયણ નેતાનો, અને સંઘરત્ન સુકાનીનો ! એ સન્માન હતું કલ્યાણભાવનાનું, શીલસંપન્નતાનું અને કર્તવ્યનિષ્ઠાનું. એ અમૃત મહોત્સવ જેટલો ભવ્ય હતો એના કરતાં એ વધુ હૃદયસ્પર્શી હતો. એના ઉપર જૈનસંઘે પોતાના અંતરના અમૃતરસના અમીછાંટણાં કર્યાં હતાં. આ મહોત્સવના ઉજવનાર અને એમાં ભાગ લેનાર ધન્ય બની ગયા. અમૃત મહોત્સવ જાણે જૈન સંઘના અંતરમાં અને જૈન પરંપરાના ગૌરવભર્યા ઇતિહાસમાં અમર, યાદગાર અને પ્રેરણારૂપ બની ગયો !

શેઠશ્રી કસ્તૂરભાઈએ પોતાના નિઃસ્વાર્થ, નિર્મળ અને ગુણિયલ જીવન અને દૂરંદેશી–ધર્મકાર્યોદ્વારા આખા દેશના જુદા જુદા પ્રદેશોના જૈન સંઘોનાં અંતરમાં ખૂબ બહુમાન

અને ભક્તિભર્યું સ્થાન પ્રાપ્ત કરેલું છે. તેઓ દેશમાં જ્યાં કયાંય પણ જાય છે, ત્યાંનો જૈન સંઘ તેઓનું ભાવભીનું સ્વાગત કરવામાં ધન્યતા અનુભવે છે, એટલું જ નહીં આવા સમર્થ, શાણા અને દીર્ઘદર્શી સુકાની પોતાને મળ્યા છે, એ માટે એ પોતાને ભાગ્યશાળી માને છે. આ અમૃત મહોત્સવ એમની અસાધારણ લોકપ્રિયતાની કીર્તિગાથારૂપ બની ગયો.

શ્રી કસ્તૂરભાઈ શેઠે પોતાની છ દાયકા જેટલી વિશાળ કારકિર્દી દરમ્યાન ધર્મક્ષેત્રે જે કંઈ યાદગાર કામગીરી બજાવી, એની પાછળ બે પ્રેરકબળો રહેલાં હોય એમ લાગે છે. એક તો પોતાના પ્રભાવશાળી પૂર્વજોના ધર્મસંસ્કારના વારસાને વફાદાર રહીને એને શોભાવવા અને વધારી જાણવાની તત્પરતા; અને બીજું, સારાં પવિત્ર કાર્યોના સહભાગી થઈને આંતરિક આનંદ અને સ્વસ્થતા મેળવવાની તમન્ના. આવી ઉત્કટ તત્પરતા અને તમન્નાનું જ એ પરિણામ લાગે છે કે જેમ જેમ કલ્યાણકારી કાર્યોનો બોજો વધતો ગયો તેમ તેમ એક બાજુ એમનું હીર, તેજ અને પ્રભાવશાળીપણું વિસ્તરતું ગયું, અને બીજી બાજુ એમની સ્વસ્થતા, કાર્યસૂઝ અને કર્તવ્યભાવના વધારે પ્રબળ બનતી ગઈ. સુખ-દુઃખના સારા-માઠા પ્રસંગો તો રાયથી માંડીને રંક સુધીના સૌ સંસારીઓના જીવનમાં આવતા જ રહે છે. જે માનવી એવા વખતે સ્થિર રહીને પોતાના કર્તવ્યની મજલમાં વિક્ષેપ આવવા નથી દેતો, અને અમૃત કે વિષ જેવા પ્રસંગોને પણ પચાવી જાણે છે, એ લાખેણો બની જાય છે. એવા લાખેણા માનવીથી આ ધરતી ઊજળી બની રહે છે. શ્રી કસ્તૂરભાઈ શેઠની ગણના આવા જ લાખેણા પુરુષોમાં થઈ શકે.

શ્રી કસ્તૂરભાઈ શેઠની આટલી બધી સફળતા અને લોકચાહનાની ચાવી એમની નિર્ભેળ કાર્યનિષ્ઠામાં રહેલી છે. કોઈ પણ કાર્ય—પછી એ ઉદ્યોગોને લગતું હોય, શિક્ષણક્ષેત્રને લગતું હોય, રાષ્ટ્રસંબંધી હોય કે ધર્મક્ષેત્રને સ્પર્શતું હોય—એને તેઓ સમાન ચીવટ અને નિષ્ઠાથી જ કરવાના. અને સાચું નાણું જેમ ગમે તે વસ્તુને પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે તેમ તેઓની કલ્યાણગામી, પરિણામલક્ષી, કુશાગ્રબુદ્ધિ ગમે તેવા અટપટા કે અજાણ્યા કામ કે પ્રશ્નનું હાર્દ પકડી લઈને એને પહોંચી વળવાની ક્ષમતા ધરાવે છે. આને લીધે તેઓને જુદા જુદા પ્રકારનાં અનેક કાર્યક્ષેત્રોમાં વિરલ સફળતા પ્રાપ્ત થતી જ રહે છે.

જૈન સંઘે પોતાના સુકાનીના નામ અને કામને અને પોતાના ગૌરવને શોભે એ રીતે એમનું બહુમાન કરવાનું વિચાર્યું અને જૈન સંઘના બધાં સ્થાનોના અગ્રણીઓએ, વધુ કાળક્ષેપ કર્યા વગર, અંતરના ઉમળકાથી આ અમૃત મહોત્સવ ઊજવ્યો, એ માટે જેટલો હર્ષ પ્રગટ કરીએ તેટલો ઓછો છે. આવા સમયોચિત કાર્ય માટે જૈન સંઘને અને એના ભાવનાશીલ અને શાણા અગ્રણીઓને ખૂબ ખૂબ મુબારકબાદી ઘટે છે.

આ અમૃત મહોત્સવ જૈન સંઘમાં કર્તવ્યભાવના ઉદારતા, ખેલદિલી, એકતા અને મિત્રતા જેવી અમૃતમય ભાવનાનો પ્રેરક બનો અને સૌના અંતરમાં ધર્મ, સંઘ, તીર્થ, સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની ભાવના જાગો એજ અભ્યર્થના. સુકાનીનાં સદ્ગુણો, સત્કાર્યો અને સદ્ભાવનાનું અનુસરણ એ જ એમના પ્રત્યેની સાચી શુભેચ્છાઓ છે, એ જ એમનો સાચો અમૃત મહોત્સવ છે. સુકૃતોની અમૃતવેલને વિકસાવવાની બુદ્ધિ અને ભાવના સૌમાં જાગે, એ જ આ હૃદયસ્પર્શી અમૃત મહોત્સવનો સંદેશ છે. એ સંદેશને સૌ ઉમંગથી ઝીલે !

# સામયિક સ્ફુરણ

## પાલીતાણામાં અભિનવ ધર્મસ્થાપત્ય

મંદિરોની મનોહર નગરી સમા ગિરિરાજ શત્રુંજય તીર્થની તળેટીમાં અને એની આસપાસની ધરતીમાં પણ અવારનવાર અવનવાં ધર્મસ્થાપત્યો–જિનમંદિરો રચાતાં જ રહે છે; અને એ રીતે પાલીતાણા શહેર અને જયતલેટી સુધીની ભૂમિ જિનમંદિરો કે એવાં જ બીજાં ધર્મસ્થાપત્યોને લીધે વધુને વધુ સમૃદ્ધ બનતી જ રહે છે. આવા જ એક અભિનવ ધર્મસ્થાપત્ય "શ્રી કેસરિયાજી વીરપરંપરા મહાપ્રાસાદ"ની કેટલીક વિશિષ્ટતાની અહીં નોંધ લેવી ઉચિત છે.

પહેલી નજરે જ એની ધ્યાન ખેંચતી વિશેષતા છે એ મહાપ્રાસાદની વિશાળતા અને ઊંચાઈ. મંદિરનો એક ભાગ જમીનમાં ભોંયરામાં છે, અને ત્રણ ભાગ જમીનથી ઉપર છે. આ રીતે આ મહાપ્રાસાદ ચતુર્ભૂમિક પ્રાસાદ બનેલ છે.

ભોંયરા સહિત દરેક મજલામાં જુદાજુદા તીર્થંકર ભગવાનની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવનાર છે. આમાં આ સમગ્ર જિનપ્રાસાદના મૂળનાયક તરીકે કેસરિયાનાથ શ્રી આદીશ્વર ભગવાનની ૫૧ ઇંચ જેવી વિશાળ અને શ્યામવર્ણની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવનાર હોવાથી તેમ જ એના બધા મજલાઓમાં ભગવાન મહાવીરના ૧૧ ગણધરો, શ્રી સુધર્માસ્વામીજીથી લઇને તે એમની ૭૪મી પાટને શોભાવનાર આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સુધીના ૭૪ આચાર્ય મહારાજની મૂર્તિઓ તથા અન્ય વિશિષ્ટ શાસનપ્રભાવક આચાર્યોની મૂર્તિઓ બિરાજમાન કરવામાં આવનાર હોવાથી આ ધર્મસ્થાપત્ય તીર્થંકરો અને ગુરૂઓની સ્મૃતિ તાજી કરાવતી મૂર્તિઓના મિલન સમું બનવાનું છે; અને તેથી એનું 'શ્રી કેસરિયાજી વીરપરંપરા મહાપ્રાસાદ' નામ સાર્થક છે.

આ જિનપ્રાસાદમાં શ્રી કેસરિયાનાથજીની પ્રતિમાજી ઉપરાંત શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી, શ્રી સીમન્ધરસ્વામિજી, વીસ વિહરમાન તીર્થંકરો, વર્તમાન ચોવીશીના બધા તીર્થંકર ભગવંતો, શ્રી પુંડરીકસ્વામિજી વગેરેની મૂર્તિઓ પણ પધરાવવામાં આવનાર છે

આ ધર્મપ્રાસાદની સૌથી નિરાળી વિશેષતા, તે એમાં મૂકવામાં આવનાર શ્રી સુધર્માસ્વામિથી લઇને તે તપાગચ્છ માન્ય ગુરૂ પટ્ટપરંપરાના છેક વિક્રમની ૨૧મી સદી સુધીના ગુરૂઓની મૂર્તિઓ છે. એને લીધે જાણે ભગવાન મહાવીરના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામિથી લઇને તે છેક આધુનિક સમય સુધીના આચાર્યોની ગૌરવભરી પરંપરાનું એક જ સ્થાને દર્શન કરવાનું અને જૈન પરંપરાના ગૌરવભર્યા ઇતિહાસનું સ્મરણ કરવાનું શકય કે સુગમ બની ગયું છે. એક એક આચાર્ય મહારાજની મૂર્તિનાં દર્શન કરીએ, અને એમનાં સોનેરી ધર્મકાર્યો ધર્મભાવનાની પ્રેરણા આપતાં રહે, એવી વિશિષ્ટ દૃષ્ટિ આ વિશાળકાય ધર્મસ્થાપત્ય ઊભું કરવાની પાછળ રહેલી હોય એમ લાગે છે.

આ સ્થાપત્યની વિશાળતાનો વિચાર કરતાં એમ કહેવું જોઇએ કે છેલ્લી અરધી સદી દરમ્યાન આપણે ત્યાં જે મોટામોટા જિનપ્રાસાદો બન્યા છે, એ બધામાં વિશિષ્ટ સ્થાન પામી શકે એવું વિશાળકાય આ સ્થાપત્ય છે. વળી, એની આસપાસની વિશાળ જગ્યામાં ધર્મશાળા, જ્ઞાનશાળા અને ભોજનશાળા પણ બનાવી લેવામાં આવી છે. તેથી એમ લાગે છે કે આ તીર્થના યાત્રિકોની જરૂરિયાતની દૃષ્ટિએ આ ધર્મસ્થાનને સર્વાંગસંપૂર્ણ બનાવવાની દીર્ઘદૃષ્ટિથી કામ લેવામાં આવ્યું છે ભાવિક યાત્રિકો એક જ સ્થાનમાં બધી જરૂરી સવલતો મેળવીને નિરાકુલપણે તીર્થભક્તિ અને ધર્મનું આરાધન કરી શકે, એવું ઉપયોગી આ સ્થાન બન્યું છે.

આવા નોંધપાત્ર, અતિવિશાળ અને સર્વાંગ પરિપૂર્ણ ધર્મસ્થાપત્યના પ્રેરક-ઉપદેષ્ટા છે શાસન સમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્ય મહારાજ શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજ અને તેઓના વિદ્વાન પ્રશિષ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મહારાજ.

તેમ જ આ કાર્યમાં આચાર્યશ્રી વિજયરામસૂરિજી મહારાજ, આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરિજી મહારાજ, આચાર્યશ્રી વિજયદેવસૂરિજી મહારાજ વગેરેનો પણ મહત્ત્વનો હિસ્સો છે.

પોતાના આ ગુરૂવર્યોની પ્રેરણા ઝીલીને આવું જંગી ધર્મસ્થાપત્ય ઊભું કરવાની મોટી જવાબદારી, મુંબઈ-બોરીવલીમાં દોલતનગરમાં આવેલી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરની પેઢીના કુશળ અને ધર્માનુરાગી સંચાલકોએ સહર્ષ માથે લીધી છે. અને વિશેષ આનંદ ઉપજાવે એવી વાત તો એ છે કે ત્રણ વર્ષથી પણ ઓછા સમયમાં આવી મોટી અને કળામય ઈમારત આ મહાનુભાવો પૂરી કરી શકયા છે; અને અત્યારે એનો પ્રતિષ્ઠા મહોત્સવ પાલીતાણામાં ખૂબ મોટા પાયા ઉપર ઉજવાઈ રહ્યો છે; અને પ્રાસાદની પ્રતિષ્ઠા આગામી વૈશાખ વદિ ૭ને બુધવારના રોજ થવાની છે.

આ મહાપ્રાસાદ અંગેની સમગ્ર કાર્યવાહી એના પ્રેરક આચાર્યો પ્રત્યે વિશેષ બહુમાન ઉપજાવે એવી, અને પેઢીના સંચાલકોની વિશેષ અનુમોદના કરવા પ્રેરે એવી છે. એ સૌની કાર્યનિષ્ઠા બીજાઓને માટે દાખલારૂપ બનો, એ જ અભિલાષા.

## સ્વર્ગસ્થ શ્રી હરગોવિંદદાસ રામજીભાઇ

શ્રીયુત હરગોવિંદદાસ રામજીભાઈ શાહના ગત તા. ૩-૫-૭૦ના રોજ, મુબઈમાં મુલુંડમાં, ૮૨ વર્ષની વયે થયેલ અવસાનની નોંધ લેતાં અમે દુઃખની લાગણી અનુભવીએ છીએ. અમારા "જૈન" સાપ્તાહિકનો જે વિશાળ શુભેચ્છક વર્ગ છે, એમાં શ્રી હરગોવિંદદાસભાઇનો પણ સમાવેશ થાય છે; અને તેથી એમના અવસાનથી અમને પોતાને અંગત ખોટ આવી હોય એવી લાગણી અમે અનુભવીએ છીએ.

શ્રી હરગોવિંદભાઇ મુખ્યત્વે તો એક વેપારી હતા. કરિયાણાના વેપારમાં એમણે ઘણી નિપુણતા મેળવી હતી; અને એ વેપારે પણ એમને ખૂબ યારી આપી હતી. પણ કેવળ વેપાર ખેડીને અને પૈસા પેદા કરીને જ સંતુષ્ટ થાય એવું એકાંગી એમનું ચિત્ત ન હતું. જેવું એમને વેપાર અને પૈસાનું આકર્ષણ હતું, એવું જ વિદ્વાનો અને સંતો પ્રત્યે તેઓ આકર્ષણ ધરાવતા હતા. ઉપરાંત તેઓ વિદ્યાવ્યાસંગી પણ એવા જ હતા. જૈન ધર્મશાસ્ત્રોનું વાચન-મનન-ચિંતન તેઓ અહર્નિશ કરતા રહેતા તેઓ અનેક ભાષાઓના ગ્રંથો સહેલાઇથી સમજી શકતા: એવી તેજસ્વી એમની બુદ્ધિ હતી. અને જ્યોતિષશાસ્ત્રના તો તેઓ નિષ્ણાત હતા એક વેપારીમાં ભાગ્યે જ જોવા મળતી આવી અનેક વિશેષતાઓથી તેઓનું જીવન વિવિધરંગી અને સમૃદ્ધ બન્યું હતું.

તેઓનું વતન સૌરાષ્ટ્રમાં ભાવનગર પાસે ચોગઠ ગામ. તા ૯-૭-૧૮૮૮ના રોજ એમનો જન્મ. સાત વર્ષની ઊગતી ઉંમરે જ પિતાનું શિરછત્ર હરાઇ ગયું. ગામની શાળામાં થોડુંક ભણીને તેર વર્ષની ઉંમરે નોકરી કરવા મુંબઇ ગયા. થોડો વખત નોકરી કરી ન કરી અને મનમાં વૈરાગ્ય જાગ્યો. અને ધર્મસાધનાને માટે નોકરીને તિલાંજલિ આપી વચમાં વળી સમ્મેતશિખર તીર્થની યાત્રા કરી પાછા ફરતા કાશીમાં શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ સ્થાપેલ પાઠશાળામાં રોકાઇ ગયા, અને ત્યાં રહીને સંસ્કૃત ભાષા અને જૈન સાહિત્યનો અભ્યાસ કર્યો. એમની અલગારી પ્રકૃતિને કોઈ વિષય પારકો-પોતાનો ન હતો.

કાશીથી મુંબઈ આવી થોડો વખત કાપડમાં નોકરી કરી અને છેવટે કરિયાણાના વેપારમાં સ્થિર થયા. બજારમાં એમની સાચા અને પ્રામાણિક વેપારી તરીકે ઘણી નામના હતી. જેમ પૈસો રળતા ગયા તેમ એનો સારા કામોમાં ઉપયોગ પણ કરતા ગયા.

અને મુંબઈના સાવ પછાત લેખાતા પરામાં જેની ગણના થતી હતી, તે મુલુંડના વિકાસમાં શ્રી હરગોવિંદભાઇએ જે ફાળો આપ્યો છે, તેથી તો એમને મુલુંડના પિતા કે મુરબ્બી જ કહેવા જોઇએ. મુલુંડના સંઘમાં ભાઈચારની ભાવના સ્થાપવામાં અને ખાસ કરીને ગુજરાતી અને કચ્છી બન્ને સંઘો સુલેહ-સંપથી સાથે રહીને ઉત્સાહપુર્વક ધર્મકરણી કરતા રહે, એ માટે શ્રી હરગોવિંદભાઇએ જે જહેમત ઉઠાવી હતી તે તો દાખલારૂપ અને એમના જીવનની પ્રશસ્તિરૂપ બની રહે એવી છે.

આવા એક વિદ્યાપ્રેમી, ધર્માનુરાગી અને સખાદિલ મહાનુભાવના અવસાન સમયે અમે એમની ઉજ્જવળ કારકિર્દીને અમારી ભાવભરી અંજલિ આપીએ છીએ, અને એમના કુટુંબીઓના દુઃખમાં અમારી હાર્દિક સમવેદના દર્શાવીએ છીએ.


### શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## પરદેશ અભ્યાસ સ્કોલરશિપ

ઉચ્ચ અભ્યાસની પ્રથમ શ્રેણીની કારકિર્દી ધરાવનાર શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના શ્રી મહાવીર લોન ફંડ અને શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડમાંથી પૂરક રકમની લોન સ્કોલરશિપ આપવામાં આવશે. શ્રી દેવકરણ મૂળજી પરદેશ અભ્યાસ ફંડનો લાભ સૌરાષ્ટ્રના શ્વેતામ્બર વીશાશ્રીમાળી મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત છે. નિયત અરજી પત્રકની કિંમત ૬૫ પૈસા છે. અરજીઓ સ્વીકારવાની છેલ્લી તા. ૧૫-૭-૭૦ છે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ-૨૬ના સરનામેથી મળશે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું વિશિષ્ટ પ્રકાશન

# जैन-आगम-ग्रंथमाला ના બે ગ્રંથો

સંપાદકો

પૂજ્ય આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ

પંડિત શ્રી દલસુખભાઇ માલવણિયા

પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક

રોયલ ૮પેજી સાઈઝ : જાડા ટકાઉ કાગળ : ઉત્તમ છપાઈ : પાકું બાઇન્ડિંગ

(१) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च

આ ગ્રંથમાં લઘુનંદિ ઉર્ફે અનુજ્ઞાનંદિ તથા યોગનંદિયુક્ત નંદિસૂત્ર મૂળ તથા અનુયોગદ્વાર સૂત્ર મૂળનો શુદ્ધ–સંશોધિત પાઠ સંખ્યાબંધ પાઠાંતરો સહિત આપવામાં આવ્યો છે. ઉપરાંત વિસ્તૃત સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજીમાં), જૈન આગમો, ગ્રંથ, ગ્રંથકર્તા, ગ્રંથવિષય તથા ગ્રંથમાંથી ઉપલબ્ધ થતી સાંસ્કૃતિક સામગ્રીનું નિરૂપણ કરતી સુવિસ્તૃત પ્રસ્તાવના (ગુજરાતી તથા અંગ્રેજીમાં); બન્ને ગ્રંથોના એકેએક શબ્દના સંસ્કૃત રૂપાંતર સાથેની સૂચી તથા અન્ય પરિશિષ્ટો આપવામાં આવેલ છે.

પૃષ્ઠ સંખ્યા ૭૬૨ : કિંમત ચાલીસ રૂપિયા

(२) ग्रन्थांक ९, भाग १ : पण्णवणासुत्तं

આ ગ્રંથમાં અનેક પાઠાંતરો સહિત પણ્ણવણા સૂત્ર મૂળ તથા પ્રતિઓનો પરિચય વગેરે રજૂ કરતું સંપાદકીય નિવેદન (ગુજરાતી તથા અંગ્રેજીમાં) આપવામાં આવેલ છે.

પૃષ્ઠ સંખ્યા ૫૦૨ : કિંમત ત્રીસ રૂપિયા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટેંક રોડ,

મુંબઈ–૨૬

# જૈન સંઘના ધર્મશીલ અગ્રણી શ્રેષ્ઠિવર્ય
# શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનો પરિચય

ધર્મોની ભૂમિ ભારતવર્ષ.

ભારતની અનોખી વિશેષતા એની ધર્મભાવના ભારતના ધર્મનાયકોએ ધર્મતીર્થો પ્રવર્તાવ્યાં. ધર્મના આરે દુખિયા જીવોને આશ્વાસન મળ્યું, સુખિયાનો સ્નેહભાવ ઓછો થયો, જનસમૂહને જીવનને નિર્મળ બનાવવાની પ્રેરણા મળી. ધર્મભાવના એ દુનિયાની અમર સંપત્તિ બની ગઈ.

એ ધર્મભાવનામાં તીર્થંકરોના ધર્મે અનોખી ભાત પાડી. એ ભાત હતી અહિંસાની, કરુણાની, સમભાવની અને આત્માને પરમાત્મા બનાવવાના પુરુષાર્થની. એના બળે પોતાના કલ્યાણનો પોતે જ ઘડવૈયો છે, એવો આત્મવિશ્વાસ માનવીમાં પ્રગટ્યો.

જૈનધર્મની સુકુમાર ભાવનાને ઝીલીને માનવીનું અંતર કરુણા અને માનવતાની કૂણી લાગણીથી નીતરતું બન્યું. પર પીડાને એ આત્મપીડા સમજવા લાગ્યો; જગકલ્યાણમાં એને નિજકલ્યાણનાં દર્શન થયાં.

તીર્થંકરોના આ ધર્મવારસાને શ્રમણશ્રેષ્ઠોએ સાચવ્યો, શોભાવ્યો અને સમૃદ્ધ બનાવ્યો. ધર્મના આરાને નિર્મળ અને સુરક્ષિત રાખવાનું કર્તવ્ય શ્રાવકશ્રેષ્ઠોએ બજાવ્યું. જૈનધર્મની સર્વમંગલકારી પરંપરા અખંડ ધારાએ વહેતી રહી: સંસારની એ ખુશનસીબી.

જૈન પરંપરામાં સમયે સમયે આવા શ્રાવકશ્રેષ્ઠો આવતા જ રહ્યા. મહામંત્રી અભયકુમાર, શત્રુંજયોદ્ધારક જાવડશા, દંડનાયક વિમળશા, મંત્રીવર ઉદયન, મહામંત્રી વસ્તુપાળ, માંડવગઢના મંત્રી પેથડકુમાર, શ્રેષ્ઠિરત્ન જગડુશા અને દેશભક્ત ભામાશા એ પરંપરાના આભૂષણરૂપ થઈ ગયા, અને ધર્મસેવા અને જનસેવાનાં કાર્યોથી પોતાના જીવન અને ધનને કૃતાર્થ બનાવી ગયા. આ જ ઉજ્જવળ પરંપરાના વિક્રમની વીસમી અને એકવીસમી સદીના પ્રતાપી પુરુષ છે શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ: ગુજરાતના શ્રેષ્ઠ મહાજન, ભારતના વિખ્યાત ઉદ્યોગપતિ અને જૈન સંઘના મુખ્ય અગ્રણી.

જેમ એક ઉદ્યોગપતિ તરીકે એમની કારકિર્દી સતત પ્રવૃત્તિથી સભર છે, તેમ એક જાહેર જીવનને વરેલ વ્યક્તિ તરીકે એમનું જીવન સંખ્યાબંધ સેવાકાર્યો અને સખાવતોથી સુરભિત બનેલું છે એક ઉદ્યોગપતિ તરીકે કે એક જાહેર વ્યક્તિ તરીકે એમની કામગીરીનું મૂલ્યાંકન કરીએ, તો તેઓની એકેએક પ્રવૃત્તિમાં મહાજનનું મુરબ્બીપણું, ઉદ્યોગપતિની ઝીણવટ અને સુકાનીની દીર્ઘદૃષ્ટિ જોવા મળે જ મળે.

ત્રણ પચીશી જેટલા સુદીર્ઘ જીવન દરમ્યાન લગભગ છ દાયકા સુધી અવિરતપણે ચાલુ રહેલી એમની ઉજ્જવળ અને યશનામી કારકિર્દીને કંઈક આ રીતે વહેંચી શકાય: દેશના કુશળ અને બાહોશ ઉદ્યોગપતિરૂપે; જૈન સંઘના મુખ્ય સુકાનીરૂપે; ગુજરાતના શ્રેષ્ઠ મહાજન તરીકે; કેળવણીના સમર્થ હિમાયતી તરીકે; વિશિષ્ટ રાષ્ટ્રીય વ્યક્તિ તરીકે; અને બાંધકામ તથા જીર્ણોદ્ધારના નિષ્ણાત તરીકે.

આ કામગીરીનું વિશ્લેષણ કરીએ તો ઉદ્યોગપતિ તરીકે તેઓ અર્થોપાર્જનની જે કંઈ પ્રવૃત્તિ કરે છે તેને બાદ કરતાં, બાકીની બધી પ્રવૃત્તિઓ, એક યા બીજી રીતે, લોકકલ્યાણ કે રાષ્ટ્રઉત્થાન સાથે સંકળાયેલી રહી છે, એમ જણાઈ આવ્યા વગર નહીં રહે. તેઓનાં સમય, શક્તિ, બુદ્ધિ અને ધન દેશ, સમાજ કે ધર્મના હિતમાં કેટલાં બધાં વપરાયાં છે, એની કંઈક ઝાંખી આ ઉપરથી પણ થઈ શકે એમ છે. અને એક ઉદ્યોગપતિ તરીકેની તેઓની પ્રવૃત્તિ પણ દેશની સંપત્તિ અને શાનમાં કંઈક ને કંઈક પણ વધારો કરનારી જ નીવડે છે. એમ લાગે છે કે વ્યક્તિગત જીવન અને જાહેર જીવનની ફૂલગૂંથણી શેઠશ્રી કસ્તૂરભાઈમાં ઊગતી ઉંમરે જ થઈ હતી; અને એ એમને જીવનની કૃતાર્થતા તરફ દોરી ગઈ હતી.

## પ્રતાપી પૂર્વજો

શ્રી કસ્તૂરભાઇની આવી સફળતાની પાછળ એમની ગુણસંપત્તિ, કાર્યશક્તિ, કુશાગ્રબુદ્ધિ અને પુરુષાર્થપરાયણતા ઉપરાંત પ્રતાપી પૂર્વજોની, દસ-દસ પેઢીનો અખંડ અને ઉજ્જવળ સંસ્કાર-વારસો પણ રહેલો છે. એમના અનેક પૂર્વજોએ, અણીને વખતે, ધર્મનું ગુજરાતના પાટનગર અમદાવાદનું અને ગુજરાતનું રક્ષણ કરીને પોતાના નગરશેઠના બિરુદને અને શ્રેષ્ઠી કે મહાજન તરીકેના નામને સાર્થક કર્યું હતું.

ગુજરાત ભારતનું જ એક અંગ, છતાં એની સંસ્કૃતિ અનેરી છે. પોતાની સંસ્કારિતા, ધાર્મિકતા, ઉદારતા અને મહાજનની સંસ્થાને લીધે ગુજરાત હમેશાં શીલ અને સમન્વયની ભાવનાનો આદર કરતું રહ્યું છે. તેમાં વળી જૈન સંઘની દૃષ્ટિએ અમદાવાદનું સ્થાન બહુ વિશિષ્ટ છે; એને જૈનધર્મનો ગઢ જ કહી શકાય. તેથી જ અમદાવાદ રાજનગર અને જૈનપુરી તરીકે વિશેષ વિખ્યાત બન્યું છે. ગુજરાતના અને અમદાવાદના રાજમાન્ય અને પ્રજામાન્ય મહાજનો રાજસત્તા અને પ્રજા વચ્ચે સુમેળ સાધવા, અન્યાય અને કલેશને કાબૂમાં રાખવા અને વેપાર અને વ્યવહાર શાંતિ અને સમાધાનપૂર્વક ચાલુ રહે એવું એખલાસનું વાતાવરણ સાચવી રાખવા હમેશાં પ્રયત્નશીલ રહેતા. માથાભારે લોકોનો કે વખત આવે રાજસત્તાનો પણ સામનો કરવામાં પાછા ન પડવું, એવું એનું ખમીર. શેઠશ્રી કસ્તૂરભાઈના પૂર્વજો આવા જ સાહસી, ખમીરવંત, પરગજુ અને પ્રભાવશાળી હતા, એની ઇતિહાસ સાક્ષી પૂરે છે. ધર્મભાવના એમના રોમરોમમાં ધબકતી હતી.

કસ્તુરભાઇની દસમી પેઢીએ શ્રી શાંતિદાસ શેષકરણ ઝવેરી થઇ ગયા. જેવા નામાંકિત એવા જ પ્રતાપી અને એવા જ ધર્મપરાયણ. પ્રારબ્ધ અને પુરૂષાર્થના બળે એમણે પોતાનું ભાગ્ય ખીલવ્યું હતું અને બુદ્ધિ, ચતુરાઇ અને શાણપણને લીધે દિલ્હીની મોગલ સલ્તનતની સાથે મીઠો સંબંધ કેળવ્યો હતો. અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ એ ચારે શહેનશાહોના એ સમકાલીન હતા; એ ચારે બાદશાહોએ એમને શત્રુંજય વગેરે તીર્થોનાં ફરમાન તાજાં કરી આપ્યાં હતાં. સમ્રાટ અકબરની બેગમને ભીડ પડી તો એણે આ શ્રેષ્ઠીનો આશ્રય લીધો હતો; તેથી જ બાદશાહ જહાંગીર એમને મામા કહીને સંબોધતો. આ રાજવીએ જ શ્રી શાંતિદાસ શેઠને નગરશેઠની પદવી આપી હતી. એમણે રાજસાગરસૂરિજીને આચાર્યપદ આપીને સાગરગચ્છની સ્થાપના કરી હતી; અને અમદાવાદના પરા બીબીપુર (અત્યારના સરસપુર)માં નવ લાખ રૂપિયા ખરચીને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય, કળામય જિનમંદિર બંધાવ્યું હતું; અને બે લાખ રૂપિયા ખરચીને એની પ્રતિષ્ઠા કરી હતી. આ પછી થોડાં વર્ષે ઔરંગઝેબ અમદાવાદનો સૂબો બન્યો. એણે ધર્મઝનૂનથી દોરાઇને આ વિશાળ મંદિરને ખંડિત કરીને એની મસ્જિદ બનાવી દીધી. એનું નામ રાખ્યું 'કૌવત-અલ-ઇસ્લામ'— ઈસ્લામની તાકાત! આ કારણે શહેરમાં મોટું કોમી તોફાન થયું, અને શાંતિદાસ શેઠે એની સામે દિલ્લી બાદશાહ શાહજહાં પાસે રાવ ખાધી. શ્રેષ્ઠીનો પ્રભાવ એવો હતો કે બાદશાહે તરત જ એ મંદિર પાછું સોંપવાનું અને જે કંઇ નુકશાન થયું હોય એ ભરપાઇ કરી આપવાનું ફરમાન કર્યું. શાંતિદાસ શેઠે જૈન સંઘ તથા શત્રુંજય તીર્થની કરેલી સેવાના કાયમી સ્મરણરૂપે એમના વંશવારસને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદાર પ્રતિનિધિઓની કમીટીમાં લેવાનું પેઢીના સ્થાપના સમયથી જ ઠરાવવામાં આવ્યું છે.

શાંતિદાસ શેઠના ત્રીજા પુત્ર લક્ષ્મીચંદ શેઠે ઈ. સ. ૧૬૫૭માં બાદશાહ શાહજહાંના પુત્ર મુરાદબક્ષને સાડા પાંચ લાખ રૂપિયા જેવી રકમ ધીરી હતી. મુરાદબક્ષે એકાદ વર્ષમાં જ એ રકમ પાછી આપી હતી. વિ. સં. ૧૭૧૭માં ગુજરાતમાં દુકાળ પડ્યો, એ વખતે શ્રી લક્ષ્મીચંદ શેઠ અને એમના ત્રણ ભાઇઓએ જગડુશાહની માફક લોકોને સહાય કરી હતી.

લક્ષ્મીચંદ શેઠના પુત્ર ખુશાલચંદ ખૂબ ભાવનાશીલ અને વગદાર પુરૂષ હતા. ઈ. સ ૧૭૨૫માં મરાઠાઓએ અમદાવાદ લૂટવા સૂરતથી કૂચ કરી. એને રોકવાની ત્યારે કોઇની તાકાત ન હતી. મરાઠા

લશ્કર છેક અમદાવાદના પાદરે કાંકરિયા પાસે આવી પહોંચ્યું. અમદાવાદનો હાકેમ હમીદખાં શહેરનો બચાવ કરી શકે એમ ન હતો; અને પ્રજા તો બિલકુલ અસહાય જ હતી. ખુશાલચંદ શેઠે વખત પારખી લીધે. હિંમત કરીને તેઓ મરાઠા છાવણીમાં પહોંચી ગયા. વાતચીત કરીને પોતાની પાસેથી પાંચ લાખ રૂપિયા આપીને એમણે મરાઠાઓને પાછા વાળ્યા અને શહેરને વિનાશમાંથી ઉગારી લીધું. નગરજનો પણ કંઇ ઉપકાર ભૂલે એવા ન હતા. શેઠનાં ઓશિંગણુ બનેલાં શહેરનાં મહાજનોએ, શેઠની ઘણી આનાકાની છતાં, શહેરમાંથી થતી વેપારી માલની અવરજવર ઉપર, દર સેંકડે ૦। ટકો શેઠને કર તરીકે આપવાનો દસ્તાવેજ કરી આપીને પોતાની કૃતજ્ઞતા દર્શાવી. આજે પણ અમદાવાદના નગરશેઠ આ હક્ક ભોગવે છે. ખુશાલચંદ શેઠે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો અને માતર તીર્થનું દેરાસર બંધાવવાનો સંઘને આદેશ આપ્યો હતો.

ખુશાલચંદના ત્રણ પુત્રોમાં વખતચંદ જાજરમાન પુરુષ હતા. વિ. સં. ૧૮૩૬માં (ઈ. સ. ૧૭૮૦માં) જ્યારે અંગ્રેજ જનરલ ગોડાર્ડે અમદાવાદ શહેરને લૂંટી લેવાનો હુકમ કરેલો, તે વખતે વખતચંદ શેઠ અને તેમના મોટાભાઇ નથુશા શેઠે વચ્ચે પડીને તે પાછો ખેંચાવીને શહેરને ઉગારી લીધેલું. એમનું રાજકર્તાઓમાં અને પ્રજામાં ખૂબ માન હતું. ગાયકવાડ અને પેશ્વા તરફથી એમને પાલખી અને છત્રી રાખવાનો અધિકાર તથા વર્ષાસન મળતાં હતાં. વિ. સં. ૧૮૬૪માં એમણે શત્રુંજય અને ગિરનારનો મોટો સંઘ કાઢયો હતો. એમને સાત પુત્રો અને ઉજમબાઇ નામે એક પુત્રી હતાં.

વિ. સં. ૧૮૬૮માં મોટું ઉજમણું કરીને તેઓ કુટુંબ સાથે શત્રુંજયની નવાણું યાત્રા કરવા ગયા હતા. સાથે ઉજમબાઈ પણ હતાં. હજુ તો વીસ યાત્રા પૂરી થઇ અને આખા કુટુંબ ઉપર વજ્રપાત જેવું દુઃખ આવી પડયું : ઉજમબાઇના પતિ એકાએક સ્વર્ગવાસ પામ્યા ! બધે હાહાકાર થઇ ગયો ! લાડકોડમાં ઊછરેલી સાત ભાઇની બહેનનો જીવનરથ જાણે ભાંગી ગયો ! સૌએ વિચાર્યું : આવા ઘેરા શોકમાં હવે યાત્રા કેવી અને પાલીતાણામાં રહેવાનું કેવું ! વયોવૃદ્ધ માતા-પિતાના શોક અને દુઃખનો કોઇ પાર ન રહ્યો ! સગાંઓએ સલાહ આપી : અમદાવાદથી કાગળો આવ્યા : વેળાસર અમદાવાદ પાછા આવી જાઓ ! પણ ઉજમબાઇએ ભારે શાણપણ, સમતા અને હિંમત દાખવ્યાં. એમણે ગંભીર બનીને સ્વજનોને કહ્યું : બનવાકાળ બની ગયું ! યાત્રા બંધ કરીને ઘેર પાછા ફરવાથી બગડી બાજી કંઇ સુધરી જવાની નથી ! આ નિમિત્તે ધર્મમાં અંતરાય શા માટે ઊભો કરવો ? લોકનજરે અસહાય બનેલી સન્નારીએ ધર્મનું ખરેખરું તેજ બતાવ્યું : નવાણુ યાત્રા પૂરી કરીને જ બધાં પાછાં આવ્યાં ! ઉજમબાઇ હેમાભાઈ શેઠનાં બહેન અને પ્રેમાભાઇ શેઠનાં ફઇ, એટલે તેઓ બધે ઉજમફઇ તરીકે જ પ્રસિદ્ધ થયાં. એમનો ધર્મરંગ પાકો અને દાખલારૂપ હતો. શત્રુંજય તીર્થ ઉપર એમના નામની ટૂક જાણીતી છે. એમણે ધર્મશાળાઓ પણ બંધાવી હતી.

વખતચંદ શેઠ પછી નગરશેઠાઇ એમના પાંચમા પુત્ર હેમાભાઇ અને એમના વંશવારસોને મળવા લાગી. હેમાભાઈ શેઠ અસાધારણ તેજસ્વી અને દાનવીર પુરૂષ હતા. એમણે કેળવણી માટે, વિદ્યાવૃદ્ધિ માટે, લોકોપકાર માટે, ધર્મપ્રભાવના માટે મોકળે હાથે દાન આપ્યાં હતાં. એમણે તે કાળે એક કન્યાશાળા પણ સ્થાપી હતી. અમદાવાદની અનેક સંસ્થાઓ આજે પણ એમની કીર્તિગાથા સંભળાવે છે શત્રુંજયનો પર્વત એમને ત્યાં ગિરો હતો શત્રુંજય ઉપર એમના નામની પણ ટૂક છે.

હેમાભાઇના પુત્ર પ્રેમાભાઈ નગરશેઠ 'જેવા પિતા તેવા પુત્ર' અથવા ' પિતા કરતાં પુત્ર સવાયા ' એ કહેવતને યાદ કરાવે એવા પ્રતાપી અને નામાંકિત પુરુષ થઇ ગયા. એમની સખાવતો પણ દવાખાના, નિશાળ, પાંજરાપોળ, પુસ્તકાલય, કોલેજ, મ્યુઝિયમ, દુષ્કાળનિવારણ, ધર્મશાળાઓ વગેરે સત્કાર્યો ઉપર સતત વરસતી રહી હતી. ૧૮૫૭ના બળવા વખતે અમદાવાદ અને ઇંદોર વચ્ચે એમણે કરેલી ટપાલની આવ-જાની ખાનગી વ્યવસ્થા એમની કાર્યદક્ષતાની

સાક્ષી બની રહે એવી હતી. સરકારે એમને રાવબહાદુરનો ખિતાબ આપ્યો હતો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના અને એનું બંધારણ શ્રી પ્રેમાભાઇ નગરશેઠની રાહબરી નીચે જ, સને ૧૮૮૦ માં, થયાં હતાં.

વખતચંદ શેઠના ત્રીજા પુત્ર મોતીભાઇએ શત્રુંજયના મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનનો હીરાનો મુગટ કરાવ્યો હતો.

## પિતા-માતા

મોતીભાઇના સૌથી મોટા પુત્ર ફતેહભાઇ; ફતેહભાઇના ત્રીજા પુત્ર ભગુભાઇ; ભગુભાઇના એકના એક પુત્ર દલપતભાઇ; અને દલપતભાઇના ત્રણ પુત્રોમાં સૌથી મોટા પુત્ર લાલભાઇ, તે શ્રી કસ્તુરભાઇના પિતાશ્રી. લાલભાઇ શેઠના નાના બે ભાઇઓ તે શ્રી મણીભાઇ અને શ્રી જગાભાઇ.

દલપતભાઇના વખતમાં પહેલાં જેટલી સમૃદ્ધિ નહોતી રહી; પણ એમનાં ધર્મપત્ની ગંગામા બહુ ઉચ્ચકોટીનાં ધાર્મિક સન્નારી હતાં ઘરવ્યવહાર એ ખૂબ કુશળતાથી ચલાવતાં અને ધર્મકાર્યમાં સદા તત્પર રહેતાં. એક પ્રસંગ અહીં નોંધવા જેવો છે. તેઓને વર્ષમાં બે વાર શત્રુંજયની યાત્રા કરવાનો અને જાત્રાએ જાય ત્યારે તીર્થના ભંડારમાં પાંચસો રૂપીઆ આપવાનો નિયમ હતો. સને ૧૯૨૬માં પાલીતાણા રાજ્ય સાથે જૈન સંઘને મુંડકાવેરા (યાત્રાવેરા) અંગે ઝઘડો થયો. તે વખતે શ્રી કસ્તુરભાઇ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નવા જ પ્રમુખ બન્યા હતા. પેઢીના આદેશ મુજબ સંઘે અસહકારનો શાંત વિરોધનો માર્ગ અપનાવીને શત્રુંજય યાત્રા બંધ કરી. ગંગામાએ પણ કોઇપણ જાતના કચવાટ વગર એ વાતને તો વધાવી લીધી, પણ યાત્રાબંધીને કારણે; પોતાને હાથે તીર્થના ભંડારને ખોટ ખમવી ન પડે એ માટે, સમયસર ભંડારમાં પાંચસો રૂપિયા મોકલી આપવાનું તેઓ ન ચૂક્યાં ! લાલભાઇ શેઠનો જન્મ સને ૧૮૭૩માં થયો હતો.

શ્રી લાલભાઇ શેઠ જેવા વિદ્યાનુરાગી, તેવા જ ધર્મપ્રેમી; અને કાર્યકુશળ અને કાયનિષ્ઠ પણ એવા જ. શિસ્તપાલનનો આગ્રહ તો એમનો જ ! પોતેય પૂરેપૂરી શિસ્ત પાળે અને બીજા પાસે પણ બરાબર પળાવે અવિનય કે અવ્યવસ્થા એમને ખપે જ નહીં. પિતાની માંદગીને લીધે એમને બી.એ.નો અભ્યાસ અધૂરો મુકવો પડયો. મોયણી તીર્થ એમના જ વખતમાં થયું. શત્રુંજયની એમણે રક્ષા કરી હતી અને પગરખાં પહેરીને પર્વત ઉપર જવાથી થતી આશાતના પણ ટાળી હતી.

મયાભાઇ નગરશેઠના સ્વર્ગવાસ પછી તેઓ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ થયા. આ જવાબદારી તેઓએ ખૂબ બાહોશી અને નિષ્ઠાથી અદા કરી હતી પેઢીનો હિસાબ જૈન સંઘ સમક્ષ રજૂ કરવાનો એમનો આગ્રહ હતો. રાણકપુર તથા ગીરનારનો વહીવટ એમના વખતમાં જ પેઢીને હસ્તક આવ્યો.

સને ૧૯૦૩ થી ૧૯૦૮ સુધી પાંચ વર્ષ માટે તેઓ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જનરલ સેક્રેટરી હતા. જ્યારે એમને લાગ્યું કે બીજાં બીજાં કામોના ભારને લીધે આ હોદ્દાની જવાબદારીને પુરતો ન્યાય આપી શકાતો નથી ત્યારે કોન્ફરન્સના ભાવનગર અધિવેશન વખતે, ભાવનગર રાજ્યના દીવાનની ના છતાં, એમણે એ સ્થાનેથી રાજીનામું આપ્યું : જાહેર જીવનની જવાબદારીને સમજવાનો આ એક ઉમદા દાખલો છે.

સને ૧૯૦૮માં રાજસત્તાએ સમ્મેતશિખર તીર્થ ઉપર બંગલાઓ બાંધવાની પરવાનગી આપ્યાની વાત આવી. સંઘમાં ભારે સંક્ષોભ જાગ્યો. આવે વખતે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રમુખ ચૂપ કેમ બેસી રહે ? તરત જ લાલભાઇ શેઠ ત્યાં પહોંચ્યા અને બીજાઓનો સાથ મેળવીને એ વાતને રોકવામાં સફળતા મેળવી. અહીં પડી જવાથી એમનો હાથ ભાંગી ગયેલો. સારવાર માટે કલકત્તા ગયા અને બાબુ માધવલાલ દુગડને ત્યાં એક માસ રોકાયા. શેઠશ્રી કસ્તુરભાઈએ પોતાની સ્મરણનોંધમાં આ વાતનો આભારપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

કુટુંબની સ્થિતિ સુધારવા શ્રી લાલભાઇ શેઠે ખુબ જહેમત લીધી અને ખંત, ધીરજ અને સ્વસ્થ-

તાથી કામ કર્યું. પુરુષાર્થી પુરુષને પ્રારબ્ધે યારી આપી. એમણે પહેલાં કાપડની સરસપુરમાં મિલ સ્થાપી અને પછી સને ૧૯૦૩માં સુતરની રાયપુર મિલ સ્થાપી ત્રણે ભાઇઓ એનો વહીવટ સંભાળવા લાગ્યા.

સંપત્તિ વધતી ગઇ તેમ લાલભાઈ શેઠ એનો સારાં કામોમાં સદુપયોગ કરવા લાગ્યા: લક્ષ્મી તો વહેતી–વપરાતી જ ભલી! તીર્થયાત્રા, સંઘસેવા, ધર્મકાર્યો અને લોકકલ્યાણ માટે તેઓ છૂટે હાથે ધન વાપરતા અને જીવનને અને ધનને કૃતાર્થ કરતા. પિતાના સ્મરણાર્થે એમણે અમદાવાદમાં રતનપોળમાં ધર્મશાળા બંધાવી અને માતાના સ્મરણ નિમિત્તે ઝવેરીવાડમાં કન્યાશાળા સ્થાપી હતી.

શ્રીમંતાઇની સુંવાળપ એમને સ્પર્શી શકી ન હતી; લીધું કામ પૂરું કરવાની એમની પ્રકૃતિ હતી. રાતના ૧૧–૧૨ વાગતાં સુધી પણ કામ કરતાં તેઓ ન થાકતા: એવી અવિરત એમની કાર્યશીલતા હતી!

માતા તરફ એમને અનહદ ભક્તિ હતી. માતાની ચરણવંદના એ એમનો નિત્યક્રમ હતો. અને રાત્રે એમના પગ દબાવ્યા પછી જ તેઓ પથારીએ જતા. ધર્મ ઉપર અને ધાર્મિક ક્રિયાઓ ઉપર પણ એમને એવી જ આસ્થા હતી. એક બાજુ માતૃભક્તિ અને બીજી બાજુ ધર્મભક્તિ એ જાણે એમના સંસ્કારી જીવનની સમતુલા હતી.

અને અમદાવાદના અને ગુજરાતના જીવન સાથે તો લાલભાઈ શેઠ ઓતપ્રોત થઇ ગયા હતા. પ્રજાનું કામ હોય કે રાજકર્તાઓનું કામ હોય, તેઓ સદા ખડા પગે હાજર રહેતા. તેથી જ તેઓ સંઘમાં, પ્રજામાં અને શાસકોમાં સમાન આદર અને ચાહના મેળવી શકયા હતા. એમની શક્તિ, નિષ્ઠા અને સેવાની કદરરૂપે સરકારે એમને સરદારનો ખિતાબ એનાયત કર્યો હતો. સને ૧૯૧૧માં મઝિયારો વહેંચાયો, એમાં પોતાના પુરુષાર્થ અને ભાગ્ય ઉપર ભરોસો રાખીને, તેઓ કડવો ઘૂંટડો ગળી ગયા! એમના ભાગમાં રાયપુર મિલ આવી. સને ૧૯૧૨ના જૂનની પાંચમી તારીખે, ૪૯ વર્ષની ઉંમરે, હૃદયથંભ (હાર્ટફેલ)થી તેઓનો સ્વર્ગવાસ થયો.

શેઠશ્રી કસ્તૂરભાઇનાં માતુશ્રી મોહિનાબા શાણાં, ઠરેલ, સંતોષી, જાજરમાન અને વ્યવહારદક્ષ સન્નારી હતાં. ધર્મ તરફ એમને ખૂબ મમતા હતી. તેઓ જેમ ઘરનો વહીવટ કુશળતાપૂર્વક સંભાળતાં તેમ કુટુંબના વ્યવસાય તરફ પણ બરાબર ધ્યાન આપતાં. દરેક કામ ચીવટપૂર્વક કરવાનો અને પૈસાનો બરાબર હિસાબ રાખવાનો સ્વભાવ હતો. તેઓ જાતે જ ઘરખર્ચનો હિસાબ નોંધતાં. એમના હાથની હિસાબનોંધો અત્યારે પણ સચવાયેલી છે. કુટુંબનું ગૌરવ જાળવવા તેઓ સદા જાગ્રત રહેતાં અને પોતાનાં સંતાનોના સંસ્કારઘડતર તરફ પૂરતું ધ્યાન આપતાં. એમને સાત સંતાન હતાં ચાર પુત્રીઓ અને ત્રણ પુત્રો. એમાં શ્રી કસ્તૂરભાઇ ચોથું સંતાન. એમની પહેલાં બે બહેનો અને એક ભાઈ, અને એમની પછી પણ એક ભાઈ અને બે બહેનો.

તેઓ શેઠશ્રી ઉમાભાઈ હઠીસિંગનાં પુત્રી હતાં. એમનું મૂળ નામ પોપટબહેન હતું. સને ૧૯૩૨ના ડિસેમ્બરમાં મોહિનાબા સ્વર્ગવાસી થયાં.

આવાં પુણ્યપ્રતાપી, ધર્માનુરાગી, જાજરમાન માતાપિતાનો અને દેશપ્રેમી, ધર્મપરાયણ અને પ્રભાવશાળી પૂર્વજોની યશસ્વી પરંપરાનો વારસો મળવો એ જેમ ગૌરવની વાત છે, તેમ એ બહુમૂલા વારસાને શોભાવી અને વધારી જાણવો એ ઘણી મોટી જવાબદારીનું મુશ્કેલ કામ છે. અસાધારણ બુદ્ધિશક્તિ, પારદર્શી કાર્યસૂઝ અને ઉન્નત ભાવનાનો ત્રિવેણીસંગમ સધાય તો જ થઇ શકે એવું એ કામ! આપણી સામેનો સચ તો ઇતિહાસ કહે છે કે શેઠશ્રી કસ્તૂરભાઇએ, પોતાની પચોતેર વર્ષની યશોજ્જવળ કારકિર્દીથી, આ વારસાને પૂરેપૂરો દીપાવી જાણ્યો છે, અને એનું ગૌરવ ખૂબ ખૂબ વધાર્યું છે.

ત્યારે હવે એમના જીવનની જ ઝાંખી કરીએ.

## શેઠશ્રી કસ્તૂરભાઈ

**ઉછેર અને અભ્યાસ**—વિ. સં. ૧૯૫૧ના માગસર વદિ ૭ બુધવાર, તા. ૧૯–૧૨–૧૮૯૪ના રોજ, અમદાવાદમાં એમનો જન્મ. એમની જ્ઞાતિ

વીસા ઓસવાળ. ' ઓસવાળ ભૂપાલ ' એમ એ જ્ઞાતિ માટે કહેવાય છે. રાજકારણી બુદ્ધિ–ચાતુરી અને રહેણીકરણીની છાપ એ જ્ઞાતિ ઉપર પડેલી હજી પણ જોવા મળે છે.

તેજસ્વી બુદ્ધિ, કામ કરવાનો ઉત્સાહ અને ખંતથી પ્રયત્ન કરવાની ટેવ અને એમાં માતા પિતાની પૂરી તકેદારી, એને લીધે કસ્તૂરભાઇ પ્રાથમિક શાળામાં તો હમેશાં પહેલો નંબર રાખતા. પણ માધ્યમિક શાળા અને હાઇસ્કૂલમાં તેઓ રમતિયાળ થઇ ગયા. એમને તથા એમના નાના ભાઇ નરુભાઇ (નરોત્તમભાઇ)ને પતંગ અને ક્રિકેટનો ઘણો શોખ. એમાં અભ્યાસમાં પાછા પડતા ગયા : શાળામાં પહેલો નંબર હટીને પહેલા દસમાંનો એક થઇ ગયો ! પણ મેટ્રિકમાં આવતાં તેઓ સવેળા ચેતી ગયા; વિચાર્યું : જો આમ જ ચાલતું રહ્યું તો આવી મહત્ત્વની પરીક્ષામાં શા હાલ થાય ? રમતિયાળપણું છોડી ખૂબ ધ્યાન દઇને વાંચવા માંડ્યું; પહેલા જ પ્રયત્ને મેટ્રિકની પરીક્ષા બીજા વર્ગમાં ઊંચા નંબરે પાસ કરી.

અભ્યાસકાળ દરમ્યાન ક્યારેક ટીખળ કે તોફાન કરવાનું મન થઇ આવે. ગોપાળદાસ માસ્તર ઘેર ભણાવવા આવે. એ અમદાવાદી પાઘડી પહેરતા. એકવાર એમની પાઘડીને ઉકેલીને ઉપલા મજલેથી નીચે સુધી દોરડાની જેમ લટકાવી દીધી ! હાઇસ્કૂલમાં સાક્ષરવર્ય શ્રી કેશવ હર્ષદ ધ્રુવ ખૂબ ખંતથી ભણાવે. તેઓ એવી તૈયારી કરીને પોતાનો વિષય શીખવે કે છોકરાઓ મંત્રમુગ્ધ થઇને, એકચિત્તે સાંભળે આ સાક્ષરવર્યની વિદ્વત્તા અને અધ્યાપનશક્તિની ઊંડી છાપ કસ્તૂરભાઇના મન ઉપર પડેલી છે.

બંગભંગ પછી આખા દેશમાં રાષ્ટ્રભાવનાની ચેતના જાગી ઊઠી હતી. ત્યારે કસ્તૂરભાઇની ઉંમર તેરેક વર્ષની હતી. ગુજરાતમાં પણ રાષ્ટ્રીયતાનો જુવાળ જાગી ઊઠયો હતો, અને દીવાન–બલ્લુભાઇની જાણીતી શિક્ષકબેલડીએ અમદાવાદમાં રાષ્ટ્રીયશાળા સ્થાપી હતી. આ વખતથી જ કસ્તૂરભાઇમાં રાજદ્વારી સમજણ પ્રગટી ઊઠી હતી, અને રાષ્ટ્રવાદીઓનો પક્ષ લેવાનું વલણ જન્મ્યું હતું.

અભ્યાસની સાથોસાથ ધર્મસંસ્કારનું કામ પણ ચાલતું જ રહેતું. પિતા શ્રી લાલભાઇ શેઠનો સંતાનો ઉપર જબરો કડપ : એમની સામે જરાય ગરબડ કે અવિનય ન ચાલે ! માતા પણ દેવદર્શન, ધર્મક્રિયા, તીર્થયાત્રા અને ગુરુભક્તિના તેમ જ નીતિ, સદાચાર, પ્રામાણિકતા અને સચ્ચાઇના સંસ્કાર આપતાં જ રહે ગર્ભશ્રીમંતાઇમાં એશઆરામની વૃત્તિ, આળસુપણું કે વિનય–વિવેકનો અભાવ સંતાનોમાં ઘર ન કરી જાય એની તેઓ પૂરી તકેદારી રાખે. એક માતા સંસ્કારદાનમાં સો શિક્ષકની ગરજ સારે એ નીતિવાક્યને સાચું પાડે એવી એમની જાગૃતિ અને ચીવટ હતી

દસેક વર્ષની ઉંમરે દાદીમા સાથે ઉત્તર અને પૂર્વ ભારતનાં તીર્થોની યાત્રાએ જવાનું થયું. કુટુંબ અને સગાંના ચાલીસેક જણ સાથે હતાં. મુસાફરી રેલ્વેના ત્રીજા વર્ગના ડબ્બામાં કરવાની હતી. ક્યારેક ગાડામાં પણ મુસાફરી કરવાનો વખત આવતો. એવે વખતે કસ્તૂરભાઇ સારું ગાડું શોધી કાઢતા અને એને સૌથી આગળ દોડાવતા ! બીજા ગાડાંની ધૂળથી તો બચાય ! યાત્રા કરતાં કરતાં બધાં રાજસ્થાનમાં બામણવાડા તીર્થમાં પહોંચ્યાં. ટાઢ કહે મારું કામ ! વરંડાને પડદા બાંધીને બધાં ત્યાં સૂતાં અને તાપણું કરીને બળદોને વાડામાં બાંધ્યા. તાપણું હોય તો ટાઢ પણ ઊડે અને હિંસક પ્રાણી પણ નાસી જાય. ત્યાં હિંસક પ્રાણીનો ભય ખરો ! એ ભય તે રાત્રે સાચો પડ્યો : એક ચિત્તો આવીને શેઠના કૂતરાને ઉઠાવી ગયો !

પૈસો તો હતો, પણ બિનજરૂરી લહેરપાણીમાં પાણી કરવા માટે એ ન હતો. જરૂર પડયે હજારો ખરચાય, નકામી એક પાઇ પણ ન વેડફાય : આ કુટુંબની આ શીખ અને આ પ્રણાલી તેથી જ તો તીર્થયાત્રાએ દૂર દૂરની મુસાફરી કરવા છતાં કસ્તૂરભાઇને સોળ વર્ષની ઉંમર સુધી અલબેલી મુંબઇ નગરીને જોવાનો લહાવો મળ્યો ન હતો ! છેવટે પંચમ જ્યોર્જના રાજ્યાભિષેકના માનમાં મુંબઇમાં મોટો ઉત્સવ થવાનો હતો, તે જોવા નિમિત્તે તેઓને મુંબઇ જવાનો અવસર મળ્યો !

આમ, માતા-પિતાની વાત્સલ્યભરી હૂંફ અને શિસ્તભરી દેખરેખમાં, ૧૭ મે વર્ષે કસ્તૂરભાઇએ મેટ્રિકની પરીક્ષા પસાર કરી; અને એમનું અંતર વિશેષ અભ્યાસ કરીને વિશેષ કાબેલિયત હાંસલ કરવા ગુજરાત કોલેજમાં દાખલ થવા તલસી રહ્યું. કોલેજમાં પ્રવેશ પણ મળી ગયો, પણ ભાગ્યવિધાન કંઈક જુદું જ હતુ !

સને ૧૯૧૨ના જૂનની પાંચમી તારીખે શ્રી લાલભાઈ શેઠ ગુજરી ગયા. એ વખતે રાયપુર મિલની સ્થિતિ જોઇએ તેવી સારી ન હતી અને એને તરતી કરવા માટે તાત્કાલિક પગલાં ભરવાની જરૂર હતી. શેઠાણી મોહનામા આ સ્થિતિ પામી ગયાં હતાં અને કસ્તૂરભાઇનું હીર પણ તેઓ જાણતાં હતાં. એમણે કસ્તૂરભાઇને ભણવાનું છોડીને મિલનો વહીવટ સંભાળવાની આજ્ઞા કરી ભારે વિમાસણ ઉભી થઇ · એક બાજુ ૧૭-૧૮ વર્ષની તરવરતી ઉંમર, તેજસ્વી બુદ્ધિ અને અભ્યાસ કરીને નિપુણ બનવાની તમન્ના, અને બીજી બાજુ માતાની આજ્ઞા ! જરાક ચૂકયા કે મળેલી તકનો લાભ જતો રહે ! શું કરવું અને શું ન કરવું ? પણ છેવટે માતાની આજ્ઞાનો વિજય થયો. કસ્તૂરભાઇ યૌવનસહજ એશકરીની મોજ અને કોલેજમાં જવાનું છોડીને મિલના અટપટા વહીવટની જંજાળમાં પરોવાઇ ગયા ! આ પ્રસંગે એમના જીવનના રાહને બદલી નાખ્યો, અથવા કહો કે એ રાહને સુનિશ્ચિત કરી આપ્યો ! સતત કર્તવ્યપરાયણતાનો જ એ માર્ગ હતો; અને એથી કયારેય ચલિત થવાનું કે એશ-આરામમાં પડવાનું ન હતું. માતાની એ આકરી આજ્ઞાની પાછળ અંતરના આશીર્વાદનાં અમી ઊભરાતાં હતાં એ આશીર્વાદ વખત જતાં, શતદળ કમળની જેમ, ખીલ્યા અને તેથી બડભાગી માતા અને કર્તવ્યનિષ્ઠ પુત્ર ધન્ય બન્યાં ! અભ્યાસનો માર્ગ બિડાઇ ગયો; કર્તવ્યના માર્ગની ઉષા સાદ દઇ રહી !

## મિલસંચાલનનો વ્યાપક અનુભવ

રાયપુર મિલનો વહીવટ મોટો હતો અને કસ્તૂરભાઇની ઉંમર નાની હતી, પણ ખંત, ધીરજ અને સમજણ ઘણી હતી. વળી, જાતમહેનત કરીને જાત-અનુભવ મેળવવાની પૂરી હોંશ હતી; અને કોઈપણ કામ કરવામાં નાનપ, શરમ કે સંકોચ લાગતાં ન હતાં. તેઓ પોતે જ કહે છે કે ' જાતમહેનત કરવામાં મેં કદી સંકોચ અનુભવ્યો નથી; અને ' કામ કામને શીખવે ' એ સૂત્ર અપનાવીને હું જિંદગીમાં કામ કરતાં કરતાં જ ઘણું શીખ્યો છું.' કસ્તૂરભાઇ મિલના કામમાં ઓતપ્રોત થઇ ગયા

તેઓ અભ્યાસ છોડીને મિલમાં જોડાયા તે વખતે એમનાં મોટાં બહેન ડાહીબહેને એક શાણી સલાહ આપી : ભણવાનું તો ભલે છોડ્યું, પણ અંગ્રેજીનો અભ્યાસ નહીં હોય તો કામ નહીં ચાલે અને પાછળ રહી જવું પડશે. કસ્તૂરભાઇને આ વાત સમજાઇ ગઇ મહેનતની ચિંતા કર્યા વગર શિક્ષક રાખીને એમણે અંગ્રેજીનો અભ્યાસ કરી લીધો. તેઓ મુદ્દાસર, શુદ્ધ અને સચોટ અંગ્રેજી બોલી અને લખી શકે છે, તે મોટાં બહેનની આ સલાહને પ્રતાપે. આને લીધે તેઓને ધંધાદારી ઔદ્યોગિક કામગીરીમાં અને જાહેર જીવનમાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, ખુબ સરળતા અને સ્વાધીનતા થઇ ગઇ.

કસ્તૂરભાઇના બન્ને કાકાને ભાગે સરસપુર મિલ આવી હતી, એટલે એમને રાયપુર મિલ સાથે સંબંધ ન હતો. આમ છતાં મિલની સ્થિતિમાં સુધારો થાય એ માટે એમની મદદ લેવામાં આવી હતી· એટલે શરૂઆતમાં કસ્તૂરભાઇને તો પોતાને મનગમતું નહીં પણ વડીલોએ ચીંધેલું જ કામ કરવાનુ હતું. પહેલાં એમને ટાઇમકીપરનું કારકુન જેવું કંટાળો ભરેલું કામ સોંપવામાં આવ્યુ ! કેટલાક મહિના તો એ કામ સંભાળ્યું, પણ પછી એમને એથી કંટાળો આવ્યો: તેજસ્વી બુદ્ધિને નવું નવું કામ શીખવાની અને કરવાની ભૂખ આવા યાંત્રિક કામથી કેવી રીતે સંતોષાય ? એમણે સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ કામ સંભાળ્યું અને રૂની પરખ માટે જુદાં જુદાં ગામોમાં ફરવાનું શરૂ કર્યું. કસ્તૂરભાઇ શેઠ રૂની પરખમાં અસાધારણ નિષ્ણાત બન્યા તે આ અનુભવને લીધે જ.

વડીલોની મદદ લેવા છતાં મિલની કમાણીમાં વધારો ન થયો; ઊલટું મૂડીના રોકાણના પ્રમાણમાં લાગ્યું કે મિલ ખરી રીતે ખોટ કરે છે ! આવું જ

ચાલતું રહે તો મૂડી અને આબરૂ બન્નેને ધક્કો લાગ્યા વગર ન રહે! મિલની આવી સ્થિતિ જોઇને ક્યારેક તો એમને એમ પણ થઇ આવતું કે પિતાજી મિલના ત્રણ લાખ રૂપિયાના શેરો આપી જવાને બદલે એટલી રોકડ મૂકી ગયા હોત તો કેવું સારુ ? બીજું નહીં તો છેવટે એના વ્યાજમાંથી જ સુખ-વૈભવથી રહી શકાત!

પણ આ કંઈ લાગણીના વેગમાં ખેંચાવાની નહીં પણ નક્કર હકીકતનો હિંમતપૂર્વક સામનો કરવાની વાત હતી. અને મુસીબત જોઇને મુંઝાવાનું, નિરાશ થવાનું કે પાછા પડવાનું કસ્તૂરભાઇના સ્વભાવમાં જ નથી આવે વખતે ઊલટું એમનું હીર વધુ ખીલી ઊઠે છે તરત જ એમણે વડીલો ઉપર આધાર રાખવાને બદલે જાતે જ મિલનો વહીવટ સમજવા અને સંભાળવાનું નક્કી કર્યું. નફો કેવી રીતે વધારી શકાય અને નુકસાની રોકવા શું શું કરવું જોઇએ, એની ગણતરી એમની ચકોર દૃષ્ટિ તરત જ કરી શકે છે. વળી, એમની બુદ્ધિ જેવી કુશાગ્ર અને તેજસ્વી છે, એવી જ પરિણામ-લક્ષી અને વ્યવહારુ છે. એટલે કોઇ પણ આદર્શ, વિચાર કે યોજનાનો સફળ અમલ કેવી રીતે કરી શકાય, એ નક્કી કરતાં એમને વાર લાગતી નથી.

રાયપુર મિલ માત્ર સૂતરનું જ ઉત્પાદન કરતી હતી, એના બદલે એમાં કાપડ ઉત્પન્ન કરવાનું નક્કી કર્યું. તરત જ એમાં ૩૩૬ શાળોથી શાળખાતું શરૂ કરવામાં આવ્યું, અને એના સંચાલનની જવાબ-દારી, એમના બનેવી શ્રી પુરુષોત્તમભાઇ મગનભાઇ હઠીસિંગની સલાહ મુજબ, પ્રથમ પંક્તિના વિવિંગ માસ્તરને સોંપવામાં આવી. અને ઉત્તમ જાતના કાપડનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. નુકસાની કરતી મિલ, જાણે કોઇ જાદુ થયો હોય એમ સારો નફો કરવા લાગી! એ જાદુ હતો ઝડપી નિર્ણયનો, ચીવટભરી પ્રામાણિક કામગીરીનો અને સાહસભર્યા પુરુષાર્થનો.

એમાં સને ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું તેનો મિલને મળ્યો : જેટલું કાપડ તૈયાર થાય તે બધું તરત જ વેચાઈ જાય. રાયપુર મિલનો નફો ઉત્તરોત્તર વધતો જ ગયો. અને નફા અને માલની ઉત્તમતાની દૃષ્ટિએ પ્રથમ પંક્તિની ગણાતી ભારતની મિલોમાં એની ગણના થવા લાગી સને ૧૯૧૩ થી ૧૯૩૮ સુધી, પચીસ વર્ષ લગી. આ મિલે એક જ જાતનો તાણો-વાણો કાંતવાનું અને એ તાણા-વાણામાંથી જ કાપડ બનાવવાનું ચાલુ રાખવા છતાં એના કાપડની ગુણવત્તા અને લોકપ્રિયતામાં જરાય ઘટાડો ન થયે, અને એનો નફો વધતો જ રહ્યો, એ નવાઇ ઉપજાવે એવી હકીકત છે.

રાયપુર મિલના ગૌરવભર્યા વહીવટથી એક વાત અહીં ખાસ નોંધવા જેવી છે : સને ૧૯૩૧માં કસ્તૂરભાઈ શેઠે અરવિંદ મિલ શરૂ કરી, પણ એને માટે બહારથી સ્વતંત્ર મૂડી ઊભી કરવાને બદલે રાયપુર મિલના નફામાંથી એ મૂડી મેળવવામાં આવી હતી! મતલબ કે અરવિંદ મીલ રાયપુર મિલના શેરહોલ્ડરોને નફારૂપે ભેટ આપવામાં આવી! એક મિલના નફામાંથી બીજી મિલ ઊભી થઈ હોય એ બનાવ પોતે જ વિરલ છે; તેમાંય એ મિલ વહીવટ, માલની જાત અને નફાની દૃષ્ટિએ ભારતની શ્રેષ્ઠ ગણાતી મિલોમાં વિશેષ આગળ પડતું સ્થાન ધરાવે, એ તો વળી એથીય વધુ વિરલ પ્રસંગ છે. અને એ એના સંચાલકની વહીવટી કુશળતાની કીર્તિ-કથા બની રહે એવો છે.

કાપડની મિલોમાં કે બીજાં નાનાં-મોટાં કાર-ખાનાઓમાં શ્રી કસ્તૂરભાઇ શેઠને જે અસાધારણ સફળતા સાંપડી છે એનાં કેટલાંક કારણો આ છે :

સૌથી પહેલી વાત છે સ્વચ્છ, પ્રામાણિક અને કરકસરભર્યા વહીવટનો આગ્રહ. બીજી વાત છે ગમે તે ભોગે માલની ગુણવત્તા ટકાવી રાખવાનો આગ્રહ; વધુ નફો મેળવવાના લોભમાં રૂ કે બીજી કોઇ ઉત્પાદનની કાચી સામગ્રી હલકી જાતની ન વપરાઈ જાય એની સતત જાગૃતિ રાખવામાં આવે છે. માલ સારી જાતનો હોય તો લોકો મોંમાગ્યાં દામ ચૂકવવા તૈયાર હોય છે, એ કસ્તૂરભાઇનો જાતઅનુભવ છે.

દરેક ખાતાનું સંચાલન તે તે ખાતાના નિષ્ણાતને સોંપવામાં આવે છે, અને એમને પોતાની

બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરવાની મોકળાશ રહે છે. કસ્તૂરભાઇ શેઠ જેમ માણસને પારખવામાં નિપુણ છે, તેમ એને સાચવવામાં પણ એટલા જ કુશળ છે. કસ્તૂરભાઇની કોઇ પણ કંપનીમાં જવાબદારીવાળા સ્થાને કામ કર્યું હોવું એ એ માણસની કાબેલિયતનું પ્રમાણપત્ર બની જાય છે. પણ સાથે સાથે, નિષ્ણાત વ્યક્તિઓને રાખવા છતાં, કોઇ પણ બાબતમાં એમને પરાધીન બનવું ન પડે અથવા એ મૂર્ખ બનાવી ન જાય, એ માટે શ્રી કસ્તૂરભાઇ દરેકેદરેક ખાતાની ઝીણામાં ઝીણી કામગીરીથી માહિતગાર રહેવા પ્રયત્નશીલ રહે છે. અને કોઇ પણ વાતના મર્મને પકડી શકનારી એમની બુદ્ધિને માટે આ રીતે માહિતગાર રહેવું એ ક્યારેય મુશ્કેલ કે ભારરૂપ નથી લાગતું. મતલબ કે સંચાલકોની બિનઆવડત કે બદદાનતને લીધે કંપનીને સહન કરવુ ન પડે એની તેઓ સતત તકેદારી રાખે છે.

વળી, વહીવટમાં કંઈ ભૂલ થઈ હોય અને એમનું ધ્યાન દોરવામાં આવે તો તેઓ ક્યારેય એને છાવરવાનો કે બચાવ કરવાનો પ્રયત્ન નથી કરતા; પણ ભૂલનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરીને વહીવટને સુધારી લેવામાં જ તેઓ માને છે. એમની કંપનીઓની જનરલ મિટીંગોમાં એવા દાખલાએ પણ બન્યા છે કે જ્યારે તેઓએ આવી ભૂલનો સ્પષ્ટ એકરાર કરતાં કહ્યું હોય કે કંપનીની આ ભૂલ છે, અને તે સુધારી લેવામાં આવશે; આટલું જ નહીં, ક્યારેક તો તેઓએ મારા–તારાનો ભેદ ભૂલીને આવી ભૂલ કરનારને ઠપકો આપ્યો હોય, એવું પણ બન્યુ છે. આ તો કંપનીના વહીવટની વાત થઈ

આથીય વધારે તકેદારી તેઓ કંપનીના હિસ્સેદારો (શેરહોલ્ડરો)ના હિતનું જતન કરવામાં રાખે છે. પોતાના શેરહોલ્ડરોને ક્યારેય નુકસાન વેઠવું ન પડે અને એમને વધુમાં વધુ નફો મળે એવો જ એમનો પ્રયત્ન હોય છે. મૂડી પોતાની હોય કે શેરહોલ્ડરોની, એનુ જતન કરવામાં તેઓ સમાન ચીવટ રાખે છે. મૂડીમાત્રનો ઉત્તમમાં ઉત્તમ વિનિયોગ કરીને એમાંથી બને તેટલો વધુ નફો મેળવવો જોઇએ—પછી એ મૂડી પોતાની હોય કે બીજાની—એ એમનો સિદ્ધાંત છે. રાયપુર મિલના એક હજાર રૂપિયાના એક શેરના બદલામાં એક લાખ રૂપિયા કરતાં પણ વધુ વળતર શેરહોલ્ડરોને આપવામાં આવ્યું છે, તે આ વાતનો જીવંત પુરાવો છે. આમાં તેઓની અર્થશાસ્ત્રની વ્યવહારુ સ્પષ્ટ સમજણનો પણ હિસ્સો બહુ મહત્ત્વનો છે, એમ કહેવું જોઇએ.

વળી, જેમની મારફત મિલના ઉત્પાદનનો નિકાલ થઇ શકે છે, એ વેપારીઓનું હિત પણ બરાબર સચવાય એની તેઓ પૂરી સંભાળ રાખે છે. એમને સુખી જોઇને તેઓ બહુ રાજી થાય છે.

સને ૧૯૧૭માં કાપડના વેચાણ માટે તેઓ જાતે દેશના જુદા જુદા ભાગોમાં ફર્યા હતા. એક મદદનીશ, પોતે અને એક રસોઇયો, એમ ત્રણ જણા એ મુસાફરીમાં હતા. બધાનો ઉતારો ધર્મશાળામાં રહેતો. વેપારીઓનો સીધો સંપર્ક, બજારોનો જાતઅનુભવ અને તે તે પ્રદેશ કે શહેરની ખાસિયતને જાણવી એ આ પ્રવાસનો હેતુ હતો. આથી એમને ઘણો લાભ થયો અને ઘણું ઘણું શીખવાનું મળ્યું. જાણે તેઓ શાળા–કોલેજ વગર જ પોતાનું સર્વાંગીણ ઘડતર કરી રહ્યા હતા !

વ્યવસાયનાં અને જાહેર જીવનનાં અનેક ક્ષેત્રોમાં કસ્તૂરભાઇએ જે વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, એની આવી આવી અનેક ચાવીઓ લેખી શકાય. અને તે તેઓને ઊગતી ઉંમરે જ મળી હતી.

યૌવનના ઉંબરે પગ મૂકતાં મૂકતાં જ એવી મોટી જવાબદારી શિરે આવી પડી, અને એ જવાબદારીને સર્વ રીતે પૂરી કરવાની એવી અદમ્ય તાલાવેલી અંતરમાં જાગી ઊઠી કે પછી એમાં યૌવનસહજ બેફિકરી અને ગલશ્રીમંતાઇને સહજ મોજમજા કે એશઆરામની વૃત્તિને અવકાશ જ ન રહ્યો. સતત કર્મયોગનો માર્ગ જ એમનો જીવનમાર્ગ બની ગયો.

એમ લાગે છે કે રાયપુર મિલની જવાબદારી સ્વીકાર્યા પછી કસ્તૂરભાઇની કાયશક્તિનો અનેક રૂપે ઝડપી વિકાસ થયો—જાણે અંતરમાં પ્રશાંતપણે સંગ્રહ થયેલું ખમીર કોઇક યોગ્ય તકની રાહ જ જોતું હતું ! ૧૭–૧૮ વર્ષની નાની વયે શરૂ થયેલી અનેકવિધ પ્રવૃત્તિઓનો પ્રવાહ અનેક ક્ષેત્રોને હરિયાળાં

બનાવતો, આજે ૭૬ વર્ષની મોટી વયે પણ, અખંડ-ધારાએ આગળ વધી રહ્યો છે.

**લગ્ન :** છ–સાત દાયકા પહેલાં નાનપણમાં સગપણ એ ખાનદાનીની નિશાની લેખાતું. એ વખતમાં ઘોડિયાનાં સગપણ એ કોઇ નવાઇની વાત ન હતી. કસ્તૂરભાઇનું સગપણ આઠ વર્ષની ઉંમરે થયું હતું. એમનાં પત્ની શારદાબહેનની ઉમર બે વર્ષની હતી. તેઓ અમદાવાદના ઓસવાળ કુટુંબના શ્રી ચીમનલાલ વાડીલાલ લસણિયાનાં પુત્રી હતાં. સને ૧૯૧૫માં લગ્ન કરવાની વાત આવી. કસ્તૂરભાઇની ઉમર તો ત્યારે ૨૧ વર્ષની હતી; લગ્ન માટે એ ઉંમર કંઇ ઓછી પણ ન ગણાય; છતાં નવું નવું શીખવાની અને નવાં નવાં કામો કરીને વિકાસ સાધવાની ધગશમાં એમને લગ્નનો વિચાર ન રુચ્યો. એમને થયું : અત્યારથી સંસારની અને સંતાનની જવાબદારીમાં ક્યાં પડવું ? એમાં તો જેટલું મોડું થાય તેટલું સારું. પણ માતાના અને સગાંઓના આગ્રહ આગળ એમને નમતું આપવું પડ્યું. કુટુંબમાં ઘેરો શોક હતો. એમના મોટા બનેવી શ્રી પુરુષોત્તમભાઇનું સને ૧૯૧૪ના ડિસેંબરમાં જ અવસાન થયું હતું ! છતાં લગ્ન લેવાયાં; અને સને ૧૯૧૫માં એ સાદાઇથી પતાવવામાં આવ્યાં. કસ્તૂરભાઇના પત્ની શારદાબહેન ખૂબ શાંત, સાલસ, શાણાં, કુટુંબપરાયણ અને વ્યવહારદક્ષ સન્નારી હતાં. ધર્માનુરાગ અને સાદાઇ એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલાં હતાં. એમને ત્રણ પુત્રો : મોટા સિદ્ધાર્થભાઈ, બીજા શ્રેણિકભાઇ; બન્ને અત્યારે શ્રી કસ્તૂરભાઇની જવાબદારી સંભાળી રહ્યા છે. ત્રીજા પુત્રનું સને ૧૯૨૮માં એક વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

## ઘડતરના ત્રણ પ્રસંગો

**ગુજરાતમાં દુષ્કાળ :** ભારતમાં ગાંધીયુગની શરૂઆત હતી. ગાંધીજીએ અમદાવાદમાં આશ્રમ શરૂ કર્યો હતો. સરદાર વલ્લભભાઇ પટેલ અને બીજા અનેક તેજસ્વી પુરુષો રાષ્ટ્રસેવાને અર્પિત થયા હતા. એવામાં સને ૧૯૧૮માં ગુજરાતમાં દુષ્કાળ પડ્યો. પ્રજા આફતમાં હોય એવા વખતે ચુપ કેમ બેસી રહેવાય ? ગાંધીજીની પ્રેરણાથી સરદારશ્રીએ રાહતકામની યોજના કરી. એ માટે ફેમિન રિલીફ કમીટી (દુષ્કાળ રાહત સમિતિ) રચવામાં આવી. સરદારશ્રી શ્રી કસ્તૂરભાઈ શેઠ, દાદા સાહેબ શ્રી માવળંકર, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક અને શ્રી કૃષ્ણલાલ દેસાઇ એ પાંચ એના મંત્રીઓ બન્યા. સૌથી પહેલું કામ સારું એવું ફંડ ભેગું કરવાનું હતું. શેઠશ્રી અંબાલાલ સારાભાઇ અને શ્રી કસ્તૂરભાઇએ ઘેર ઘેર ફરીને પોણા ત્રણ લાખ રૂપિયા ભેગા કર્યા. માણસો માટે પંજાબથી ચણા મેળવવાનું ને પશુઓ માટે વલસાડથી ઘાસ મેળવી આપવાનું કસ્તૂરભાઇએ માથે લીધું. એની વહેંચણીની એવી ગોઠવણ કરી કે માણસો અને પશુઓને ઘણી રાહત મળી. આ કામને લીધે ગાંધીજીને કસ્તૂરભાઇની કાર્યશક્તિ અને પ્રામાણિકતાનો ખ્યાલ આવ્યો; અને સરદારશ્રી સાથે તો મિત્રતાનો નાતો બંધાઇ ગયો. આ અંગે કસ્તૂરભાઇએ પોતે જ કહ્યું છે કે—

"દુષ્કાળ રાહતનાં કામો અંગે હું સરદાર વલ્લભભાઈ પટેલ પાસે દરરોજ જતો અને કામની વિગતો આપતો. તેથી તેમની સાથે મિત્રતા બંધાઇ, જે જિંદગી પર્યંત ટકી રહી જાહેર જીવનનો આ મારો પ્રથમ અનુભવ હતો, અને તેને સફળતા મળે તે માટે મેં મારાથી શક્ય તેટલાં બધાં જ સમય અને શક્તિ ખરચ્યાં મારી માન્યતા પ્રમાણે આ કાર્યે મારા ભાવી જીવનઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. કારણ કે ઘણી વાર તમે એવા માણસના સંપર્કમાં આવો છો કે જેઓ જવાબદારી સ્વીકારે પણ અદા કરવા તેમનાથી બનતું કરી છૂટે નહીં. અને પરિણામે જ્યારે બીજી તક ઊભી થાય ત્યારે તમે તેમની મદદ માગો નહીં."

દાદાસાહેબ ગણેશ વાસુદેવ માવળંકર સાથે ઘનિષ્ટ દોસ્તી બંધાઇ તેની શરૂઆત પણ આ વખતે જ થઇ.

**ગાંધીજીના ઉપવાસ :** સને ૧૯૧૭માં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો. તેથી મોટા ભાગના મજૂરો ગામડે ચાલ્યા ગયા અને મિલો ચલાવવા માટે મજૂરોની તંગી વરતાવા લાગી. પરિણામે પોતાની મિલો ચાલુ રાખવા માટે મિલમાલિકોમાં મજૂરોને વધારે પગાર આપવાની જાણે હરીફાઇ શરૂ થઇ : એક મિલ બીજી મિલના

કારીગરને વધારે પગાર આપીને ખેંચી જાય ! આને લીધે મજૂરોના પગારમાં ૯૦ ટકા જેટલો વધારો થઇ ગયો, જે પોસાય એમ ન હતો. પ્લેગ શમી ગયો અને સ્થિતિ બરોબર થઈ ગઇ એટલે મિલોએ વિચાર કરીને પ્લેગ પહેલાં જે પગાર હતો તેથી ૨૦ ટકા વધુ પગાર આપવાનું નક્કી કર્યું. ગાંધીજીને લાગ્યું કે આમાં મજૂરોને અન્યાય થાય છે. એમણે ૩૫ ટકા પગારવધારો આપવા કહ્યું. માલિકો એ માટે સંમત ન થયા ગાંધીજીએ મજૂરોને હડતાલ પાડવાની હાકલ કરી. હડતાલ એકાદ માસ તો ચાલી, પણ પછી પૈસાની તંગીથી પરેશાન થઇને કામે ચડવા લાગ્યા. હડતાલ તૂટી પડવાના સંજોગો જોઇને ગાંધીજીએ એને ટકાવી રાખવા ઉપવાસ આદર્યા એ વખતે એની બેસેન્ટ કોંગ્રેસનાં પ્રમુખ હતાં. અમદાવાદના મિલ-માલિકો ઉપર એમના તાર આવ્યો કે આવા નાના કામ માટે ગાંધીજીની જિંદગી જોખમમાં ન મુકાવી જોઇએ. શેઠ અંબાલાલ સારાભાઇ, શ્રી કસ્તૂરભાઇ અને ત્રીજા એક મિલમાલિક—એમ ત્રણ જણે ગાંધીજી પાસે જઇને કહ્યું આમાં અમારી જીત થઇ છે, અને મજૂરો કામે ચડી જવા લાગ્યા છે, પણ અમારે આપની જિંદગી હોડમાં મૂકવી નથી, માટે આપની માગણી અમે કબૂલ રાખીએ છીએ. ગાંધીજીએ કહ્યું : મારા દબાણથી તમે આ વાત સ્વીકારો એ મને મંજૂર નથી. આમાં તમે, આવી બાબતોના નિકાલ માટે, લવાદીનો સિદ્ધાંત સ્વીકારો; અને એ કહે તે આપણે બન્ને કબૂલ રાખીએ, એમ થવું જોઇએ. વિષ્ટિ માટે ગયેલા મિલમાલિકોએ એ વાત કબૂલ રાખી.

શ્રી આનંદશંકર ધ્રુવને લવાદ નીમવામાં આવ્યા. એમણે ફક્ત ચોવીસ કલાકમાં જ ફેંસલો આપ્યો કે મજૂરોને પહેલા દિવસે ૨૦ ટકાનો પગાર વધારો આપવો; બીજે દિવસે ૩૫ ટકાનો; અને ત્રીજા દિવસથી હમેશને માટે ૨૭½ ટકાનો. આ પ્રસંગ નિમિત્તે કસ્તૂરભાઇના ગાંધીજીના સંપર્કમાં આવવાનું બન્યું તે તો ખરું જ; પણ સાથે સાથે અર્થતંત્રને સુધારવા માટે ગમે તેમ કરીને ઔદ્યોગિક શાંતિને સાચવી રાખવાની અને મજૂરો સાથેનો સંઘર્ષ ટાળવાની કેટલી જરૂર છે, તેનો એક અમૂલ્ય પદાર્થપાઠ પણ મળ્યો. તેઓ પોતે જ કહે છે કે—

" હડતાલ અને લવાદમાંથી અમે જે એક પદાર્થ-પાઠ શીખ્યા તે એ કે મિલ બંધ કરવી તે નુકસાન-કારક જ છે. મહાત્માજી જોડે સમાધાન કરતી વખતે ઔદ્યોગિક શાંતિના ફળની અમને સંપૂર્ણ કલ્પના ન હતી "

મિલમાલીક તરીકે મજૂરો સાથે કેવી રીતે વર્તવું અને ઉદ્યોગમાં કેવી રીતે શાંતિ ટકાવી રાખવી, એ અંગે આ પ્રસંગે મળેલ પ્રત્યક્ષ અનુભવને શ્રી કસ્તૂરભાઇ આજ દિન સુધી અનુસરતા રહ્યા છે. આ પ્રસંગે શ્રી અંબાલાલ શેઠને કસ્તુર-ભાઇની કાર્યશક્તિનો ખ્યાલ આવવાથી એમણે તેઓની મિલ ઓનર્સ એસોસીએશનની કમીટીમાં નિમણુંક કરી.

**અશોક મીલની કહાણી** : રાયપુર મીલ તો નફો કરતી થઇ ગઇ હતી, અને એની ચિંતા હવે પજવતી ન હતી. એટલે કસ્તૂરભાઇની શક્તિ અને બુદ્ધિ નવા સાહસને માટે તલસી રહી એમણે થયું: વડીલોએ શરૂ કરેલી મિલને ચલાવી જાણી, એમાં શી શાબાશી ? કોઇ સ્વતંત્ર મિલ સ્થાપી અને ચલાવી જાણીએ તો કામ કર્યું કહેવાય ! અને એમણે, સને ૧૯૨૦માં, બાર લાખની મૂડીથી અશોક મિલ નામે નવી મિલ શરૂ કરવાનો નિર્ણય કર્યો. મુડી રોકનારાઓમાં કતૂરરભાઇની શાખ એવી હતી કે લોકો આગ્રહ કરી કરીને પૈસા આપી ગયા; તરત જ બાર લાખના બદલે ચોવીસ લાખ ભરાઇ ગયા ! કસ્તૂરભાઇએ નક્કી કર્યુ કે વગર માગ્યે આટલી મૂડી મળી છે, તો બમણી ઉત્પાદનશક્તિ-વાળી મિલ શરૂ કરવી. અને એ માટે ચાલીસ હજાર ત્રાકો અને એક હજાર શાળોનો વિલાયત ઓર્ડર આપ્યો. પણ એ જ વખતમાં રૂપિયાનું પાઉન્ડ સાથેનું હૂંડિયામણ એટલું ઘટી ગયું કે, ઓર્ડર મુકેલ યંત્રોના આશરે દોઢા રૂપિયા આપવા પડે ! આટલી બધી મુડી લાવવી ક્યાંથી ? પરિણામે મુકેલ ઓર્ડરમાંથી દસ હજાર ત્રાકો અને ચારસો શાળો કમી કરીને, જેમ તેમ કરીને મીલ ચાલુ કરી. પણ અણધાર્યા વધુ ખર્ચને કારણે મિલ મોટી આર્થિક ભીંસમાં મુકાઈ ગઇ, અને એના ૧૦૦)ના શેરના ભાવ ૪૦) જેટલા ઓછા થઇ ગયા. જેઓએ, પરાણે

પરાણે માંગીને, હોંશે હોંશે શેરો ખરીદ્યા હતા, તેઓમાં જાણે એક પ્રકારની ચિંતા અને શોકની લાગણી પ્રસરી ગઇ કે હવે આપણી મુડીનું શું થશે? અને લોકોમાં તો 'અશોકે શોકમાં નાખ્યા' એવી કહેવત પણ બોલાવા લાગી! વખત બહુ જ કટોકટીનો અને કસોટીનો હતો. જરાક ઉતાવળ કરી, હતાશ થયા કે હિંમત હાર્યા તો ઊગતી મિલને ફૂડચામાં જતાં અને ઊગતી કારકિર્દીને કલંક લાગતાં બચાવી શકાય એમ ન હતું. પણ કસ્તૂરભાઇએ ખૂબ ખંત, ધીરજ અને ઝીણવટભરી ગણતરીથી, જરાય હિંમત કે આશા ખોયા વગર, સ્વસ્થતાથી કામ લીધું સને ૧૯૨૩માં મિલ શરૂ થઇ ધીમે ધીમે ઉત્તમ ઉત્પાદન અને ઉત્તમ વહીવટથી એનો નફો એવો વધતો ગયો કે થોડાંક વર્ષમાં એણે શેરહોલ્ડરોની અડધી મુડી પાછી આપી દીધી. અત્યારે એની થાપણ સાઠ લાખથી વધુ છે! અને દેશની એ પ્રથમ પંક્તિની મિલ ગણાય છે. આ અંગે શ્રી કસ્તૂરભાઇ શેઠ કહે છે કે—

'મારી કારકિર્દીની શરૂઆતમાં જ મને આ કઠોર પદાર્થપાઠ મળ્યો તે એક રીતે ઘણું જ સારું થયું. અશોક મિલ્સ, જે ઘણા જ કટોકટીના સમયમાંથી પસાર થઇ, તે ન બન્યું હોત તો કદાચ હું ઘણો જ બેદરકાર રહ્યો હોત."

જાણે આ ત્રણ પ્રસંગોથી જીવનભર કામ લાગે એવી મહત્ત્વની સમજણ અને કાર્યપદ્ધતિ તેઓને મળી; અને એમના અંગત અને જાહેર કાર્યક્ષેત્રનો સને ૧૯૨૦ પછી ઉત્તરોત્તર વિકાસ થવા લાગ્યો.

## કાર્યક્ષેત્રનો વિસ્તાર

સને ૧૯૨૦માં રાયપુર મિલનો નફો હિંદુસ્તાનની બધી મિલો કરતાં વધારે થયો. એ જ વર્ષમાં મિલમજૂરોના પગારવધારાનો પ્રશ્ન ઊભો થતાં ગાંધીજી સાથે એ અંગે સમાધાન કર્યું. અને યુરોપની પહેલવહેલી મુસાફરી પણ આ વર્ષમાં જ કરી. મુસાફરીમાં કસ્તૂરભાઇની સાથે એમના નાનાભાઇ શ્રી નરોત્તમભાઇ હતા. મુસાફરી, ખરીદી અને પરદેશી નાણાના રોકાણમાં એક દ લાખ રૂપિયા ખરચ્યા! મજાની વાત એ થઇ કે એ વખતે જર્મન અને ફ્રેંચ હૂંડિયામણના દર ઘટી ગયા હતા. આગળ જતાં લાભ થશે, એમ સમજીને બને ચલણમાં થઇને પચાસ હજાર રૂપિયા રોક્યા!


શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ

ઉદ્યોગ અને દેશના લાભ માટે

પોતાની સેવાઓ વર્ષો સુધી

આપતા રહે એવી શુભેચ્છાઓ

પાઠવીએ છીએ.

શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લિ.

શીવરી ફોર્ટ રોડ, શીવરી, મુંબઈ નં. ૧૫

ચેરમેન : માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

વખત જતાં જર્મન ચલણમાં કરેલું રોકાણ ડૂબી ગયું; અને ફ્રેંચ ચલણમાં રોકેલી મૂડી પાછી મળી! પરદેશી ચલણમાં મૂડીના રોકાણ અંગે આ એક નવો અને ઉપયોગી અનુભવ મળ્યો. એની ફી પણ એવી જ સારી ચૂકવી હતી ને!

સને ૧૯૨૧માં સરદારશ્રી મ્યુનિસિપાલિટિના પ્રમુખ હતા તેમણે કસ્તૂરભાઇને એક પ્રાથમિક શાળા માટે દાન આપવા કહ્યું. તેઓએ પચાસ હજાર આપ્યા.

૧૯૨૧ના ડિસેમ્બરમાં અમદાવાદમાં કોંગ્રેસનું અધિવેશન ભરાયું. શ્રી મોતીલાલ નહેરુ કસ્તૂરભાઇના મહેમાન બન્યા હતા. આ પરિચય આગળ જતાં ગાઢ થયો અને ઉપયોગી નીવડ્યો. આ કોંગ્રેસ પછી કસ્તૂરભાઇની રાષ્ટ્રભાવના વધારે સબળ બની

**દિલ્લીની ધારાસભામાં :** તે વખતે દિલ્લીની ધારાસભામાં મુંબઇ અને અમદાવાદના મિલમાલિક મંડળના પ્રતિનિધિને વારાફરતી ત્રણ ત્રણ વર્ષ માટે લેવામાં આવતા. આ માટે તે તે મિલમાલિક મંડળે પોતાના પ્રતિનિધિની ચૂંટણી કરવાની રહેતી. સને ૧૯૨૩ થી ૧૯૨૬ને માટે અમદાવાદ મિલમાલિક મંડળનો વારો હતો. આ માટે સર્વાનુમતે કોઇ એક વ્યક્તિની પસંદગી ન થઇ શકી, એટલે ચૂંટણી અનિવાર્ય બની. સરદારશ્રીએ કસ્તૂરભાઇને ચૂંટણીમાં ઊભા રહેવા દબાણ કર્યું. કામ નવી જાતનું અને જવાબદારી ભરેલું હતું અને અનુભવ હતો નહીં. એમણે ના પાડી, પણ છેવટે સરદારશ્રીની વાત માનવી પડી. કસ્તૂરભાઇએ એક નિયમ કર્યો હતો કે સત્તા માટે પ્રયત્ન કરવો નહીં પણ સત્તા સામે ચાલીને આવે તો એની જવાબદારી લેતાં અચકાવું નહીં, અને એને માટે પૂરતો સમય આપવો, અને સભામાં વખતસર હાજર રહેવું. તેઓ ચૂંટણીમાં ઊભા રહ્યા રસાકસી બહુ હતી એ ત્રણ મત ફરી જાય તો પરિણામ ફરી જાય એવી સ્થિતિ હતી! એમાં એક નવી મુશ્કેલી આવી પડી. દિલ્હીની રાજસભાની ચૂંટણી પણ આ જ વખતે હતી, અને એમાં ગોરધનદાસ પટેલ અને નરશીદાસ જેકિશનદાસ, એ બે વચ્ચે હરીફાઈ હતી. કસ્તૂરભાઇએ નરશીદાસને મત આપવાનું વચન આપ્યું હતું સ્થિતિ એવી હતી કે ગોરધનદાસને મત ન આપે તો એની અસર પોતાની ચૂંટણી ઉપર પડે. એમના ઉપર ગોરધનદાસને મત આપવાનું દબાણ આવ્યું. કસ્તૂરભાઇએ કહ્યું: વચન આપ્યું તે પાળવું જ જોઇએ, ભલે પછી મારી ચૂંટણીનું પરિણામ ગમે તે આવે! છેવટે તેઓ પાંચ વધુ મતે ચૂંટાયા કામ નવું હતું, પણ મહેનત અને અભ્યાસની ટેવ હતી, અને ગમે તે વાતના હાર્દ સુધી પહોંચવાની બુદ્ધિ હતી. આ વખતે કોંગ્રેસની સ્વરાજ્ય પાર્ટીનું ધારાસભા ઉપર વર્ચસ્વ હતું, અને શ્રી મોતીલાલ નેહરુ એના મોવડી હતા. સ્વરાજ્ય પાર્ટીને પૈસાની જરૂર હતી તેથી મુંબઇ અને અમદાવાદના મિલમાલિકો પાસેથી પાંચ લાખ રૂપિયા ભેગા કરી આપ્યા. ધારાસભાને કારણે અનેક નેતાઓ સાથે સંપર્ક થયો, ષણમુખમ ચેટી સાથે મિત્રતા થઇ. ધારાસભામાં સૌથી મોટું અને મહત્ત્વનું કામ કસ્તૂરભાઇએ કાપડ ઉપરની ૩ા ટકાની આબકારી જકાત દૂર કરાવવાનું કર્યું. પોતાના મતદાર વિભાગની આ સેવાથી કસ્તૂરભાઇની ખૂબ પ્રશંસા થઇ, અને એમને પોતાને પણ કંઇક નક્કર કામ કર્યાનો સંતોષ થયો. મોતીલાલ નેહરુએ પ્રમાણપત્ર આપ્યું કે અમારી સ્વરાજ્ય પાર્ટીના કોંગ્રેસમેન કરતાં તમે વધારે સારા કોંગ્રેસમેન પુરવાર થયા છો!

૧૯૨૩માં અમદાવાદમાં ગાંધીજીનો પ્રસિદ્ધ કેસ ચાલ્યો. એ કેસમાં હાજર રહેવાનું કસ્તૂરભાઇને આમંત્રણ મળ્યું. ગાંધીજીને છ વર્ષની સજા થઈ. ગાંધીજીને જેલમાં લઇ ગયા તે અગાઉ એમની સાથે કસ્તૂરભાઇની મુલાકાત થઇ. ગાંધીજીએ સરદારશ્રીની પડખે રહેવાની સલાહ આપી. આ જ વર્ષમાં પગારવધારા માટે મજૂર હડતાળનો સામનો કર્યો.

બન્ને કાકાઓના વહીવટની સરસપુર મિલની સ્થિતિ ઉત્તરોત્તર બગડતી જતી હતી. સને ૧૯૨૩–૨૪માં તો એ મિલને ફડચામાં લઇ જવાની વાતો પણ થવા લાગી કુટુંબની પ્રતિષ્ઠા હોડમાં મુકાઇ! પણ એકાદ–બે લાખ રૂપિયા આપવાની પ્રતિષ્ઠા બચે એમ ન હતી. એ માટે તો કંઇક ધરમૂળનો ઉપાય થવો જરૂરી હતો. આ વર્ષો દરમ્યાન કસ્તૂરભાઇની પ્રામાણિકતા અને વહીવટી કુશળતાની ઘણી નામના થઇ હતી છેવટે શેરહોલ્ડરોએ ફડચામાં જતી

કાકાઓની મિલને બચાવવાનું કામ, અખતરારૂપે, ભત્રીજાને સોંપ્યું! કંઇક નવાઇ ઉપજાવે એવી આ ઘટના હતી. પણ એ અખતરો કસ્તૂરભાઇના બુદ્ધિબળથી સફળ થયો. બે-ત્રણ વર્ષમાં તો મરવા પડેલી મિલ નફો કરતી થઇ ગઇ. કસ્તૂરભાઇની પ્રતિષ્ઠામાં આથી ઘણો વધારો થયો : જ્યાં એમનો વહીવટ હોય ત્યાં નુકસાન થાય જ નહીં અને વળતર પૂરેપૂરું મળે, એવી લોકોની શ્રદ્ધા વધુ દૃઢ બની.

સને ૧૯૨૪ માં ગુરુદેવ ટાગોરને શાંતિનિકેતનને માટે અમદાવાદમાંથી લાખેક રૂપિયા ઉપરાંત ફંડ કરાવી આપ્યું હતું. એ જ રીતે આગળ ઉપર બનારસ હિંદુ યુનિવર્સિટીને પૈસાની જરૂર જણાતાં, બજારોમાં મોટી મંદીના વખતમાં પણ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને સવા લાખથી પણ વધુ ફંડ અમદાવાદમાંથી કરાવી આપ્યું હતું.

શ્રી કસ્તૂરભાઇ શેઠે પોતા તરફથી જેમ મોટી મોટી સખાવતો કરી છે, તેમ જનતા પાસેથી પણ કરોડો રૂપિયાનાં દાન જાહેરકામો માટે સહેલાઇથી મેળવ્યાં છે. દાન મેળવવાની જાણે એમને મોટી ફાવટ છે. અને એ તેઓની એક આદર્શ મહાજન તરીકે સૌકોઇનું સારું કરવામાં સાથ આપવા–અપાવવાની કલ્યાણબુદ્ધિનું જ પરિણામ છે. તેઓ માને છે કે कर भला, होगा भला-બીજાનું ભલું કરો તો તમારું ભલું થયા વગર ન રહે–એ વાત બિલકુલ સાચી છે; અને એને અનુસરવાનો તેઓ હમેશાં પ્રયત્ન કરે છે. न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात ! गच्छति એ ગીતાવચનનો આ જ સાર છે.

આવી કલ્યાણકારીબુદ્ધિ અને કાર્યશક્તિથી પ્રેરાઇને કસ્તૂરભાઇ શેઠે ઔદ્યોગિક, રાષ્ટ્રીય અને વિદ્યાપ્રસારના ક્ષેત્રે જે વિશિષ્ટ સેવાઓ આપી છે, તેની વિગતો આપવાનું આગળ ઉપર રાખીને તેઓની જૈન સંઘની ભક્તિ અને દીર્ઘદૃષ્ટિ ભરેલી સેવાઓનું સુભગ દર્શન કરીએ.

## જૈન સંઘની સેવાઓ

**પેઢીના પ્રમુખ :** જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પ્રતિનિધિ સંસ્થા તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તીર્થસ્થાનો અને જિનમંદિરોની સાચવણી અને એના અધિકારોની રક્ષા એ એનું કાર્ય. એના પ્રમુખની જવાબદારી પણ મોટી અને શ્રીસંઘમાં એની પ્રતિષ્ઠા પણ મોટી સને ૧૯૨૬માં પેઢીના વહીવટમાં કેટલીક મુશ્કેલી ઊભી થઇ હતી, અને બીજી બાજુ શ્રી શત્રુંજય તીર્થના રખોપા માટે પાલીતાણા રાજ્યને વાર્ષિક પંદર હજાર રૂપિયા આપવામાં આવતા હતા તે કરાર પણ આ વર્ષમાં જ પૂરો થતો હતો. એટલે પાલીતાણાના દરબાર સાથે નવી સમજૂતી કરવાનો સવાલ પણ ઠીક ઠીક ઉગ્ર અને અટપટો બન્યો હતો. પરિસ્થિતિ જાણે કોઇ સમર્થ સુકાનીની અપેક્ષા રાખતી હતી, જે શાણપણ, ધીરજ અને દૂરદેશીથી કામ લઇને સંઘને મૂંઝવતા પ્રશ્નોનો સુખદ ઉકેલ લાવી શકે.

આવા કટોકટીના વખતમાં, સને ૧૯૨૬માં, શેઠશ્રી કસ્તૂરભાઇની પેઢીના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી આ અંગે નોંધપાત્ર વાત એ હતી કે તેઓને અત્યાર સુધીમાં પેઢીના વહીવટદાર પ્રતિનિધિ તરીકે કામ કરવાની અને એના પ્રશ્નો ઊંડાણથી સમજવાની કોઇ તક નહોતી મળી અને એકાએક પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. પણ અંતરમાં ધર્મની દાઝ હતી, ધર્મભાવનાનો પૂર્વજોનો વારસો હતો અને જવાબદારી પૂરી કરવાની તમન્ના અને સૂઝ હતી, એટલે જેટલા ઉત્સાહથી તેઓ સામે ચાલીને આવેલા રાષ્ટ્રીય કે બીજાં સત્તાસ્થાનોનો સ્વીકાર કરતા હતા, એટલા ઉત્સાહથી તેઓએ ધર્મ, સંઘ અને તીર્થની ભક્તિ કરવાના આ ધન્ય અવસરને વધાવી લીધો કસ્તૂરભાઇના વિસ્તરતા જતા કાર્યક્ષેત્રમ ધર્મક્ષેત્રનો ઉમેરો થયો. સને ૧૯૨૬થી તે અત્યાર સુધી ૪૪ વર્ષ જેટલા સુદીર્ઘ સમય લગી તેઓએ પોતાની આ જવાબદારીને કેટલી ધગશ, નિષ્ઠા અને ભક્તિથી પૂરી કરી છે, અને અત્યારે ૭૬ વર્ષની ઉંમરે પણ કેટલી સ્ફૂર્તિ અને સફળતાથી તેઓ આ જવાબદારી સંભાળી રહ્યા છે, તેનો ગૌરવભર્યો ઇતિહાસ આપણી નજર સામે છે.

પેઢીનો કારોબાર કોઇ રજવાડાના કારોબાર જેવો મોટો છે. એને સારી રીતે ચલાવવા માટે પૂરી તકેદારી રાખવાની, તંદુરસ્ત પ્રણાલિકાઓ સ્થાપવાની અને સમયની જરૂરીયાત મુજબ એમાં ફેરફાર કરતાં

રહેવાની જરૂર રહે છે. પેઢીના પ્રમુખ બન્યા પછી કસ્તૂરભાઈએ સૌથી પહેલું કામ પેઢીનો આંતરિક વહીવટ સુધારવાનું કર્યું. એના વહીવટમાં ક્યાંય અવ્યવસ્થા ન રહે અને પૈસાની બાબતમાં કોઈને આંગળી ચીંધવાપણું ન રહે એ રીતે વ્યવસ્થાતંત્રમાં ફેરફાર કર્યો. અત્યાર સુધી હિસાબ તપાસણીનું કામ ઓનરરી મેમ્બર કરતા હતા, તેને બદલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને એ કામ સોંપવામાં આવ્યું. બજેટ તૈયાર કરવાની અને જીર્ણોદ્ધારનાં કામોના ખર્ચનો અંદાજ નક્કી કરવાની પ્રથા શરૂ કરી; અને ટ્રસ્ટના વહીવટદાર પ્રતિનિધિઓની સભા નિશ્ચિત સમયને અંતરે નિયમિત મળતી રહે, એવો શિરસ્તો દાખલ કર્યો. આને લીધે પેઢીનો વહીવટ સરળ અને વ્યવસ્થિત બન્યો અને તીર્થોના કે જિન મંદિરોના પ્રશ્નોનો નિકાલ વખતસર થવા લાગ્યો.

**શત્રુંજયના પ્રશ્નો**: કસ્તૂરભાઈ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ બન્યા ત્યારે સૌથી ઉગ્ર પ્રશ્ન હતો પાલીતાણા રાજ્યને આપવાના યાત્રાવેરાની રકમ નક્કી કરવાનો. સને ૧૮૮૬માં પાલીતાણા રાજ્ય સાથે ૪૦ વર્ષનો કરાર કર્યો હતો. એ મુજબ એ રાજ્યને તીર્થ અને યાત્રિકોના જાનમાલની સાચવણીના બદલામાં વાર્ષિક પંદર હજાર રૂપિયા આપવામાં આવતા હતા. એ કરાર ૧૯૨૬માં પૂરો થતો હતો અને નવા કરાર માટે પાલીતાણા દરબાર વાર્ષિક દોઢ લાખ રૂપિયા જેવી દસ ગણી રકમ માગતા હતા! આથી શ્રીસંઘમાં તીવ્ર અસંતોષ અને રોષની લાગણી જાગી હતી. આપણા દેશની બ્રિટીશ હકૂમતને આમાં દરમ્યાનગીરી કરવાનું કહેવામાં આવતાં એના પ્રતિનિધિ શ્રી વોટસને એક લાખ રૂપિયનો ફેંસલો આપ્યો હતો. જૈન સંઘે એનો અન્યાયી ફેંસલા તરીકે અસ્વીકાર કર્યો. એ સમય અસહકાર અને સત્યાગ્રહના અહિંસક અને શાંત પ્રતિકારનો મહાત્મા ગાંધીજીનો હતો; અને વાતાવરણમાં એની અસર સ્પષ્ટ વરતાતી હતી. ગાંધીજીના સંપર્ક અને વિશાળ દૃષ્ટિને કારણે કસ્તૂરભાઈ શેઠ અહિંસક પ્રતિકારની શક્તિને પિછાનતા હતા. તેઓએ પોતાના સાથીઓ અને જૈન સંઘના અગ્રણીઓને વિશ્વાસમાં લીધા. અને બધાએ મળીને, જ્યાં સુધી પાલીતાણાના દરબાર સંતોષકારક સમાધાન માટે તૈયાર ન થાય ત્યાં સુધી, શત્રુંજયની યાત્રા બંધ કરવાની જૈન સંઘને હાકલ કરી. ઘણાંય ભાવિક ભાઈઓ-બહેનોને વસમી લાગે એવી એ હાકલ હતી, પણ એમાં અન્યાયના પ્રતિકારનો અને તીર્થરક્ષાનો ટંકાર હતો. આખા સંઘે એ હાકલને માથે ચડાવી. એકાદ વર્ષ સુધી આ શાંત અસહકાર ચાલતો રહ્યો. છેવટે તે વખતના વાઈસરોય લોર્ડ રીડીંગની દરમ્યાનગીરીથી વાર્ષિક સાઠ હજારથી સુખદ સમાધાન થયું. સમાધાન થયું એટલે રખોપાની સાઠ હજારની રકમ નિયમિત આપી શકાય એવી કાયમી વ્યવસ્થા થવી જરૂરી હતી. તરત જ એ માટે દસેક લાખનું ફંડ કરી લેવામાં આવ્યું.

આ સમાધાન પછી પણ શ્રી કસ્તૂરભાઈના મનને નિરાંત ન હતી. વળી પાછો ભવિષ્યમાં આ પ્રશ્ન જૈન સંઘને નહીં પજવે એની શી ખાતરી? એમને તો થતું કે તીર્થસ્થાન ઉપર યાત્રાવેરો કેવો? તીર્થયાત્રા તો કરવેરાથી સદંતર મુક્ત જ હોવી ઘટે. એટલે તેઓ આ અનિષ્ટનો કાયમી નિકાલ થાય, એમ ઇચ્છતા હતા પણ આમાં ઉતાવળ કરવાથી ચાલે એમ ન હતું; ધીરજપૂર્વક યોગ્ય અવસરની રાહ જોયા સિવાય બીજો ઇલાજ ન હતો. બે દાયકા સુધી કસ્તૂરભાઈ શેઠ ચૂપચાપ રાહ જોતા રહ્યા. અને આવી અનુકૂળતા દેખાઈ કે તરત જ એમણે એ માટે પ્રયત્ન શરૂ કર્યો. સને ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. યાત્રાકર જેવા અન્યાયી કરોને દૂર કરવા માટે વાતાવરણ ઘણું અનુકૂળ હતું. વાત વાજબી હતી અને સરકારમાં વગ પણ સારી હતી; વળી સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ રાષ્ટ્રપુરુષની હૂંફ હતી. થોડાક વખતમાં જ શત્રુંજયની યાત્રા કરમુક્ત બની; સાથે સાથે ગિરનારતીર્થને લગતાં કેટલાક મૂંઝવતા પ્રશ્નોનો પણ સંતોષકારક નિકાલ થયો. સંઘમાં આનંદ-આનંદ પ્રવર્તી રહ્યો. શ્રી કસ્તૂરભાઈ તરફની સંઘની ચાહના ખૂબ વધી ગઈ. શ્રીસંઘે તેઓને તા. ૩૦-૮-૧૯૪૯ના રોજ સન્માનપત્ર અર્પણ કરીને પોતાની કૃતજ્ઞતા, હર્ષ અને આદરની લાગણી પ્રદર્શિત કરી.

યાત્રિકો આ ગિરિતીર્થની યાત્રા સુખપૂર્વક કરી શકે એ માટે થોડાક વર્ષ પહેલાં ગિરિરાજ શત્રુંજય ઉપર પગથિયાં કરવામાં આવ્યા છે, એમાં પણ કસ્તૂરભાઇની નજર દેખાઇ આવ્યા વગર રહેતી નથી.

અને છેલ્લાં ૧૦-૧૨ વર્ષ દરમ્યાન મંદિરોના નગર સમા આ તીર્થની શોભામાં, કળાસમૃદ્ધિમાં અને સ્વચ્છતા-સુઘડતામાં જે વધારો થયો છે, એ જોઇને તો એના માર્ગદર્શક પ્રત્યેની પ્રશંસાની લાગણીથી અંતર ગદ્‌ગદ બની જાય છે. દાદાના દરબારની પાંચ પોળોના પાંચ જૂના પ્રવેશદ્વારોને સ્થાને ઉભા કરવામાં આવેલા ભવ્ય, મનોહર અને કળામય દરવાજા જાણે યાત્રિકોના મનને વશ કરી લે છે. પહેલી પોળમાં પેસતાં જીર્ણ થયેલી નાની નાની ઓરડીઓ અને ડોળીવાળાઓ અને ઉચકણિયાંના આરામને માટે ઉપયોગમાં લેવામાં આવતા વચલા વિશાળ ચોકમાં અસુઘડતા અને અસ્વચ્છતા પ્રસરી રહેતી. આજે ત્યાં અસ્વચ્છતા કરનારને આપમેળે જ શરમ-સંકોચ થાય એવી ચોખ્ખાઈ પ્રવર્તે છે. સુસંસ્કારી નજર અને સૂઝનું જ આ પરિણામ છે.

અને દાદાના મુખ્ય દેરાસરની કળાને ઢાંકી દેતી સંખ્યાબંધ દેરીઓને દૂર કરીને મુખ્ય મંદિરના રૂપકામને જે રીતે પ્રગટ કરવામાં આવ્યું છે, અને મંદિરની મનોહરતાનું મન ભરીને નિરીક્ષણ કરવાની જે મોકળાશ કરી આપવામાં આવી છે, તે તો જાણે શ્રી કસ્તૂરભાઇની અંતઃપ્રેરણાનું જ પરિણામ હોય એમ લાગે છે. દેરીઓમાં પધરાવેલાં સેંકડો પ્રતિમાઓનું ઉત્થાપન કરીને દેરીઓને દૂર કરવાનું કામ બહુ જ મુશ્કેલ હતું. એ શરૂ થયું ત્યારે એની સામે નારાજી પણ ઠીક ઠીક પ્રગટી હતી. પણ શ્રી કસ્તૂરભાઇનું દર્શન સ્પષ્ટ હતું; તેઓ વિચલિત ન થતાં દૃઢ રહ્યા; એમના સાથીઓએ પણ એવી જ શાણપણભરેલી શાંત હિંમતથી અને કુનેહથી કામ લીધું. આજે આખું દૃશ્ય બદલાઇને સુરમ્ય બની ગયું છે! જેઓને આ કામ તરફ કંઇક નારાજી હતી, તેઓ પણ આજે એની મુક્ત મને પ્રશંસા કરે છે.

શત્રુંજય તીર્થની શોભાની સાથે સાથે એની આસપાસનું વાતાવરણ પણ શોભાભર્યું રહે, એ દૃષ્ટિએ તલાટીમાં જ્યાં જાત્રાળુઓને ભાતું આપવામાં આવે છે, એ સ્થાન પણ નવા રૂપ-રંગ પામી રહ્યું છે. અને એની સામે મ્યુઝિયમની નાની સરખી રૂપકડી ઈમારત તૈયાર થઈ છે. પંદરેક વર્ષ પહેલાં ભગવાન ઋષભદેવના જીવનનું દર્શન કરાવતાં છ મોટાં મોટાં સુંદર ચિત્રો, શ્રીમતી બહેન ટાગોર પાસે, ૩૦-૩૫ હજાર જેટલું ખર્ચ કરીને, તૈયાર કરાવવામાં આવ્યા છે, તે પણ આ તીર્થની શોભા વધારવાની દૃષ્ટિએ જ. આ મ્યુઝિયમ આ ચિત્રો તથા પુરાતત્ત્વની સામગ્રી માટે બનાવવામાં આવ્યું છે.

આ રીતે શ્રી કસ્તૂરભાઇ શેઠના કાર્યકાળમાં શત્રુંજય તીર્થના અને એના હક્કોના રક્ષણની, યાત્રાકરની મુક્તિની અને એના જીર્ણોદ્ધારની જે ઘટનાઓ બની તે યાદગાર અને પ્રેરણરૂપ બની રહે એવી છે અને આ તીર્થમાં જે ફેરફાર થયો એને તો જીર્ણોદ્ધાર નહીં પણ પ્રાચીનની શોભા વધારે એવું અભિનવ કલાસંવિધાન જ કહેવું જોઇએ. [પ્રાચીન તીર્થધામને શોભાયમાન બનાવવાની કળાની દૃષ્ટિએ શત્રુંજય તીર્થનું આ કાર્ય એક ઉત્તમ દાખલારૂપ બની રહે એવું છે કસ્તૂરભાઈ શેઠની કલાસૂઝ અને જીર્ણોદ્ધારની નિપુણતાનાં અહીં પણ દર્શન થાય છે.

અન્ય તીર્થોના જીર્ણોદ્ધારની તેમ જ જૈન સંઘના ઉત્કર્ષ માટેની શ્રી કસ્તૂરભાઇની બીજી કાર્યવાહીનો નિર્દેશ કરતાં પહેલાં જૈન સમાજની તેમની સૌથી પહેલી જાહેર સેવાની જે માહિતી મળે છે, તેનો ઉલ્લેખ અહીં જ કરી દેવો ઉચિત છે.

**કોન્ફરન્સ સાથે સંબંધ :** વખત જતાં કોન્ફરન્સના સમાજસેવાના કાર્યમાં ઢીલાશ અને કાર્યવાહકોનાં મનનાં કંઇક ઉદાસીનતા આવી હતી.] આમાંથી બહાર નીકળવા માટે વિચારકોનું સમ્મેલન (કન્વેન્શન) બોલાવવાનું અને એનું પ્રમુખપદ શ્રી કસ્તુરભાઇને આપવાનું નક્કી કરવામાં આવ્યું. આ અંગે સ્વ. મારા મિત્ર શ્રી નાગકુમારભાઇ મકાતીએ લખેલ કોન્ફરન્સના ઇતિહાસ (પૃ ૩૨-૩૩) માં લખ્યું છે કે-

"આ ચિંતાજનક મામલામાંથી તોડ કાઢવા કાર્યકર્તાઓએ વિચારકોનું એક સમ્મેલન બોલાવવા

નિર્ધાર કર્યો. આ કટોકટીના પ્રસંગમાંથી પાર ઉતારે તેવા નાવિકો પણ જોઇએ. શેઠ દેવકરણ મૂળજીને સ્વાગતપ્રમુખ બનાવ્યા. પ્રમુખપદ માટે સૌની નજર જૈન સમાજના સર્વમાન્ય નેતા અને બાહોશ સુકાની શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ તરફ ગઇ. તેમના પિતા અમદાવાદ નિવાસી લાલભાઇએ ચીફ સેક્રેટરી તરીકે વર્ષો સુધી જે સંસ્થાની સેવા કરી, તેમના સુપુત્ર સંસ્થાની કટોકટીને ટાણે મદદે ન આવે એ બને જ કેમ? તેમના નેતૃત્વ નીચે સં. ૧૯૮૧ના ચૈત્ર વદ ૨–૩, તા. ૧૧–૧૨ એપ્રિલ ૧૯૨૫ના દિવસોમાં, મુંબઈ ખાતે કન્વેન્શન–વિચારસંમેલન યોજવામાં આવ્યું...સૌએ પરામર્શ કરી નક્કી કર્યું કે કોન્ફરન્સ જીવવી જ જોઇએ. શેઠ કસ્તૂરભાઇએ પ્રમુખસ્થાનેથી બોલતાં ભારપૂર્વક કહ્યું કે 'કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજૂ કરી, તેને વ્યવહારુ રૂપમાં મૂકવા કોન્ફરન્સની ખાસ જરૂર છે.' જાણે કોન્ફરન્સને આશીર્વાદ આપવા જ ન આવ્યા હોય, એમ આ કન્વેન્શનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં પગલાં પણ થયાં હતાં."

જે કંઇ માહિતી મળી છે તે અનુસાર જૈન સમાજના જાહેર જીવનમાં શ્રી કસ્તૂરભાઇનો આ પહેલો પ્રવેશ હતો.

કોન્ફરન્સના જુન્નેર અધિવેશન પછી જૂના અને નવા વિચારવાળાઓ વચ્ચે જે મડાગાંઠ પડી હતી તે દૂર કરવા માટે કેટલીક ભૂમિકા તૈયાર કર્યા પછી, આજથી ૩૦ વર્ષ પહેલાં, વિ. સં. ૨૦૦૬માં, પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સાંનિધ્યમાં, શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદે કોન્ફરન્સનું ૧૭મું અધિવેશન ફાલનામાં મળ્યું હતું. તેનું ઉદ્‌ઘાટન શેઠશ્રી કસ્તૂરભાઇએ કર્યું હતું. ફાલનાના અધિવેશનમાં પ્રગટેલ ઉત્સાહનો લાભ લઈ કોન્ફરન્સને વધુ સક્રિય બનાવવા માટે બીજે જ વર્ષે ૧૮મું અધિવેશન, જૂનાગઢમાં શેઠશ્રી કાંતિલાલ ઈશ્વરલાલના જ પ્રમુખપદે મળ્યું, તેનું ઉદ્‌ઘાટન પણ શ્રી કસ્તૂરભાઇએ જ કર્યું હતું.

આ રીતે કોન્ફરન્સને કસ્તૂરભાઇની સલાહ–સૂચનાનો અવારનવાર પ્રસંગ મળતો રહ્યો છે અને છતાં સમાજ–ઉત્કર્ષના કાર્યમાં કોન્ફરન્સે વિશેષ સક્રિય થવાનું હજી બાકી જ છે.

હવે જીર્ણોદ્ધારો અને બીજાં સંઘકાર્યોની વાત કરીએ.

**રાણકપુરનો જીર્ણોદ્ધાર:** રાણકપુર તીર્થ ટેકરીઓથી ઘેરાયેલા વેરાન વગડામાં બિસ્માર હાલતમાં હતું. ત્યાં પહોંચવા માટે સરખો માર્ગ પણ ન હતો, અને જાત્રાળુઓની અવરજવર પણ ઓછી હતી. કસ્તૂરભાઇનું મન વેદના અનુભવી રહ્યું: કળાના મંદિર સમું દેવવિમાન જેવું કેવું ભવ્ય અને જાજરમાન જિનમંદિર! અને એની કેવી સ્થિતિ! એનો જીર્ણોદ્ધાર એની ભવ્યતા અને પ્રાચીનતાને અનુરૂપ થવો જોઇએ. આ માટે સને ૧૯૩૩માં કસ્તૂરભાઇ રાણકપુર પહોંચ્યા; સાથે ભારતીય પુરાતત્ત્વના અભ્યાસી અંગ્રેજ સદ્‌ગૃહસ્થ શ્રી બેટલીને અને બે મિસ્ત્રીઓને લેતા ગયા. ચાર દિવસ ત્યાં રોકાઇને જીર્ણોદ્ધારની યોજના નક્કી કરી. કામ એવું કરવાનું હતું કે જૂની કોરણીનો જે ભાગ ખંડિત થયો હતો તે જૂનાની સાથે બંધ બેસે એ રીતે પૂરો કરવો; પથ્થર પણ એવો જ પસંદ કરવો. બધી તૈયારી કરીને જીર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું. છ મહિના સુધી ચાલેલું કામ સંતોષકારક ન લાગતાં તે રદ કર્યું! વર્ષોની કામગીરી પછી જીર્ણોદ્ધાર પૂરો થયો ત્યારે એ મંદિર નવાં રૂપ–રંગ ધારણ કરી રહ્યું. એ જોઇને શ્રી શ્રી બેટલીએ કસ્તૂરભાઇને લખ્યું કે બીજા કોઇથી આ કામ આવી રીતે થઈ ન શકત. જીર્ણોદ્ધાર પછી ત્યાં ધર્મશાળા, બગીચો વગેરેની સગવડ પણ કરવામાં આવી, અને સ્વચ્છતા ઉપર પણ પૂરું ધ્યાન આપવામાં આવ્યું. ત્યાંનું કામ જોઇને મારવાડના એક ભાઇને ત્યાં ધર્મશાળા કરાવવાની ભાવના થઇ; એ માટે એમણે પચાસ હજાર રૂપિયા આપવા કહ્યું. એમની માગણી દેરાસરની સામે ધર્મશાળા કરવાની હતી. કસ્તૂરભાઇએ એની સ્પષ્ટ ના કહી. મંદિર અને એની આસપાસની સુંદરતામાં જરાય હરકત આવે એ એમને મંજૂર ન હતું. આ જીર્ણોદ્ધારથી જીર્ણોદ્ધારની નવી દિશા અને સૂઝ પ્રગટી. મંદિરના જીર્ણોદ્ધાર સાથે જાણે યાત્રાનો પણ ઉદ્ધાર થયો!

આજે જૈન–જૈનેતર હજારો યાત્રિકો રાણકપુર જાય છે અને મંદિરનો કળાવૈભવ જોઇને પ્રસન્નતા અનુભવે છે.

**આબૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર:** આબૂતીર્થનો વહીવટ સિરોહીની પેઢી કરે છે, પણ આવા વિશ્વવિખ્યાત કળાધામની સાચવણી તો ગમે તે રીતે થવી જ જોઇએ. શ્રી કસ્તૂરભાઇ શેઠની ઔદાર્યભરી ભલામણથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ સને ૧૯૪૬–૪૭માં એના જીર્ણોદ્ધારનો નિર્ણય કર્યો. આમાં પહેલી જરૂર હતી એ મંદિરમાં વપરાયેલ કુળનો જ આરસ મેળવવાની. એ માટે છ મહિના સુધી નિષ્ણાતો મારફત તપાસ કરાવી. છેવટે દાંતા રાજ્યની અંબાજી–કુંભારિયાજીની ટેકરીમાંથી એ ખાણ મળી આવી; પણ દાંતા રાજ્યે એ પથ્થર લેવાની અનુમતિ ન આપી! એવામાં સ્વરાજ્ય આવ્યું. કસ્તૂરભાઇ શેઠની વગથી એ કામ પત્યું. જીર્ણોદ્ધારના ખર્ચનો અંદાજ તેવીસ લાખનો હતો; થોડુંક કામ કરતાં લાગ્યું કે ખર્ચ ચારગણો થશે! કસ્તૂરભાઇએ કામની વિગતો તપાસીને માત્ર જૂના કામમાં જે ભાંગતોડ થઇ હોય તે પૂરું કરવાનો જ આગ્રહ રાખ્યો; જીર્ણોદ્ધાર ચૌદેક વર્ષને અંતે ૧૪ લાખમાં પૂરો થયો!

**કુંભારિયા, ગિરનાર, તારંગાના જીર્ણોદ્ધાર:** કુંભારિયાનાં પાંચે જિનાલયોનો જીર્ણોદ્ધાર પણ એમની કળા અને સુંદરતાને સુરક્ષિત બનાવે એવો થયો છે. એ જ રીતે ગિરનારના મુખ્ય મંદિરને સુરક્ષિત બનાવી લેવામાં આવ્યું છે. અને તારંગા તીર્થનો જીર્ણોદ્ધાર તો વળી કોઇ અનોખી ઢબનો થયો છે. આમ તો એ મંદિરમાં એવી કોઇ મોટી તોડફોડ નહોતી થઇ કે જેનો જીર્ણોદ્ધાર કરવો પડે. પણ સૈકાઓથી થતા રહેલા નાનામોટા સમારકામ અને રંગકામને લીધે સાવ ઢંકાઇ ગયેલું મંદિરનું કળામય સમૃદ્ધ રૂપકામ જાણે મૂંઝાઇને પ્રગટ થવા તલસતું હતું! કસ્તૂરભાઈનું ધ્યાન એ તરફ ગયું; અખતરારૂપે થોડાક રૂપકામ ઉપરનાં પડ–પોપડાં દૂર કરાવીને જોયું તો અંદર જાણે કળાનો ભંડાર છુપાયો હતો! તરત જ એ કામ હાથ ધરવાનો અને એ માટે પૂરતું ખર્ચ કરવાનો નિર્ણય થયો. જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ રૂપકામના નવા નવા કળામય નમૂનાઓ છતા થતા ગયા. અત્યારે પણ એ તીર્થના જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે. તારંગાતીર્થ અંગે સને ૧૯૨૮ માં દિગંબરો સાથે સમાધાન કર્યું હતું.

જ્યાં પણ નવું બાંધકામ થતું હોય કે પ્રાચીન ઇમારતનો જીર્ણોદ્ધાર થતો હોય, ત્યાં કસ્તૂરભાઇ અવારનવાર જઇને જાતે નિરીક્ષણ કરે છે, અને સ્થાપત્ય અંગેની પોતાની વિશિષ્ટ સમજ અને સૂઝથી જરૂરી સૂચનાઓ આપે છે. આ બાબતમાં તેઓએ એવો નિયમ રાખ્યો છે કે સામાન્ય રીતે નવાં જિનમંદિરોમાં જરૂર પૂરતું જ ખર્ચ કરવું; અને જીર્ણોદ્ધારના કામમાં જરૂરિયાત મુજબ ખર્ચ કરવામાં સંકોચ ન કરવો.

**સાધર્મિક ભક્તિ:** સને ૧૯૩૧ કે ૩૨ની વાત છે. શત્રુંજયના દાદાના દેરાસરની ૪૦૦મી વર્ષગાંઠ હતી. પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે એ નિમિત્તે અમદાવાદમાં નવકારશી કરવાની પ્રેરણા આપી. એ માટે શહેરના શેઠિયાઓ તેઓની પાસે ભેગા થયા. બધાને એ વાત બરાબર લાગી. એ વખતે કસ્તૂરભાઇને બોલાવીને એ વાત કરી. કસ્તૂરભાઇએ કહ્યું: આ રીતે ૨૫–૩૦ હજાર ખરચી નાખવાને બદલે સાધર્મિકોની ભક્તિમાં, એમને મદદ કરવામાં વાપરવા જોઇએ. હું નવકારશીના બદલે સાધર્મિકોની ભક્તિમાં બે હજાર રૂપિયા ખરચીશ.

**તિથિચર્ચા:** વિ. સં. ૧૯૯૦ના પ્રથમ મુનિસમ્મેલન પછી તપગચ્છ સંઘમાં પર્વતિથિની ચર્ચા નિમિત્તે મોટો મતભેદ અને કલેશ ઊભો થયો હતો. શેઠશ્રીએ મધ્યસ્થી દ્વારા આ ઝઘડાનો નિકાલ લાવી શ્રીસંઘમાં એખલાસ સ્થાપવા દિલ દઇને પ્રયત્ન કર્યો. શ્રીસંઘ સમ્મેલન વખતે સને ૧૯૬ માં પણ આ માટે ફરીવાર પ્રયત્ન કરેલો. પણ સંઘમાં પ્રવર્તતી એકાંત આગ્રહની વૃત્તિએ એને સફળ થવા ન દીધો!

**ટ્રસ્ટ એકટ:** ધર્માદા નાણાંની સાચવણી અને વ્યવસ્થા માટે ઘડાયેલ મુંબઇ સરકારના ચેરિટેબલ ટ્રસ્ટ એકટને શ્રી કસ્તૂરભાઇએ સૌથી પહેલાં વધાવી લીધો હતો! સ્વચ્છ વહીવટનો એમનો

આગ્રહ આમાં પણ પ્રતિબિંબિત થાય છે. ધર્માદા ટ્રસ્ટોના વહીવટની તપાસ માટે સરકારે નીમેલ તેંડુલકર સમિતિ તથા સર. સી. પી. રામસ્વામી આયર સમિતિ સમક્ષ જૈન ટ્રસ્ટોના વહીવટ અને એનાં નાણાંના ઉપયોગ અંગે તેઓએ ખૂબ ઉપયોગી જુબાની આપી હતી.

**હરિજન મંદિર પ્રવેશ :** સ્વરાજ્ય પછી અને તે પહેલાં પણ હરિજનોને મંદિરમાં આવવા દેવા અંગે ઠીક ઠીક હિલચાલ ચાલુ હતી. પછી તો એ અંગેનો ધારો જ ઘડાયો. આ બાબતમાં જૈન સંઘે શું કરવું ઘટે એ અંગે સારી એવી મૂંઝવણ પ્રવર્તતી હતી. પણ કસ્તૂરભાઇના મનમાં એ અંગે કોઇ દુવિધા ન હતી. તેઓ માને છે કે આવી અટકાયત કરવી બરાબર નથી એમણે હિંમત અને સમજણપૂર્વક માર્ગદર્શન આપ્યું. પરિણામે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ જાહેર કર્યું કે જૈન રિવાજ મુજબ સ્વચ્છ થઇને આવનાર હરકોઈ માણસ મંદિરમાં આવી શકે છે. આવી જાહેરાત કરવી–કરાવવી એ કસ્તૂરભાઇની હિંમત, શક્તિ અને દીર્ઘદૃષ્ટિનું જ પરિણામ લેખી શકાય.

**સાધ્વીઓના વિકાસની લાગણી :** સાધ્વી-સંઘના વિકાસ માટે, એમના અધ્યયન અંગે તેમ જ તેઓ પાટ ઉપર બેસીને શ્રાવકસમુદાય સમક્ષ વ્યાખ્યાન આપી શકે કે કેમ, એ અંગે સાધ્વી-સમુદાયને કેટલી છૂટ આપવી એ સંબંધી આપણા મોટા ભાગના સાધુસમુદાયમાં, આજે પણ, ઠીક ઠીક સંકુચિતતા પ્રવર્તે છે. શ્રી કસ્તૂરભાઇ આવા વાતો કે ચર્ચાથી દૂર રહીને આમાં અત્યારના યુગમાં શું થવું જોઇએ તે પોતાના વર્તનથી જ સમજાવી દે છે. મુંબઇમાં પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના વ્યાખ્યાનમાં અને અમદાવાદમાં, જૈનસંઘના નિષ્ઠાવાન, અનાસક્ત અને મૂકઅગ્રણી શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઇ ઝવેરી વગેરેની સાથે, પૂજ્ય સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીના વ્યાખ્યાનમાં હાજરી આપીને તેઓએ પોતાના મનનું વલણ, વગર બોલ્યે, સમજાવી દીધું હતું. એટલું જ નહીં, ત્રણ વર્ષ પહેલાં ભાવનગરમાં ઊજવાયેલ શ્રી જૈન આત્માનંદ સભાના હીરક ઉત્સવ વખતે તેઓએ આ અંગેના પોતાના વિચારો પણ જાહેર કર્યા હતા કે સાધ્વીજીઓને વિકાસની પૂરી મોકળાશ આપવી જોઇએ. સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીની નિશ્રામાં યોજાતા કન્યાઓના સંસ્કાર-અધ્યયન-સત્રને તેઓનો સક્રિય સાથ મળતો રહે છે.

**ભાયખળા ટ્રસ્ટનો નિયમ :** ૧૦–૧૨ વર્ષથી તેઓ મુંબઇના શ્રી ભાયખળા દેરાસરના ટ્રસ્ટના ટ્રસ્ટી બન્યા છે. સંઘશરીરની તંદુરસ્તી સાચવવા માટે આ ટ્રસ્ટે એ મતલબનો ઠરાવ કર્યો છે કે જે કોઇ સાધુ મહારાજે મુંબઇમાં કે એના પરામાં લાગલાગટ ત્રણ ચોમાસાં કર્યાં હોય એમને ભાયખળા ટ્રસ્ટના ઉપાશ્રયમાં ચોમાસુ કરવાની વિનતિ ન કરવી. સંઘના ભલા માટે કયારે શું કરવાની જરૂર છે, એ અંગે કસ્તૂરભાઇની દૃષ્ટિ કેટલી સ્પષ્ટ છે, તે ઉપરથી પણ જોઇ શકાય છે.

**શ્રીસંઘસંમેલન :** શ્રી કસ્તૂરભાઇના જીવનનાં મોટામાં મોટાં જાહેર કાર્યોમાંનું એક અથવા સૌથી મોટું કાર્ય તે એમણે સને ૧૯૬૩માં તા. ૧૩–૧૪ એપ્રિલે અમદાવાદમાં બોલાવેલ શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રમણોપાસક શ્રીસંઘ સંમેલન. જૈન સંઘની એકતા અને શુદ્ધિમાં પ્રવેશી ગયેલ ખામીને દૂર કરવા માટે આ સંમેલન બોલાવવામાં આવ્યું હતું. સંમેલનનો હેતુ સમજાવતાં તેઓએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે–"મારા પોતાના મનમાં તો આ કામના વાજબીપણા, ઉપયોગીપણા અને જરૂરીપણા વિષે જરાય શંકા નથી. જો હું મારા મનની વાત એક જ વાકયમાં કહેવા માંગું તો મારે કહેવું જોઇએ કે પાઘડીનો વળ હવે છેડે આવી ગયો છે, અને જૈન સંઘની શુદ્ધિ અને એકતાની બાબતમાં જરાય ગફલત રાખવા જેવી નથી." નજીવી–નમાલી વાતમાં પણ મોટા વિવાદ કે ઝઘડામાં ઊતરી પડવાની જૈન સંઘની નબળાઈ જોતાં આવું સંમેલન કોઇ પણ જાતના સંઘર્ષ વગર શાંતિથી પૂરું થાય એ જ બહુ મુશ્કેલ વાત હતી. જૈન પરંપરાના ઇતિહાસમાં સંઘની શુદ્ધિ અને એકતા માટે શ્રાવકસંઘનું આવું સંમેલન મળ્યું હોય એવો આ પહેલો જ પ્રસંગ હતો; તેથી એ એક ચક્રવર્તી અસાધારણ ઘટના હતી. આ

સંમેલન સફળતા અને ઉત્સાહપૂર્વક પૂરું થયું; એ શ્રી કસ્તૂરભાઇની સંઘકલ્યાણની ઉત્કટ અને નિર્મળ ભાવના, દૂરંદેશી અને વિરલ કાયશક્તિનું જ પરિણામ કહી શકાય. આવું સંમેલન બોલાવવું અને સફળ કરવું એ એમના જ ગજાની વાત હતી. સંઘના હિતની દૃષ્ટિએ આ કાર્ય ખૂબ ઉત્તમ અને મહત્ત્વનું થયું હોવા છતાં, જ્યારે એમને લાગ્યું કે આનાથી ધાર્યું પરિણામ આવી શકે એમ નથી, ત્યારે તેઓએ, પ્રતિષ્ઠાના ખોટા ખ્યાલમાં અટવાયા વગર, ચાર વર્ષ પછી, શ્રીસંઘ સમિતિને આટોપી લીધી. આ અંગેના નિવેદનમાં તેઓએ કહ્યું કે-"અમને જણાવતાં ઘણું દુઃખ થાય છે કે આપણે ત્યાં સ્થિતિ વધુ ને વધુ કથળતી જાય છે. જેમ જેમ અમે ઊંડા ઊતરતા ગયા તેમ તેમ જે બનાવો અમારી જાણમાં આવ્યા તે અતિ ખેદજનક છે. આમ છતાં સ્થાનિક સંઘો કે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ શ્રમણ-સમુદાયનો સહકાર ન મળતાં, અમારે, નાછૂટકે, આ સમિતિને આટોપી લેવાનો નિર્ણય કરવો પડ્યો છે, અને તે મુજબ સમિતિને આટોપી લેવામાં આવે છે."

**નિર્વાણ સમિતિના અધ્યક્ષ** : ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણવર્ષની વ્યાપક અને સમુચિત ઉજવણી માટે જૈન સંઘના ચારે ફિરકાની જે અખિલ-ભારતીય સમિતિ રચવામાં આવી છે, એનું અધ્યક્ષપદ શેઠશ્રી કસ્તૂરભાઇને આપવામાં આવ્યું છે, એ બિના પણ તેઓ પ્રત્યેની ચાહના અને આદરની સૂચક છે. આ સમિતિનું કાર્યાલય મુંબઇમાં છે.

**પેઢીની નિયમાવલી**-ભવિષ્યમાં પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ સારી રીતે ચાલતો રહે, એ માટે પેઢીની નિયમાવલીમાં જે કંઇ સમુચિત ફેરફાર કરવાની જરૂર હતી તે કરીને, એકાદ વર્ષ પહેલાં જ, એ કામ તેઓની દોરવણીથી પૂરું કરવામાં આવ્યું, તે પણ એક ઘણું ઉપયોગી કાર્ય થયું.

**સ્થપતિની નિપુણતા**-બાંધકામ અને જીર્ણોદ્ધાર તરફનો એમનો રસ કેટલો ઊંડો છે! એમને માટે તો એ ફુરસદનો શોખ ( Hobby ) નહીં પણ જીવનનો રસ જ છે. એમાં—ખાસ કરીને પ્રાચીન ધર્મસ્થાનોના ઉદ્ધારમાં—એમની ધર્મભક્તિ અને કલાસૂઝનાં દર્શન કરવા મળે છે. એમનો આ રસ એવો જીવંત છે કે એ માટે તેઓ પોતાનાં તન-મન-ધન સહર્ષ અર્પણ કરે છે. પાંચેક વર્ષ પહેલાં ધંધુકામાં બંધાયેલ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર આ વાતની સાક્ષી પૂરે છે. અને એમની જીર્ણોદ્ધારની વિશિષ્ટ દૃષ્ટિ તો અમદાવાદમાં શાંતિનાથની પોળના શ્રી શાંતિનાથના દેરાસરના તાજેતરમાં થયેલ જીર્ણોદ્ધારમાં પણ જોવા મળે છે. પ્રાચીન લાકડકામનો અને પથ્થરકામનો ત્યાં કેવો સરસ સુમેળ થયો છે!

**કળા તરફનો અનુરાગ**-શ્રી કસ્તૂરભાઇનો કળા તરફનો અનુરાગ કેવળ જીર્ણોદ્ધારોમાં કે નવી ઇમારતોમાં જ જોવા મળે છે, એવું નથી; તેઓએ પ્રાચીન અને અર્વાચીન કળાકારોની ઉત્તમ કોટીની પચીસમો જેટલી કૃતિઓ અને પુરાતત્ત્વના કેટલાક સુંદર અવશેષો પણ વસાવ્યા છે.

**વિદ્યામંદિર**-પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી શ્રી કસ્તૂરભાઇએ પોતાના કુટુંબની સખાવતથી, સને ૧૯૫૫માં અમદાવાદમાં લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર સ્થાપ્યું છે. ભારતીય તેમ જ પ્રાચ્ય વિદ્યાઓના દેશ-વિદેશના અભ્યાસીઓ અને વિદ્વાનોને માટે વિદ્યાતીર્થ સમી આ સંસ્થા ગુજરાતના અને જૈનસંઘના ગૌરવરૂપ છે. કસ્તૂરભાઇ ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વવિદ્યાઓ પ્રત્યે કેવાં આદર અને ભક્તિ ધરાવે છે, તે આ ઉપરથી પણ જાણી શકાય છે. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી, પૂજ્ય પંડિત શ્રી સુખલાલજી અને મુરબ્બી શ્રી રસિકભાઇ છોટાલાલ પરીખ એ સંસ્થાના સલાહકારો છે.

**પિતાના નામે ટ્રસ્ટ**-શેઠ શ્રી કસ્તૂરભાઈ, એમના મોટાભાઇ શ્રી ચીમનભાઇ અને નાનાભાઇ શ્રી નરોત્તમભાઈ ( નરુભાઇ )એ સને ૧૯૨૬માં પોતાના પિતાશ્રીના સ્મરણ નિમિત્તે, છ લાખ રૂપિયાનું ટ્રસ્ટ કર્યું. તે વખતે ટ્રસ્ટ એક્ટ ન હતો એટલે ટ્રસ્ટનાં નાણાંના રોકાણ બાબત કોઈ પ્રતિબંધ ન હતો. આ છ લાખનું રોકાણ એવી રીતે કરવામાં આવ્યું કે વખત જતાં એમાંથી સત્તાવીસ લાખ થયા, અને આગળ જતાં અમદાવાદની એલ ડી. એન્જીનિયરીંગ

કોલેજ માટે ત્રીસેક લાખ રૂપિયાનો ફાળો આપી શકાયો, અને બીજાં પણ અનેક સારાં કામો થઈ શક્યાં !

એન્જીનિયરીંગ કૉલેજની વાત જાણવા જેવી છે. એ વખતે લોર્ડ બ્રેબોર્ન મુંબઈના ગવર્નર હતા. એન્જીનિયરીંગ કૉલેજ માટે સરકારને એક કરોડ રૂપિયાની જરૂર હતી. કસ્તૂરભાઈએ આ માટે પચાસેક લાખનું દાન આપવાની પોતાની ઇચ્છા ગવર્નર લોર્ડ બ્રેબોર્ન આગળ વ્યક્ત કરી ગવર્નર ખૂબ રાજી અને પ્રભાવિત થયા. એમને થયું, આવી મોટી સખાવત લાવી આપ્યાનો યશ આમાં પોતાને સહેજે મળે એમ છે ! એમણે આ વાત બીજા કોઈને નહીં કહેવા અને પોતે આ કામ પૂરું કરી આપશે એમ કસ્તૂરભાઈને કહ્યું. છેવટે અમદાવાદમાં એન્જીનિયરીંગ કૉલેજ ઊભી થઈ.

**વિકાસલક્ષી વલણ**—જૈન સંઘના હિતની દૃષ્ટિએ શ્રી કસ્તૂરભાઈએ અત્યાર લગીમાં જે અનેક પ્રકારની પ્રવૃત્તિ કરી છે, તેનું અવલોકન–મૂલ્યાંકન કરતાં એમ કહેવું જોઈએ કે તેઓનું વલણ ન રૂઢિચુસ્ત છે, ન સુધારક છે, પણ વિકાસલક્ષી છે. જે માર્ગે સંઘની પ્રગતિ રૂંધાતી લાગે તેથી દૂર રહેવાનો અને જે માર્ગે વિકાસ સધાતો હોય એને આવકારવાનો એમનો સદા પ્રયત્ન હોય છે.

તેઓએ કરેલી જૈન સંઘ અને સંસ્કૃતિની સેવાઓની બીજી પણ કેટલીક વિગતો નોંધી શકાય એમ છે, પણ હવે આટલેથી બસ કરીએ.

### અન્ય ઉદ્યોગો

રાયપુર, અશોક, સરસપુર અને અરવિંદ મિલની વાત આગળ કહેવાઈ ગઈ છે. સને ૧૯૨૯માં અરુણ મિલ, સને ૧૯૩૩માં નૂતન મિલ અને સને ૧૯૩૬માં જૂની મિલમાંથી ન્યૂ કોટન મિલ ઊભી થઈ. આ સાતે મિલો "કસ્તૂરભાઈ ગ્રુપની મિલો" તરીકે ઓળખાય છે.

પચીસેક વર્ષમાં કાપડ ઉદ્યોગને વિકસાવવાની પોતાની કામગીરી જાણે પૂરી થઈ હોય એમ બીજા વિશ્વયુદ્ધની શરૂઆતથી કસ્તૂરભાઈએ અન્ય ઉદ્યોગો તરફ ધ્યાન આપવા માંડ્યું : સને ૧૯૩૯માં અમદાવાદમાં અનિલ સ્ટાર્ચ નામે કાંજીનું કારખાનું શરૂ કર્યું; સને ૧૯૪૩માં મુંબઈમાં નીલા પ્રોડક્ટસ નામે ફાઈન કેમીકલ્સ (દવાઓ બનાવવામાં ઉપયોગી થાય એવાં રસાયણો)નું કારખાનું શરૂ કર્યું ; અને સને ૧૯૪૮માં વલસાડ પાસે પ્રસિદ્ધ અતુલ પ્રોડક્ટસ નામે રંગો, રસાયણો અને દવાઓનું જંગી કારખાનું શરૂ કર્યું.

સને ૧૯૨૬ અને ૧૯૩૫માં તેઓએ બે ટેરીફ કમીશનો સમક્ષ સુતરાઉ કાપડને લગતી ઉપયોગી અને માહિતીપૂર્ણ જુબાની આપી હતી.

સને ૧૯૨૮માં મિલમજૂરોના પગાર બાબતમાં ગાંધીજી અને મિલમાલિકો વચ્ચે મતભેદ પડ્યો. આ અંગે વાટાઘાટો કરવા એક મિલમાલિક અને કસ્તૂરભાઈ ગાંધીજી પાસે ગયા. જેઓની સાથે તેઓ ગયા હતા, તેઓ ગાંધીજીની વાત સ્વીકારવા તૈયાર ન હતા. બધા છૂટા પડ્યા; ગાંધીજીએ કસ્તૂરભાઈને બોલાવીને એમને સમજાવવા કહ્યું. કસ્તૂરભાઈના પ્રયાસ પણ સફળ ન થયા; એટલે તરત સમાધાન ન થયું. તેથી ઉદ્યોગને સારું એવું નુકસાન વેઠવું પડ્યું. ૧૯૩૩ની લડત પછી કોઈક વખતે ફરી પાછો આવો પ્રસંગ આવ્યો. એમાં મજૂરો વતી ગાંધીજી અને મિલો વતી કસ્તૂરભાઈએ મળીને સમાધાન શોધવાનો પ્રયત્ન કર્યો, પણ સમજૂતી ન થઈ; એટલે, લવાદી પ્રથા મુજબ, એ કામ જસ્ટીસ મડગાંવકરને સોંપવામાં આવ્યું; એમનો ફેંસલો બન્નેએ માન્ય રાખ્યો.

સને ૧૯૨૭–૨૮માં ગાંધીજીએ પરદેશી માલનો બહિષ્કાર કરવાની હાકલ કરી. આ બહિષ્કારથી દેશની મિલો પરિસ્થિતિનો લાભ લઈ નફાનું ધોરણ ન વધારી મૂકે એની એમને ચિંતા હતી. આ માટે કસ્તૂરભાઈને બોલાવી એમણે વાત કરી. કસ્તૂરભાઈએ સૂચવ્યું કે દેશી રૂના ભાવો અમેરિકન રૂના ભાવો ઉપર આધાર રાખતા હોઈ કાપડના ભાવો સ્થિર રહે એ મુશ્કેલ છે. આથી આમાં શું થઈ શકે એનો નિર્ણય તો ન થઈ શક્યો, પણ ધ્યાન આપવાથી એટલું થયું કે દેશી કાપડના ભાવોમાં ટીકાપાત્ર વધારો ન થયો. આ બહિષ્કારને પરિણામે બ્રિટિશ કાપડની આયાત ૭૫ ટકા જેટલી ઘટી ગઈ.

કસ્તૂરભાઈએ જોયું કે આ બહિષ્કાર વખતે સો

ટકા સ્વદેશી કાપડ તૈયાર કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેથી ઉદ્યોગને ઘણો નફો થાય. એમણે સને ૧૯૨૯માં સ્વદેશી સભા સ્થાપી. એનો નિયમ એ કે કાપડના ઉત્પાદનમાં જે મિલો બધી જ સામગ્રી દેશી વાપરે એ આ સભાના મેમ્બર બની શકે. જે કોઇ આ નિયમનો ભંગ કરે એને સખ્ત દંડ કરવો. મુંબઇની મિલોમાં કેટલીય પરદેશી હિત ધરાવતી હતી, એટલે માત્ર અમદાવાદની મિલોને જ એનું સભ્યપદ આપવામાં આવ્યું. તે વખતના કોંગ્રેસના પ્રમુખ શ્રી મોતીલાલ નેહરુએ આ સભાને આવકાર આપ્યો. આથી મિલોને ઘણો નફો થયો. ઉદ્યોગને વધુ લાભ કયારે કેવી રીતે થઇ શકે, એ પારખવાની કસ્તૂરભાઇની ચકોર દૃષ્ટિનું જ આ પરિણામ હતું.

આ બહિષ્કારને લીધે લેંકેશાયરના કાપડ ઉત્પાદનને મોટો ફટકો પડ્યો હતો. બીજી તરફ જાપાન હિંદુસ્તાનનું રૂ મોટા પ્રમાણમાં ખરીદીને બદલામાં સુતરાઉ કાપડ પુષ્કળ મોકલતું હતું. આ માટે લેંકેશાયર, ભારત અને જાપાનની ત્રિપક્ષી પરિષદ સિમલામાં સને ૧૯૩૩માં ભરાઇ. આ પરિષદની કામગીરીમાં કસ્તુરભાઇએ નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. સને ૧૯૩૭માં ભારત બ્રિટન અને ભારત–જાપાનના વેપાર અંગેની વાટાઘાટો યોજવામાં આવી, એમાં ભારતીય પક્ષના ચેરમેન કસ્તૂરભાઈ હતા.

સને ૧૯૩૪માં કસ્તૂરભાઈ ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ સંસ્થાના તથા અમદાવાદ મિલઓનર્સ એસોસીએશનના પ્રમુખ બન્યા.

ઉદ્યોગો તથા વ્યવહારુ અર્થશાસ્ત્રની નિપુણતાને લીધે મિલો, વીમા કંપનીઓ, બેંકો, વીજળી આદિ સંખ્યાબંધ કંપનીઓના ડિરેકટર તરીકે કસ્તૂરભાઈની વરણી થતી રહી છે. ઉપરાંત સંખ્યાબંધ રાષ્ટ્રીય કામોની જવાબદારીને પણ તેઓ ખંત, નિષ્ઠા અને અધ્યયનશીલતાથી સાંગોપાંગ પૂરી કરતા રહ્યા છે. હવે એની કેટલીક વિગતો જોઇએ.

## રાષ્ટ્રીય કામોની તવારીખ

**સ્વતંત્રતાની લડતમાં સાથ :** મીઠાનો સત્યાગ્રહ શરૂ થયા પછી ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા. ત્યાંથી પાછા આવતાં એમને જેલમાં પૂરવામાં આવ્યા. દરમ્યાન ૧૯૩૦–૩૨ની લડતમાં ગિરફતાર થયેલા સેવકોનાં કુટુંબો માટે ટ્રસ્ટના પૈસાનો ઉપયોગ, દાદા સાહેબ માવળંકરની સૂચના મુજબ, કસ્તૂરભાઇએ કર્યો. ગાંધીજી જેલમાંથી છૂટીને અમદાવાદ આવ્યા. તે વખતે કસ્તૂરભાઈ દક્ષિણ ભારતના બજારોનો અભ્યાસ કરવા એ તરફ ગયા હતા. મુસાફરીમાં એમને ગાંધીજીનો તરત મળવા તાર મળ્યો. તેઓ અમદાવાદ આવીને ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ ટ્રસ્ટના પૈસાનો ખુલાસો માગ્યો. કસ્તૂરભાઇએ બધી વાત કરી. ખુલાસો તો સાચો હતો, પણ ગાંધીજીએ એમને ટ્રસ્ટના પૈસા ગમે તેમ કરીને પાછા આપવા કહ્યું. ગાંધીજીની આજ્ઞા મુજબ કસ્તૂરભાઇ અને દાદાસાહેબે નાણાં પૂરાં કરી આપ્યાં. સને ૧૯૪૨માં કવીટ ઇન્ડિયાનો ઠરાવ થયો અને ગાંધીજી વગેરે નેતાઓની ધરપકડ કરવામાં આવી. એ વખતે કસ્તૂરભાઇ અને શ્રી ખંડુભાઇ દેસાઇ મુંબઇમાં હતા. તરત જ બન્ને અમદાવાદ પાછા આવ્યા. રસ્તામાં ટ્રેનમાં બન્નેએ નક્કી કર્યું કે અમદાવાદ પહોંચીને મિલોમાં અચોક્કસ મુદત સુધી હડતાલ પાડવી. નેતાઓની ધરપકડને લીધે મિલો બંધ થઇ ત્યારે લોકો માનતા હતા કે હડતાળ ત્રણેક દિવસ ચાલશે. પણ મિલોના પ્રતિનિધિ શ્રી કસ્તૂરભાઇ અને મજૂરોના પ્રતિનિધિ શ્રી ખંડુભાઇ–બન્ને ગાંધીજીના અને સ્વતંત્રતાના અનુરાગી હતા. અને આ લડતને પૂરતું બળ મળે એમ કરવા બન્ને આતુર હતા. જાણે વગર કહે જ એમની વાત મિલમાલિકો અને મજૂરોના મનમાં વસી ગઇ : ત્રણ દિવસની ધારેલી હડતાળ લાગલાગટ સાડાત્રણ મહિના સુધી ચાલુ રહી ! વિલાયતમાં અને ખાસ કરીને અમેરિકામાં આની બહુ ભારે અસર થઇ. આથી અકળાઇને એકવાર તો આવી લડતના એક પ્રેરકબળ તરીકે શ્રી કસ્તૂરભાઇની ધરપકડ કરવાનો વિચાર પણ સરકારને આવી ગયો ! દિલ્હીથી કસ્તૂરભાઇને ખબર મળ્યા કે જેલ જવા માટે તૈયાર રહો ! આટલી લાંબી હડતાલને લીધે મજૂરોને આર્થિક રીતે બહુ સહન કરવું પડ્યું હતું, અને હડતાલનો મુખ્ય હેતુ તો પરદેશમાં બ્રિટિશ હકૂમત સામે લોકમત કેળવ-

વાનો હતો. અને એ પૂરો થયો હતો. એટલે કસ્તૂરભાઇએ હડતાલ પાછી ખેંચીને મિલો ચાલુ કરવા વિચાર્યું; આ માટે જેલમાંથી શ્રી ખંડુભાઇની અનુમતિ મેળવીને હડતાલ પાછી ખેંચી લેવામાં આવી. આ દોરવણીથી આ લડત ખૂબ અસરકારક બની હતી.

સને ૧૯૩૦ માં સરકારે ભારત અને ઇંગ્લેંડ વચ્ચેના વેપારની તપાસ કરી ભલામણ કરવા મહંમદ ઝફરૂલ્લાખાનના અધ્યક્ષપદે કમીટી નીમી તેમાં કસ્તૂરભાઇને પણ લેવામાં આવ્યા હતા.

**રિઝર્વ બેંકના ડિરેકટર** : સને ૧૯૩૭ થી ૪૯ સુધી અને ૧૯૫૭ થી ૬૦ સુધી કસ્તૂરભાઈ રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ડિરેકટર ચૂંટાયા હતા પહેલી વખતના કાર્યકાળમાં, સને ૧૯૩૯માં, બેંકના અંગ્રેજ ગવર્નર સર જેમ્સ ટેલરનું અવસાન થતાં, એ સ્થાને અંગ્રેજના બદલે ભારતીય વ્યક્તિની નિમણૂક થાય એવો આગ્રહ કસ્તૂરભાઇએ અને એમના સાથીઓએ રાખ્યો હતો છેવટે સરકારને એ સ્થાને શ્રી ચિંતામણ દેશમુખની નિમણૂક કરવાની ફરજ પડી. આમાં શ્રી કસ્તૂરભાઇનું રાષ્ટ્રવાદી વલણ સ્પષ્ટ દેખાઇ આવે છે.

**બીજાં કામો** : સને ૧૯૪૩માં ભારત સરકારે કાઉન્સીલ ઓફ સાઇન્ટીફિક એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચની રચના કરી. કામનો ભાર વધુ હોવા છતાં કસ્તૂરભાઇને રામસ્વામી મુદાલિયરના આગ્રહથી એના સભ્ય તરીકે જોડાવું પડયું. અહીં ૧૮ વર્ષ કામ કર્યું. ત્યાં કસ્તૂરભાઇની ભલામણથી એક નાણાં કમીટી બની હતી. શ્રી જવાહરલાલ નહેરુના આગ્રહથી વર્ષો સુધી એનું ચેરમેનપદ તેઓએ સંભાળ્યું. ૧૯૪૬માં ભારત સરકારે લંડનમાંથી કાપડમિલની મશીનરી ખરીદવા નિર્ણય કર્યો એ અંગેની વાતચીત કરવાની જવાબદારી સરકારે કસ્તૂરભાઇને સોંપી હતી. એમણે એ વાટાઘાટો સફળ બનાવી. ૧૯૫૦માં કસ્તૂરભાઇ અમેરિકા જતા હતા. સરદારશ્રીએ ભારતના વિકાસ માટે કોઇ યોજના ત્યાંથી લાવવા સૂચના કરી કસ્તૂરભાઇએ ત્યાંના પ્રસિદ્ધ ધનપતિ રોકફેલરની સાથે વિચાર કરીને નર્મદા વિકાસ યોજનાની રૂપરેખા તૈયાર કરી. પણ એ સરકારને માન્ય ન રહેવાથી એ કામ આગળ ન વધ્યું. સને ૧૯૫૩, ૧૯૬૩ અને ૧૯૬૪માં એમ ત્રણ વાર સુતરાઉ કાપડ અંગેની વાતચીત માટે કસ્તૂરભાઇને લેંકેશાયર જવાનું થયું.

**વિશેષ કામગીરી** : સને ૧૯૪૮માં સરકારે કેન્દ્ર ખાતાના વહીવટમાં કરકસર સૂચવવા કસ્તૂરભાઇના અધ્યક્ષપદે એક કમીટી રચી હતી. તેઓએ સવા વર્ષ ખૂબ મહેનત લઇને પોતાનો અહેવાલ તૈયાર કર્યો. પણ તેઓ દુઃખ સાથે કહે છે કે સરકારે અમારી ભલામણોનો ભાગ્યે જ અમલ કર્યો! આથી તેઓએ નક્કી કર્યું છે કે જેમાં ભલામણોના અમલની ખાતરી ન હોય એવી કોઈ પણ કમીટીના અધ્યક્ષ કે સભ્ય ન બનવું. ૧૯૪૮માં ગાંધી સ્મારક નિધિ માટે ઉદ્યોગ પાસેથી પાંચ કરોડ રૂપિયા એકઠા કરવાનું નક્કી કરીને એ માટેની કમીટીના ચેરમેન કસ્તૂરભાઇને બનાવ્યા. તેઓએ એકાદ વર્ષમાં જ પાંચ કરોડ ઉપરાંતનાં વચનો મેળવીને પોણા પાંચ કરોડનો ચેક શ્રી જવાહરલાલ નહેરુને આપ્યો. તેઓ આ નિધિના ટ્રસ્ટી છે. કરાંચી પાકિસ્તાનમાં જતાં પશ્ચિમ ભારતમાં એની ખોટ પૂરે એવું બંદર થાય એ જરૂરી હતું. આ માટે સરકારે સ્થળ નિર્ણય માટે અને વિકાસ માટે કમીટી રચી હતી, તેના ચેરમેન શ્રી કસ્તૂરભાઈ હતા. પશ્ચિમ ભારતમાં કંડલા બંદરનો વિકાસ એ મુખ્યત્વે એમની વિશિષ્ટ નિર્ણયશક્તિ અને દોરવણીને આભારી છે. હૈદરાબાદ, મૈસૂર અને ત્રાવણકોરના ઉદ્યોગોના ધીરાણની મોટી રકમોની તપાસ અંગે સરકારે કસ્તૂરભાઈની એક વ્યક્તિની કમીટી રચી હતી. એની ભલામણો સરકારે સ્વીકાર કર્યો છે. બાંધકામ બાબતમાં તો કસ્તૂરભાઇ, જાણે કોઇ પૂર્વ સંસ્કાર હોય એમ, એક કુશળ સ્થપતિ જેવી નિપુણતા ધરાવે છે. સસ્તાં છતાં સારાં મકાનોની એમની સૂઝ દાખલારૂપ બની રહે એવી છે. આથી કેન્દ્ર સરકારે જાહેર બાંધકામ ખાતા (P. W. D.)ની કામગીરીની તપાસ માટે સને ૧૯૫૨ કે ૫૩માં જે કમીટી રચી હતી, એનું ચેરમેનપદ કસ્તૂરભાઇને સોંપવામાં આવ્યું હતુ. ઘણું ખરું આ કમીટીએ જ પોતાના અહેવાલમાં એ વાતની નોંધ લીધી હતી કે કસ્તૂરભાઈ હસ્તક બંધાયેલા મકાનોનું ખર્ચ ૨૦ થી ૨૫ ટકા ઓછું હોય છે! સને ૧૯૫૪માં

ઔદ્યોગિક અને ખેતીવાડીને લગતું જે પ્રતિનિધિ-મંડળ રશિયા ગયું હતું તેના મોવડી કસ્તૂરભાઇ હતા.

**દુષ્કાળ રાહત :** સને ૧૯૪૮ તથા ૧૯૫૧માં ગુજરાત–સૌરાષ્ટ્રમાં દુકાળો પડ્યા. આવા સંકટ સમયે પૂજ્ય રવિશંકર મહારાજ તો પ્રજાની મદદમાં હોય જ. રાહત સમિતિના પ્રમુખ કસ્તૂરભાઇ હતા. મહારાજ અને તેઓ ઝીપમાં ગામડે ગામડે ફરે, ગામની સ્થિતિની જાતમાહિતી મેળવે અને રાહતની ગોઠવણ કરે. કેટલાંક ગામની સ્થિતિ તો એવી શોચનીય કે ત્યાં માણસો કરતાં ઢોરોની સંખ્યા વધુ હોય! મુસાફરીમાં રેતી એવી ઝીણી કે લોકો એને રેશમ–રેતી કહે! શરીરમાં બધાં અંગોમાં એ પેસી જાય. એક પ્રસંગ યાદ કરવા જેવો છે : છએક વર્ષ પહેલાં મારે કામ પ્રસંગે શેઠની પાસે જવાનું થયું. ત્યાં એક કદાવર માલધારી ધા નાખતો આવ્યો : અરે કસ્તૂરભાઇ શેઠ, અમુને અને અમારાં ઢોરાંને બચાવે તો તું જ બચાવે! સરકાર તો કાંઈ કરવાની નથી. કસ્તૂરભાઇ તરફની લોક–શ્રદ્ધા જોઇને મારી આંખો આંસુભીની બની!

**ડાંગને બચાવવામાં સાથ :** ગુજરાતની રાજકીય નેતાગીરીએ તો ડાંગને મહારાષ્ટ્રનું જ માની લીધું હતું; અને એ મહારાષ્ટ્રમાં ચાલ્યું જાય એની એમને ચિંતાય ન હતી! પણ પ્રજા વખતસર જાગી ગઈ, અને પ્રજાના ભાવનાશીલ કાર્યકરોએ દિલ દઇને પ્રયત્ન કર્યો. એમાં શ્રી કસ્તૂરભાઇ શેઠ અને શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ જેવાએ પૂરો સાથ આપ્યો. કામ કોંગ્રેસ સરકારને પોતાની વિરુદ્ધનું લાગે એવું અને એની ખફગી વહોરવી પડે એવું હતું. પણ જરાક શેહ કે શરમમાં તણાયા કે ડાંગ મહારાષ્ટ્રમાં ચાલ્યું જ જાય એવી સ્થિતિ હતી. કસ્તૂરભાઈની હૂંફથી બધાએ નીડર થઇને પ્રયત્નો કર્યા, અને ડાંગ ગુજરાતમાં રહી ગયું!

## શિક્ષણક્ષેત્રમાં ફાળો

એક ઉદ્યોગપતિ જેમ મૂડીને વાપરી નાખવા કરતાં મૂડીનું રોકાણ કરવામાં વધારે માને, એ જ રીતે શ્રી કસ્તૂરભાઈ પોતાના દાનનો વિનિયોગ કરે છે અને એ માટે શિક્ષણનું ક્ષેત્ર ઉત્તમ ગણે છે. શિક્ષણક્ષેત્રમાં ધનનું 'ખર્ચ' નહિ પણ 'વાવેતર' થાય છે. શ્રી કસ્તૂરભાઇએ પોતાની વતી, પોતાના કુટુંબીઓની વતી અને પોતાની કંપનીઓ વતી લગભગ બેએક કરોડની સખાવત કરી છે, એમાં આશરે એક કરોડ રૂપિયા તો શિક્ષણક્ષેત્રમાં જ આપ્યા છે અને અત્યારે પણ એ પ્રવાહ ચાલુ છે.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ અને સ્વ. શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સાથે એમણે જે જહેમત ઉઠાવી હતી તે અસાધારણ હતી. એને લીધે જ અમદાવાદ આજે આધુનિક વિદ્યાઓની વિવિધ શાખાઓનું કેન્દ્ર બની શક્યું છે. આમાં એજ્યુકેશન સોસાયટીને અપાયેલી સખાવત ઉપરાંત એમણે એલ. ડી એન્જી-નિયરીંગ કોલેજ વગેરેને આપેલી સીધી સહાયનો હિસ્સો પણ મહત્ત્વનો છે. આને લીધે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાનું કામ ઘણું સરળ બની ગયું હતું.

વળી, ચાલુ વિદ્યાશાખાઓ ઉપરાંત અમદાવાદની તેમ જ ગુજરાતની શોભારૂપ, અને તેજસ્વી ધ્યેયલક્ષી વિદ્યાર્થીઓને માટે આશીર્વાદરૂપ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અને સ્કૂલ ઓફ આર્કિટેકચર જેવી વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ સ્થપાઇ એમાં તો શ્રી કસ્તૂરભાઇ શેઠની જ લાગવગ, લાગણી અને સૂઝનો મોટો ફાળો છે. આ ઉપરાંત લાલભાઈ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરનો નિર્દેશ આગળ થઇ જ ગયો છે. વિદ્યાવૃદ્ધિ તરફની આવી દૃષ્ટિને કારણે જ તેઓ 'ઇન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓફ ટેક્નોલોજી' જેવી ભારતવ્યાપી સંસ્થાનુ અધ્યક્ષપદ શોભાવે છે.

**અટીરા :** અમદાવાદમાં કાપડ–ઉદ્યોગના સંશો-ધન માટે સ્થપાયેલી 'અટીરા' (અમદાવાદ ટેક્સટા-ઈલ ઇન્ડસ્ટ્રી રીસર્ચ એસોસીએશન) સંસ્થા એ એમની દીર્ઘદૃષ્ટિ અને વિકાસપ્રેમની દ્યોતક છે. શ્રી વિક્રમ સારાભાઇના સાથમાં એમણે સહકારી ધોરણે ઊભી કરેલી આ પ્રગતિશીલ અને માતબર સંસ્થા ભારતભરમાં એ દિશામાં પહેલું પગલું હતું.

**શારદાબહેનનો સ્વર્ગવાસ :** સને ૧૯૫૦ના ફેબ્રુઆરીની ૧૪મી તારીખે શ્રી કસ્તૂરભાઈ શેઠનાં સુશીલ ધર્મપત્ની શારદાબહેન, ચારેક દિવસની ટૂંકી

માંદગીમાં, સ્વર્ગવાસી થયાં ! વધતી ઉંમરે જીવનમાં ક્યારેય પૂરી ન થઇ શકે એવી ખોટ આવી ગઇ ! પણ એ બધી વેદનાને અંતરમાં સમાવીને કસ્તૂરભાઇ કર્તવ્યની કેડીની મજલ એ જ નિષ્ઠા અને સ્ફૂર્તિથી કાપતા રહ્યા. આ દુઃખદ ઘટના પછી તેઓ દિવાળી–બેસતા વર્ષના પર્વદિવસો અમદાવાદને બદલે કોઇ શાંત–એકાંત સ્થાનમાં કે તીર્થધામમાં જ વિતાવે છે.

**કુટુંબભાવના :** ઉદ્યોગો અને જાહેર જીવનને લગતી આટલી બધી પ્રવૃત્તિઓમાં સતત ગૂંથાયેલા રહેવા છતાં કસ્તૂરભાઇએ કુટુંબભાવનાને પોતાના જીવનમાં જે ઊંચું સ્થાન આપ્યું છે અને એને ટકાવી રાખી છે, તે વિરલ અને એમની ખમી ખાવાની વૃત્તિ, ખેલદિલી અને કુટુંબવત્સલતાની સૂચક છે. આને લીધે તેઓ ધન–વૈભવના સુખ કરતાં પણ વધુ આંતરિક સુખ અનુભવી શકે છે. સને ૧૯૩૨માં મઝિયારો વહેંચવાની વાત આવી ત્યારે એમનાં માતુશ્રી હયાત હતાં અને બીમાર હતાં. પહેલાં તો એમણે માતાના સ્વર્ગવાસ પછી મઝિયારો વહેંચવાનું સૂચવ્યું; પણ એ કામ પતાવવાનો આગ્રહ થયો ત્યારે, જાણે આંખના ઇશારામાં જ પતાવ્યું હોય એમ એ કામ અતિ અલ્પ સમયમાં પૂર્ણ સમાધાનથી પતાવ્યું. પહેલાં બધી મિલકતની ત્રણ યાદીઓ બનાવી. પછી પહેલી પસંદગી નાનાભાઇ નરોત્તમભાઇની, બીજી મોટાભાઈ ચીમનભાઇની, અને બાકી બચી તે પોતાની : આ રીતે બહોળી મિલકતનો મઝિયારો વહેંચવાનું કામ પૂરું કર્યું. કુટુંબભાવના અંગે શ્રી કસ્તૂરભાઇએ પોતે જ કહ્યું છે કે–

" ઇશ્વરકૃપાથી મારું કુટુંબજીવન ઘણું સુખદાયી છે. કુટુંબ બહોળું હોવા છતાં એકબીજામાં ભ્રાતૃભાવ અને પ્રેમ છે. ભાઇએ ભાઇની મિલકતો છૂટી કરી તે પણ કલાક બે કલાકમાં અને સહુએ પૂરા સમાધાનથી એ સ્વીકારી પણ લીધી. અમે સાત ભાઇ–બહેનો હોવા છતાં તેઓ વચ્ચે ઉગ્ર વિવાદનો પ્રશ્ન કોઇ દિવસ ઉપસ્થિત થયો નથી. તેનું મુખ્ય કારણ એકબીજા પ્રત્યે વિશ્વાસ અને પ્રેમ છે. "

**અકસ્માતમાં બચાવ :** સને ૧૯૨૮માં કસ્તૂરભાઈ શેઠ એમનાં સાસુને જોવા નાસિક ગયા. સાથે એમના સાળા હતા. સ્ટેશનથી ટેક્ષી કરી. રાતનું અંધારું થતું આવતું હતું, રસ્તો ખરાબ હતો અને બત્તીઓ ઝાંખી હતી. સામેથી મોટરસાયકલ આવીને જોરથી ટેક્ષી સાથે અથડાઇ. મોટરસાયકલ ઉપર પતિ, પત્ની અને બાળક હતાં; એ ત્રણે દૂર ફેંકાઇ ગયાં ! ટેક્ષી આખી ઊંધી વળી ગઇ. પળવાર તો લાગ્યું કે ખેલખલાસ ! પણ કસ્તૂરભાઈ અને એમના સાળા મોટરની હૂડ નીચે આવી ગયા, તેથી બચી ગયા. આવો જ બીજો પ્રસંગ બન્યો વિ. સં. ૨૦૧૮માં. ભોરોલ તીર્થના શિલારોપણ માટે કસ્તૂરભાઈ થરાદ ગયા હતા. લોકોએ ખૂબ ઉત્સાહથી એમનું સ્વાગત કર્યું. બીજે દિવસે ( તા. ૧૯–૫–૬૨ના રોજ ) અમદાવાદ પાછા ફરતા હતા; એમની મોટર મહેસાણા પાસે થાંભલા સાથે જોરથી અથડાઇ ગઇ. પણ એ વખતે પણ તેઓને કુદરતે બચાવી લીધા !

## થોડાક પ્રસંગો

સને ૧૯૨૭ કે ૨૮માં અમદાવાદના કલેક્ટરે શેઠશ્રી કસ્તૂરભાઇ અને શેઠશ્રી અંબાલાલ સારાભાઇની મ્યુનિસિપાલીટીમાં સરકારી સભ્યો તરીકે નિમણુંક કરી. ત્યારે મ્યુનિસિપાલીટીના પ્રમુખ સરદારશ્રી હતા. એ વખતે ચીફ ઓફિસરની નિમણૂક કરવાની હતી. સરદારશ્રીની પસંદગી અમુક વ્યક્તિ ઉપર હતી; શ્રી અંબાલાલ શેઠ બીજાને લાવવા માગતા હતા. આ બન્ને પોતાના સ્વજન અને મુરબ્બી હતા. આમાં કોનો પક્ષ કરવો ? કસ્તૂરભાઇએ એ સ્થાનેથી તરત જ રાજીનામું આપ્યું ! નિરર્થક વાદાવાદમાં વખત અને શક્તિ બરબાદ કરવા કરતાં સારાં. કામ કરવાનાં ક્યાં ઓછાં છે ?

સને ૧૯૩૬–૩૭માં શ્રી કસ્તૂરભાઇ શેઠ વર્ધા ગયા હતા. ત્યાંથી તેઓ ગાંધીજીને મળવા સેવાગ્રામ ગયાં. ગાંધીજીએ એમને સાબરમતી આશ્રમને નદીના ધસારાથી બચાવી લેવાની વાત કરી. કસ્તૂરભાઇએ એ અંગે ચિંતા ન કરવા કહ્યું. ગાંધીજીએ એમને આશ્રમમાં જ જમવા કહ્યું. એમણે વર્ધામાં શ્રી જમનાલાલજીને ત્યાં જમવાનું છે, એમ કહીને ના પાડી. શેઠ કહે છે કે મેં ગાંધીજીને ના પાડી, એનો મને પસ્તાવો રહી ગયો છે.

સરદારશ્રી અમદાવાદ હોય કે બહારગામથી અમદાવાદ આવે ત્યારે તેઓ કસ્તૂરભાઇને ત્યાં આવે જ; અને કયારેક તો સાથે જમે પણ ખરા. એક વાર કસ્તૂરભાઇએ સાંજે જમવા આવવા કહ્યું. વચ્ચે બેએક દિવસનો ગાળો હતો. કસ્તૂરભાઇ એ વાત ભૂલી ગયા; અને નિયમ મુજબ સૂર્યાસ્ત પહેલા એમણે જમી લીધું. મોડેથી સરદારશ્રી જમવા આવ્યા. એ તરત સમજી ગયા કે સાથે જમવાની વાત ભુલાઇ ગઇ છે! તેઓ કશું ન બોલ્યા. કસ્તૂરભાઇને પણ યાદ ન આવ્યું. થોડીવાર વાતો કરીને સરદારશ્રી રવાના થયા. પછી જ્યારે મળવાનું થયું ત્યારે સરદારશ્રીએ હસતાં હસતાં કસ્તૂરભાઇને ટકોર કરી : તમે વાણિયા બહુ પાકા! જમવાનું નોતરું આપીને મીઠી મીઠી વાતોથી પેટ ભરીને જમાડ્યા વગર જ મને રવાનો કરી દીધો!

કસ્તૂરભાઇ પરદેશ ગયેલા એટલે કેટલાક મહિના સુધી ગાંધીજીને મળી શકેલ નહીં. પરદેશથી આવીને ૧૯૪૭ના ડિસેંબરમાં તેઓ દિલ્લીમાં ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ કહ્યું : હમણાં બહુ મોંઘા થઇ ગયા છો, તે મળતા જ નથી! સરદારશ્રી અને ગાંધીજી કસ્તૂરભાઈ ઉપર આવો ભાવ રાખતા હતા!

સને ૧૯૫૮ કે ૫૯ની વાત છે. મુંબઇના એક ઝવેરી લંડન ગયેલા. એમનો ઉતારો એરવેઝ મેન્શન હોટલમાં રહેતો. ત્યાં જઇને એમણે જોયું કે આવનાર પ્રવાસીઓમાં કસ્તૂરભાઈ લાલભાઇનું નામ લખેલું! એમને નવાઇ લાગી : આવા મોટા ઉદ્યોગપતિ આવી સાધારણ (દિવસના દોઢ પાઉંડ એટલે વીસેક રૂપિયાના ભાડાની) હોટલમાં ઊતરે! એમને થયું, એક જ સરખા નામની આ કોઇ બીજી વ્યક્તિ હોવી જોઇએ. મેનેજરને પૂછ્યું તો એમણે કસ્તૂરભાઈની ઓળખ આપતાં કહ્યું : Giant vizard of India's Manchester! તેઓ હંમેશાં અહીં જ ઊતરે છે. જેમને તેડવા માટે લેંકેશાયરના મોટા ઉદ્યોગપતિઓની રોલ્સરોય મોટરો આવે એમની આ કેવી સાદાઇ! એ ઝવેરી મિત્રે કહ્યુ : શેઠ કંપનીના ખરચે બહાર જાય કે પોતાના ખરચે, નકામો ખર્ચ એક પાઇનો નહીં કરવાના! કરકસર એમનો ગુણ છે.

સંઘ સમિતિના કામ અંગે શેઠને ત્યાં જમવાનું થયું. જમ્યા પછી પાનનાં બીડાં તૈયાર હતાં. બીડામાં લવીંગ દબાવેલ. ત્યારે લવીંગનો ભાવ પોણોસો રૂપિયે કીલોનો હતો. મૈયાને કસ્તૂરભાઇ શેઠે ટકોર કરી : બીડામાં આ મોંઘા ભાવનાં લવીંગ નાખવાની શી જરૂર છે? પાન ખાતાં બધાં એને કાઢી નાખે છે!

આની સામે એક પ્રસંગ જુઓ. સંઘ સંમેલન મળવાનું હતું. સેંકડો મહેમાનોને શેઠ તરફથી જમવાનું હતું. જેમને જમણની વ્યવસ્થા સોંપી હતી એમને શેઠે કહ્યું : જોજો, જમણમાં જરાય ખામી ન રહી જાય!

આવો જ બીજો પ્રસંગ : ૧૯૫૩માં ઓલ-ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સનું અધિવેશન અમદાવાદમાં મળવાનું હતું. આમાં આખા દેશમાંથી નામાંકિત વિદ્વાનો આવે છે. તેઓને જમવા માટે અમુક પૈસા આપવાના રહે છે. કસ્તૂરભાઇએ જોયું કે અમદાવાદ અને ગુજરાતનું ગૌરવ વધારવાનો આવો પ્રસંગ ફરી કયાં મળવાનો છે? એમણે, અમદાવાદના શ્રીમાનોનો સાથ લઇને, મહેમાનો પાસેથી એક પાઈ પણ લીધા વગર જમવા-રહેવાની ઉત્તમ સગવડ કરાવી આપી. વિદ્વાનો આજે પણ ગુજરાતના એ આતિથ્યને આનંદપૂર્વક સંભારે છે

ચારેક વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવની તૈયારી ચાલતી હતી. સુવર્ણ મહોત્સવનિધિમાં ફાળો આપવાની વિનંતી કરવા વિદ્યાલયના સંચાલકો મુંબઇમાં શ્રી કસ્તૂરભાઇ શેઠને મળ્યા. શેઠે ફાળો આપવાની ઇચ્છા દર્શાવી. થોડા વખત પછી વિદ્યાલયના સંચાલકોએ આ માટે અમદાવાદ કયારે આવવું, એ પુછાવ્યું શેઠે જવાબ આપ્યો : આ માટે અહીં આવવાની જરૂર નથી. પચીસ હજાર રૂપિયા લખી લેજો પોતાની જેમ બીજાનાં સમય, શક્તિ અને પૈસા નકામાં ન વપરાય એની તેઓ પૂરી ચીવટ રાખે છે.

ત્રણેક વર્ષ પહેલાં કસ્તૂરભાઇ શેઠ શ્રી જૈન આત્માનંદ સભાના હીરક મહોત્સવ નિમિત્તે ભાવનગર ગયા હતા. વાતોમાં મેં સહજ કહ્યું : શેઠ, મુસાફરીમાં સાથે માણસ રાખતા હોતો? તેઓએ

કહ્યું : જ્યારે પણ મુસાફરીમાં માણસ રાખવાની જરૂર લાગશે, ત્યારે હું મુસાફરી બંધ કરીશ. સ્વાશ્રયી ને ખડતલ રહેણીકરણીનું સૂચન કરતો આ જવાબ યાદ રહી ગયો.

### વિમળ જીવન અને ઉન્નત વ્યક્તિત્વ

આટઆટલી પ્રવૃત્તિઓ ચલાવવા છતાં કસ્તૂરભાઈ શેઠ ન ક્યારેય એનો અહંકાર સેવે છે કે ન ક્યારેય અકળામણ અનુભવે છે. સ્વસ્થ, શાંત અને સમતાભર્યું એમનું જીવન વિમળ સરિતાની જેમ એકધાર્યું વહ્યું જાય છે. ગમે તેવા સારા કે માઠા પ્રસંગે તેઓ ન ક્યારેય અતિ હરખાઈ જાય છે કે ન હતાશ થઈ જાય છે. ન કોઈની ઈર્ષ્યા, ન કોઈનો દ્વેષ, ન કોઈ પ્રત્યે કડવાશ. સારું લાગે એની સલાહ સહજપણે આપીને તેઓ સદા અળગા–અલિપ્ત રહે છે: કોઈએ પોતાની સલાહ ન માની એનું દુ:ખ એમને લાગતું નથી. હિતબુદ્ધિથી કહી દીધું એટલે પત્યું! હઠાગ્રહથી દૂર રહીને તેઓ સારી વાતનો સદા સ્વીકાર કરે છે.

ઓછામાં ઓછું બોલવું, વધુમાં વધુ કામ કરવું અને નકામી વાતોથી દૂર રહેવું એ એમનો સહજ સ્વભાવ છે. લાંબા લાંબા કાગળોનો જવાબ "તમારો કાગળ મળ્યો, તમારું મંતવ્ય જાણ્યું." એવો કે "તમારો કાગળ મળ્યો. તમારા સૂચન માટે આભાર, એ માટે ઘટતું કરવામાં આવશે."—એવો અલ્પાક્ષરી અને મુદ્દાસર જ તેઓ આપે છે.

ખાન–પાન, ઊંઘ–આરામ અને કામ–કાજ બધી જ બાબતોમાં તેઓ ખૂબ નિયમિત રહે છે. એમના શરીરની તંદુરસ્તી અને મનની સ્ફૂર્તિનું આ પણ એક કારણ છે. એમને મળવાનું બહુ સહેલું છે. જૂની પેઢીના મહાજનોની જેમ એમનાં દ્વાર સદા સૌને માટે ખુલ્લાં છે. પણ વાત કરવા જનારે પૂરી તૈયારી કરીને જવું જોઈએ અને મુદ્દાસર વાતો કરવી જોઈએ. નહીં તો ભોંઠા પડવા જેવું થાય.

કાયદા અને નિયમની મર્યાદાઓનું હંમેશાં પાલન કરવું; ગમે તેવું દબાણ હોય તોપણ ગેરવાજબી વાતને તાબે ન થવું અને નાના–મોટાનો ભેદ ભૂલીને વાજબી વાતનો સ્વીકાર કરવા તૈયાર રહેવું; કામથી નામના કે મોટાઈ મળવાની હોય તે ભલે મળે, નામના–કીર્તિ માટે ક્યારેય આડંબર રચવા નહીં : આવા કેટલાક નિયમો એમના જીવનમાં એકરસ બની ગયા છે, અને એમના જીવનને નિર્મળ અને વ્યક્તિત્વને ઉન્નત બનાવે છે.

કરકસર, સાદાઈ અને શીલ એ શ્રી કસ્તૂરભાઈ શેઠના આંતરિક બળનું ઉદ્‌ગમ સ્થાન છે. આ અંગે તેઓએ પોતે જ કહ્યું છે કે "ચીવટથી કામ કરવાની ટેવ, પ્રામાણિકતા અને સંતોષથી જીવનઘડતર થાય છે. જીવનમાં સાદાઈ કેળવી, અંગત જરૂરતો ઘટાડી મહેનત કરીએ તો આગળ વધી શકાય."

આવી બધી ગુણસંપત્તિ અને શક્તિઓને લીધે શ્રી કસ્તૂરભાઈ શેઠનું જીવન ધર્મભાવનાથી સુરભિત, સુસંસ્કારિતાથી સમૃદ્ધ અને સેવાપરાયણતાથી શોભાયમાન બન્યું છે. અંતરની સાચી શ્રીમંતાઈને જાણે એમણે પોતાની બનાવી છે.

એમની પ્રવૃત્તિઓનો પ્રવાહ અત્યારે ૭૬ વર્ષની વયે પણ અસ્ખલિત રીતે આગળ વધી રહ્યો છે. એટલું સાચું કે હવે તેઓએ વધતી વયનું સન્માન કરીને વહીવટી જવાબદારીઓમાંથી નિવૃત્તિ લીધી છે. છતાં એ નિવૃત્તિ ધર્મની કે લોકકલ્યાણની પ્રવૃત્તિઓની પ્રેરક બનીને વધુ ઉપકારક નીવડી છે. નિષ્ક્રિય નિવૃત્તિને તો શ્રી કસ્તૂરભાઈના જીવનમાં સ્થાન જ નથી.

પોતાને મળેલી સફળતાની વાત કરતાં શ્રી કસ્તૂરભાઈ શેઠ કહે છે કે મને ઘણી વાર લાગે છે કે મારા ઉપર ભગવાનની ઘણી કૃપા છે અને એની કૃપાનું જ આ ફળ છે.

ગુજરાતના શ્રેષ્ઠ મહાજન અને જૈન સંઘના ધર્મશીલ અગ્રણી શેઠશ્રી કસ્તૂરભાઈ ઉપર ભગવાનની વિશેષ કૃપા સદા વરસતી રહો અને તેઓ સુદીર્ઘ સમય સુધી સંઘ અને સમાજને માર્ગદર્શન આપતા રહો !

—શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

(અમૃત મહોત્સવ સમિતિ દ્વારા પ્રગટ થયેલ પરિચય પુસ્તિકાનું પુનઃમુદ્રણ)

એક એક ઇંટો મુકતા — ઇમારત બંધાય

# શ્રી તાલધ્વજ તીર્થમાં "ઇંટિયજ્ઞ"ની સફળતા

શ્રી તાલધ્વજગિરી–શાશ્વતા તીર્થમાં–સકળ સંઘના સૌ યાત્રિકો યથાશક્તિ લાભ લઈ આત્મકલ્યાણ સાધી શકે–તીર્થનાં જરૂરી સાધનો એક એક ઇંટથી તૈયાર થાય અને સૌને લાભ મળે તેવી યોજના ચાલુ છે.

## શ્રી મલ્લીનાથ જિનાલય ચૌમુખજી દેરાસર

### કેસરસુખડ વી. સાધારણ બાંધકામ ફંડ

શ્રી તળાજા નગરમાં–શ્રી શાંતિનાથ દેરાસરમાં દેવવિમાન સમુ ભવ્ય રીતે બંધાઈ રહ્યું છે. જે તીથની તળેટીનું દેરાસર છે. જેમાં સંપ્રતિમહારાજાના સમયના ભવ્ય પ્રતિમાજી ૨૦ પધરાવવાના છે. જેનાં આદેશ અપાઈ ગયા છે.

### રૂ. ૨૫૧ – ૫૦૧ – ૧૦૦૦ સુધીમાં

આરસની સળંગ તકતીમાં નામ લખાય છે. અને દેરાસર બાંધવાન પુન્યનાં ભાગીદાર થાય છે.

વ્યક્તિગત નામો લખાય છે. દેરાસરનાં દેવદ્રવ્યના ટ્રસ્ટોમાંથી પણ લાભ લઈ શકાય છે. તીર્થમાં આવો લાભ હજાર વર્ષમાં મળશે નહિ.

## શ્રી તાલધ્વજ જૈન પાઠશાળા

### મકાન બાંધકામ ફંડ

આ નૂતન જિનાલયની સાથેસાથ સંસ્થાની જમીનમાં બજારનાં રસ્તા પર શ્રી જૈન પાઠશાળાનું નવું ભવ્ય મકાન આર. સી. સી. પ્લાનથી બાંધવાનો કમિટીએ નિર્ણય કર્યો છે, રૂ. ૨૫૦૦૧ આપનાર ગ્રહસ્થનું નામ પાઠશાળામાં જોડવામાં આવશે.

### રૂ. ૨૦૧) બસોએકાવન આપનારનું નામ

આરસની સળંગ તકતીમાં લખવામાં આવશે. નામો લખાવા શરૂ થયા છે.

ફરી ફરી મળશે નહિ, આ ઉત્તમ અવસર; તાલધ્વજને આગણે, રાખો નામ અમર.

વિશેષ વિગત માટે–નીચેનાં સ્થળે પત્રવ્યવહાર કરવા અથવા રૂબરૂ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી

ટે. નં. ૩૦ બાબુની જૈન ધર્મશાળા પેઢી, તળાજા (સૌરાષ્ટ્ર)

એક એક ડગલું ભરો, ડુંગર ટોચે પોંચાય

વ્યક્તિગત એક એકનું, સમુદાય બળ થાય.

મુશ્કેલ કામો સહેલથી, પાર ઉતરતા જાય

## અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સકળ સંઘ તરફથી શેઠ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇનું ભાવભર્યું અભિનંદન

# અપૂર્વ અમૃત મહોત્સવની સુમધુર સરવાણી

★ દેવોનેય દર્શન કરવા આવવાનું મન થાય એવું મનોહર એ દૃશ્ય હતું. જાણે ત્યાં અંતરની ભાવનાની પાવન ભાગીરથી વહેતી હતી.

★ ઉત્સવ તો માત્ર એ જ દિવસનો હતો. પણ શેઠશ્રી કસ્તૂરભાઈના જીવનની પંચોતેર વર્ષની સિદ્ધિએ જનમાનસ ઉપર કેવી અંતરસ્પર્શી છાપ પાડી છે, એનાં આહ્લાદકારી દર્શન એમાં લાધતાં હતાં.

★ મુખ્ય સમારંભ તા. ૧૦-૫-૭૦ના રોજ સવારના ૯॥ થી ૧૨ વાગતાં સુધી ગામે ગામના સંઘોના આગેવાનોની વિશાળ હાજરીમાં ઊજવાયો. સકળ સંઘની શેઠશ્રી પ્રત્યેની ભાવોર્મિના પ્રતીક રૂપે તેઓને શ્રી શત્રુંજય તીર્થના ભવ્ય જિનમંદિરની ચાંદીની આબેહૂબ અને વિશાળ આકૃતિ અને સંસ્કૃતિ તથા ગુજરાતી ભાષાની પ્રશસ્તિનું તામ્રપત્ર, સુંદર તોરણ સાથે, અર્પણ કરવામાં આવ્યાં. ફૂલહારની સંખ્યા પણ જાણે જનસમુદાયની ભાવનાની સાથે સ્પર્ધામાં ઊતરી હતી.

★ ૧૦મી તારીખે બપોરે પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી; રાત્રે ભાવનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

★ ૧૧મી ની સવારે ૯॥ થી ૧૧ સકળસંઘના મોવડીઓનું કુટુંબમિલન યોજાયું હતું. સૌએ શ્રી કસ્તૂરભાઇની સાથે દોઢેક કલાક ઉપયોગી વાર્તાલાપ કર્યો. જેઓ એમાં હાજર રહી શકયા તેઓએ શ્રી કસ્તૂરભાઇની ભાવના, શક્તિ અને સમજણના વિશેષ દર્શન કર્યાં.

★ ૧૧મીના બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું.

★ 'મધુરેણ સમાપયેત'ની ઉક્તિ મુજબ આવા આહ્લાદકારી મહોત્સવની પૂર્ણાહુતિ બહારગામના મહેમાનો, શ્રી અમૃત મહોત્સવ સમિતિના સભ્યો અને આમંત્રિતોના સમૂહભોજનથી ૧૧મીની સાંજે સાત વાગે થઇ.

★ —અને આ આખોય મહોત્સવ હર્ષોલ્લાસ વચ્ચે ઊજવાયો અમદાવાદની સુપ્રસિદ્ધ હઠીભાઈ શેઠની વાડીમાં. વાડીના વિશાળ, ભવ્ય અને કળામય જિનમંદિરને વીજળીની રોશનીથી શણગારવામાં આવ્યું હતું. એ મંદિરનું રાત્રિનું દૃશ્ય કોઇ નયન મનોહર અને તેજનો અંબાર વેરતા દેવવિમાન સમું લાગતું હતું.

★ —અને મહોત્સવ મંડપ પણ જેવો વિશાળ હતો એવો જ સોહામણો હતો. એનાં સુશોભનો જાણે અમૃતનો આસ્વાદ આપતાં હતાં. એ અમૃત મહોત્સવનાં થોડાંક દર્શન કરીએ. —તંત્રી

### મુખ્ય સમારંભ

જૈનસંઘના અગ્રણી, શ્રેષ્ઠીવર્ય શ્રીમાન કસ્તૂરભાઇ લાલભાઇએ તેમના જીવનનાં ૭૫ વર્ષ એક યશસ્વી ગાથારૂપે પૂર્ણ કર્યા હોઇ, તે અંગે શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તરફથી તેઓશ્રીનું બહુમાન કરવા માટે અમૃત મહોત્સવ વૈશાખ સુદિ ૫ રવિવાર તા. ૧૦-૫-૭૦ના રોજ અમદાવાદમાં યોજવામાં આવ્યો હતો.

આ મહોત્સવ દિલ્લી દરવાજા બહાર આવેલ શ્રી હઠીભાઇની વાડીમાં ઊજવવામાં આવ્યો. સવારના બરાબર ૯-૩૦ કલાકે ગુજરાત રાજયના રાજયપાલ શ્રી શ્રીમન્નનારાયણના અતિથિવિશેષપણા નીચે અને ભારતના ખ્યાત-

નામ ઉદ્યોગપતિ શ્રી બ્રિજમોહન બિરલાના પ્રમુખપદે સન્માન મહોત્સવની શુભ શરૂઆત સાદાઈ અને ભવ્યતાના સુમેળ જેવી થઈ હતી.

આ પ્રસંગે ભારતભરના જુદાજુદા ગામોના જૈન સંઘોના પ્રતિનિધિ રૂપે આશરે ૯૦૦ જેટલા ભાઈઓ પધાર્યા હતા. અમદાવાદના જૈન–જૈનેતર શહેરીજનો અને રાજયના આગેવાનોની વિશાળ હાજરીથી વિશાળ મંડળ ભરાઈ ગયો હતો.

આ મહામૂલા પ્રસંગે અમદાવાદના નગરશેઠ શ્રી વિમળભાઈ મયાભાઇ, શેઠશ્રી અમૃતલાલભાઈ હરગોવિંદદાસ, ગુજરાતના મૂકસેવક શ્રી રવિશંકર મહારાજ, પંડિતવર્ય શ્રી સુખલાલજી, પંડિતવર્ય શ્રી બેચરદાસજી, મેયર શ્રી નરોત્તમભાઈ કેશવલાલ ઝવેરી, શ્રી સુમતીબેન મોરારજી, શેઠ જીવતલાલ પ્રતાપશી, શ્રી શાંતીલાલ ઉજમશી શ્રોફ, શ્રી હીરાલાલ લલ્લુભાઇ, શેઠશ્રી દેવચંદભાઈ છગનલાલ નીપાણીવાળા, શેઠ ભોગીલાલ મગનલાલ, શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી મોતીલાલ વીરચંદ, શ્રી પોપટલાલ રામચંદ, શ્રી ત્રીકમલાલ અમૃતલાલ, વકીલ ભાઇચંદભાઈ અમરચંદ, શ્રી રવિભાઈ લવજીભાઇ, શ્રી કેશવલાલ બુલાખીદાસ, શ્રી દેવરાજજી, નારણજી શામજી મોમાયા, સુરતના નગરશેઠ શ્રી જગદીશચંદ્ર, સુરજમલ કે. સંઘવી વગેરે અનેક આગેવાનો સમારંભમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી તીર્થંકર ભગવંતોને પ્રણામ કરતી પ્રાર્થના કરવામાં આવી. પૂ. આનંદઘનજીની રચના ‘ અવસર બેર બેર નહીં આવે ’ ને ભાઈલાલ શાહે સુમધુર કંઠે રજૂ કરી.

પ્રસંગને અનુલક્ષીને જુદાં જુદાં સ્થળોએથી આવેલ લગભગ ૭૫૦ સંદેશાઓમાંથી મુખ્ય સંદેશાઓનું વાંચન અને કેટલાક નામો શ્રી આત્મારામ ભોગીલાલ સુતરીયાએ વાંચી સંભળાવેલ.

(સંદેશા મોકલનાર વિશિષ્ટ વ્યક્તિઓની યાદી અન્યત્ર આપવામાં આવી છે)


અમદાવાદના માજી મેયર શ્રી ચંદ્રકાન્તભાઈ છોટાલાલ ગાંધીએ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અમૃત મહોત્સવ સમિતિ વતી સૌનું ભાવભર્યું સ્વાગત કરતાં જણાવ્યું કે જૈનપૂરી અમદાવાદમાં શેઠશ્રીનો અમૃત મહોત્સવ ઊજવવા જૈન સંઘો એકત્ર થયેલ છે, તે જૈનોના ઇતિહાસમાં ભૂલી શકાય નહીં તેવો ઐતિહાસિક પ્રસંગ છે. શેઠશ્રીના તીર્થરક્ષાના અને તીર્થોદ્ધારના કાર્યને વર્ણવતા જણાવ્યું કે : વસ્તુપાળ, તેજપાળ તથા મહારાજા કુમારપાળ પછી આટલા બધા જૈન તીર્થોનો જીર્ણોદ્ધાર કરાવરાવ્યો હોય તો તે શેઠશ્રી કસ્તૂરભાઇએ. આપણે સૌ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી તેમના પગલે આગળ વધીએ એવી આશા છે.

શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘ દ્વારા શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઇ અમૃત મહોત્સવ સમિતિ તરફથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ લખેલ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના પરિચયના સુંદર પુસ્તિકા તેમજ શ્રી અમૃતલાલ મૂળશંકર ત્રિવેદીએ લખેલ ‘શત્રુંજય–રાણકપુર–દેલવાડા’ નામની પુસ્તિકાઓ આ પ્રસંગ પર પધારેલા સૌને ભેટ આપવામાં આવી હતી.

ભારતીય વિદ્યાના વિખ્યાત વિદ્વાન અને જૈન વિદ્યાના ઊંડા અભ્યાસી, કોલ્હાપુરની શિવાજી યુનીવર્સીટીની આર્ટ્‌સ ફેકલ્ટીના ડીન ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેયે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. (એમના વક્તવ્ય માટે જુઓ પૃષ્ટ ૫૪ ઉપર.)

ત્યારબાદ પંજાબ જૈન સંઘના આગેવાન લાલા સુંદરલાલજી જૈને પોતાના હાર્દિક ઉદ્‌ગારો રજુ કરતાં શેઠશ્રીની સેવાઓને બિરદાવી હતી. (જુઓ પૃષ્ટ ૫૫ ઉપર.)

મહોત્સવના પ્રમુખ શ્રી બ્રિજમોહન બિરલાજી શ્રી રાણકપુર તીર્થના જિનમંદિરની ચાંદીની આકૃતિ શેઠશ્રી કસ્તૂરભાઇને ભેટ આપે છે.





સંઘપતિ શ્રી વિમળભાઈ મયાભાઈ નગરશેઠ સંસ્કૃત અને ગુજરાતી તામ્રપત્રનું તોરણ શેઠશ્રી કસ્તૂરભાઇને અર્પણ કરે છે.

જૈન શ્વેતામ્બર સમાજના કાર્યકર, 'જૈન રત્ન' શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફે પોતાની ધર્મમય લાગણીના પ્રવાહ પ્રસરાવતા જણાવ્યું કે, 'શેઠશ્રીનો અમૃત મહોત્સવ ઊજવવાની ઊજળી તક મળવાનો આજ આનંદનો દિવસ છે. જેમના જીવનમાં સારી આરાધના થઈ હોય તેમનો જ અમૃત મહોત્સવ ઉજવાય; અને તે અનુમોદનિય છે.

જૈન સમાજ તેમને આટલા બધા ચાહે છે, તેમના ઉપર વહાલ વરસાવે છે તેનું કારણ એ છે કે તેઓ જૈનસમાજના નાના–મોટા કાર્યોમાં ભાગ લેવાનું ચૂકયા નથી. આવા નેતા અન્ય સમાજમાં આજ મળી શકે તેમ નથી. આપણે સૌ પુણ્યાનુબંધી પુણ્યની અનુમોદના કરવા ઉપસ્થિત થયા છીએ. તેઓ ખૂબજ મનોમંથન બાદ નિર્ભયતાથી નિર્ણય લઈ કાર્યનો અમલ કરી શકે છે. ૫૦૦ વર્ષ સુધી અવિચલ રહે તેવું તેમને કાર્ય કરેલ છે. ગમે તેવા મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ બે મીનીટમાં આપે છે, અને તે પણ સર્વાંગસુંદર હોય છે. સાધન, સામગ્રી અને સંપત્તિ એ ગૌણ છે, બધાને મળે છે; પણ તેનો સુયોગ્ય ઉપયોગ કરનાર શેઠશ્રી છે. દેવાધિદેવોના મંદિરની તેમજ શાસનની સંભાળ અને આવેલ વિઘ્નો દૂર કરનારા એવા તેઓ પુન્યશાળી છે. તેમનાથી કાર્યો સુંદર રીતે થાય છે. આપ અમારા સુકાની છો અને અમારી ચિંતા રાખો છો એટલે જ આપની રાહબારી નીચે શાંતિપૂર્વક આરાધના કરી શકીએ છીએ. શાસનની સેવા કરવાની વધુ તક આપશ્રીને મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના. રાણકપુરના મંદિરોથી પ્રેરણા મળે તેમ ઈચ્છીએ.

ગુજરાત રાજ્યના માજી કેળવણીપ્રધાન શ્રીમતી ઇન્દુમતિબહેન ચીમનલાલે જૈન ધર્મ વિશ્વધર્મ હોવાનું જણાવેલ. સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાના ચાર સ્થંભોમાં શ્રાવકધર્મ ઘણો પ્રતિષ્ઠિત છે, જે શેઠશ્રીએ સાચવ્યો છે. ભ. મહાવીરના ૧૨ શ્રાવકો યાદ આવે છે. શેઠશ્રીના ધાર્મિક–સામાજિક કાર્યોને લઇને અભિનંદન આપીએ છીએ. તેઓએ તીર્થોદ્ધાર તેમ જ માનવઉદ્ધાર પણ કરેલ છે શેઠશ્રી ઈચ્છત તો નવા મંદિરો બંધાવી ઉજમણા કરી શકત, પણ યુગની માગ જોઇને કાર્યો કર્યા છે. સંસ્કૃતિ માટે સંસ્થાઓ સ્થાપી. કેળવણીક્ષેત્રે અનેક કાર્યો કર્યા છે. આજે આપણો ધર્મ શું છે ? ગામડામાં શિક્ષણ મળતું નથી. જૈનસમાજના બાળકો હેરાનપરેશાન થઇ રહ્યા છે. બહેનો પ્રત્યે દુર્લક્ષ સેવાય છે. આજે ધર્મકાર્યોમાં જે વપરાય છે, તેનાથી થોડા ટકા આવા કાર્યમાં વાપરીશું તો જરૂર સંસ્કૃતિ સારી લાવી શકીશું. શેઠશ્રીને અભિનંદન આપું છું અને દીર્ઘાયુ ઈચ્છું છું.

મુંબઈના આગેવાન ઉદ્યોગપતિ શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ શેઠશ્રી કસ્તુરભાઇને બહુમાન સમારંભ માટે શ્રીસંઘ વતી સમજાવવામાં લેવી પડેલી જહેમતનું વર્ણન કરતાં જણાવ્યું કે 'જ્યારે અમદાવાદના જૈન આગેવાનો શેઠશ્રીને મળ્યા ત્યારે એ માટે તેમણે ઘસીને ના પાડી. બાદ જૈન સમાજના મહામુત્સદ્દી તેમ જ કરામતવાળા શેઠશ્રી જીવતલાલભાઇએ મને, શ્રી ભોગીલાલભાઈ વગેરેને તેડાવ્યા. અમે અને અમદાવાદના અગ્રણીએ એમને સમજાવવા ગયા ત્યારે એમણે જણાવ્યું કે 'આ અંગે અહીંના લોકો સાથે એકવાર વાત થઇ ગઈ છે; હવે એ વાત કરવાની જરૂર નથી.' શેઠશ્રી કસ્તૂરભાઈ રહ્યા ખૂબ જ ઓછું બોલવાવાળા, એટલે એ વાત ત્યાં જ પૂરી થઈ. પછી મેં જણાવ્યું કે તમે નહીં આવો તો તમારા ફોટને હારતોરા પહેરાવીશું. ત્યારે એ વાતને તેમણે હસી કાઢી. એ પછી મેં એક ત્રીજી વાત મૂકી કે ધર્માજ્ઞા પ્રમાણે અમારામાં શક્તિ હોવા છતાં અમે આપનું સન્માન ન કરીએ તો અમને વીર્યાતિચાર લાગે, અમારે આપની ઉપબૃહણા કરવી જોઇએ. અંતે અમારી વિનંતીને તેઓ વશ

થયા. પણ પછીથી હા પાડવા અંગે એમને વારંવાર પસ્તાવો રહ્યા કર્યો છે, એ હું સારી રીતે જાણુ છું.

શેઠશ્રીના જીવનને ઘણું જ નજદીકથી જોવા માટેની તક મને તેમની સાથેની યાત્રામાં મળેલ છે. તેમના જીવનમાંની આપણે શું ગ્રહણ કરવું તે મેં જોયું: તેમના જીવનમાં કરકસર મુખ્ય છે. આ કરકસર ફક્ત પૈસાની જ નહીં, સમયની અને ભાષાની પણ છે. તેઓ તેમના સમયનો ઉપયોગ એવી રીતે કરે છે કે તેમને માટે દિવસ ૨૫ કલાકનો બની રહે છે.

પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયાજીએ શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ તથા શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અમૃત મહોત્સવ સમિતિ દ્વારા અપાયેલ તામ્રપત્રનું નગરશેઠ શ્રી વિમળભાઇના વતી વાચન કર્યું હતું. (જે અક્ષરસઃ પાના નં. ૫૩ ઉપર અપાયેલ છે.) તામ્રપત્રની શેઠશ્રીને નગરશેઠ વિમળભાઇ મયાભાઈના શુભહસ્તે અર્પણવિધિ થઈ હતી. આ તામ્રપત્ર ગુજરાતી તથા સંસ્કૃતમાં અર્પણ કરવામાં આવેલ હતું.

મહોત્સવના અથિતિવિશેષ તરીકે પધારેલા ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમન્નારાયણજીએ આ પ્રસંગે પ્રવચન કરતાં જણાવ્યું કે આજે દેશમાં જ્યારે સર્વત્ર રાજકારણની અસર દેખાય છે ત્યારે અ. ભા. જૈન સંઘે શેઠશ્રીના સન્માનનું જે આયોજન કર્યું તે આવકારદાયક છે. આપણા દેશમાં ધર્મપરાયણ અને પોતાના વ્યવસાય ઉપરાંત જનતાને નહિ ભૂલનારા લોકો ઓછા થતા જાય છે, ત્યારે આવા ઉત્સવો ખાસ જરૂરી છે.

અમદાવાદમાં શિક્ષણક્ષેત્રે આપેલી સેવાઓને બિરદાવતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે અહીંની ગુજરાત યુનિવર્સિટીની રચનામાં, ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેંટમાં, સ્કુલ ઓફ આર્કીટેકમાં, મંદિરોનું રક્ષણ અને જીર્ણોદ્ધાર કરવામાં એમનો મહત્વનો ફાળો છે.

હરિજનો માટે જૈન મંદિરોને એમણે ખુલ્લાં મુકાવી સમાજ–સુધારણાનું ઉત્તમ કાય કર્યું છે. અંતમાં તેઓએ સમાજમાં જ્યારે રાજનૈતિક સમારંભો વધી પડ્યા છે તે વખતે આવા સામાજિક સમારંભો વધારે થાય અને ડોકટરો, ઉદ્યોગપતિઓ, ઈજનેરો વગેરેનાં બહુમાન થાય એવું ઈચ્છયું હતું.

શ્રી અમૃત મહોત્સવ સમિતિ દ્વારા શ્રી અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. પૂ. સંઘ તરફથી શેઠશ્રી કસ્તૂરભાઇ લાલભાઈના બહુમાનની લાગણીના પ્રતિકરૂપે શ્રી રાણકપુરજી તીર્થના જિનાલયની રજતમય (ચાંદીની) પ્રતિકૃતિ સમારંભના પ્રમુખ આગેવાન ઉદ્યોગપતિશ્રી બ્રિજમોહન બિરલાનો શુભહસ્તે શેઠશ્રી કસ્તૂરભાઇને અર્પણ કરવામાં આવી હતી. આ કળાકૃતિ તૈયાર કરનાર મેસર્સ શ્રી રતનલાલની કંપની અને શ્રી જગુભાઇને

---

## અભિનંદન

શેઠશ્રી કસ્તૂરભાઇ લાલભાઇએ સારાયે જૈન સમાજની તેમ જ સારાએ ભારતની સારી સેવા કરી છે. આપણે ઇચ્છીએ કે તેઓશ્રી જૈનસમાજ માટે અને સાથે શ્વેતામ્બર અને દિગમ્બર સમાજની સેવા માટે ઘણુંજ લાંબુ આયુષ્ય ભોગવે. હું મારા તરફથી તેમ જ દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમિટિ તરફથી તેમને અભિનંદન આપુ છું.

—એસ. પી. જૈન (નવી દિલ્લી)

---

## આદર્શ વ્યક્તિ

છેલ્લા પચ્ચાસ વર્ષથી શેઠશ્રી કસ્તૂરભાઇ તથા તેમના કુટુંબીજનો ગુજરાત તેમ જ સારા ભારતને જે સેવાઓ આપે છે, તે કદી ભૂલાશે નહિ. પ્રામાણિકતા અને ઉચ્ચ આદર્શોને લઇને આગળ વધવાનો આ એક પ્રત્યક્ષ દાખલો છે. જૈન સમાજની ઉદાહરણીય વ્યક્તિ છે. જિંદગીમાં તેઓ વિશેષ આગળ વધે તેમ ઇચ્છું છું.

—ડી. સી. કોઠારી (મદ્રાસ)

રૂા. ૫૦૧–૫૦૧નું ઈનામ પણ શ્રી બિરલાજીના હસ્તે આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ અમદાવાદના સંઘ તરફથી નગરશેઠશ્રી વિમળભાઇએ શેઠશ્રીને ફૂલહાર પહેરાવ્યા હતા. તે પછી જુદાં જુદાં ગામોના શ્રીસંઘો, સંસ્થાઓ વગેરે તરફથી શેઠશ્રીને હાર પહેરાવવામાં આવ્યા હતા. (ફૂલહાર કરેલ જૈનસંઘોની યાદી અલગ જૂઓ.) આ સમયે કેટલાંક ગામોના સંઘો તરફથી હસ્તલિખિત સન્માનપત્રો, શ્રી શત્રુંજય ગિરિરાજનું હાથથી દોરેલ ચિત્ર, શ્રી તારંગાજી વગેરે તીર્થોના આલ્બમ અને જુદા જુદા પુસ્તકો શેઠશ્રીને આપવામાં આવ્યા હતા.

સમારંભના અધ્યક્ષ શ્રી બિરલાજીએ પોતાના પ્રવચનમાં જૈન સમાજને અનુલક્ષીને જણાવ્યું હતું કે :

આજે આપણા દેશના મહાન ભારતીય, જેઓ વિવિધક્ષેત્રોમાં ખંતથી રસ લઇ રહ્યા છે અને જેમનું કોઇપણ ક્ષેત્રમાં ઝંપલાવવું તે જ સફળતા છે, તેમ જ જેની સેવા પ્રદાનમૂક છતાં ઉમદા છે, તેવા મહાન નાગરિકને આજે સન્માનવા અને શુભેચ્છા પાઠવવા આપણે એકઠા થયા છીએ. શેઠ શ્રી કસ્તૂરભાઇએ પોતાની જિંદગીના પંચોતેર વર્ષ દરમ્યાન પોતા તરફ દુર્લક્ષ્ય સેવી પોતાની જાતને દેશના કાર્યમાં પરોવી દીધી છે. તેમના જીવનની ભાવનાએ ઔદ્યોગિક વસાહત, કેળવણીના કેન્દ્રો, પૂરના વિસ્તારો કે દુષ્કાળગ્રસ્ત વિભાગ દાન કરવા યોગ્ય સંસ્થા કે પછી ખંડિત–જીનુ મંદિર આ દરેકને પૂર્નજીવન આપ્યું છે.

૧૯૩૬ની સાલમાં મને પહેલી વખત શેઠશ્રી કસ્તૂરભાઇને મળવાનું નસીબ પ્રાપ્ત થયું. તેઓશ્રીએ મને વોશીંગ્ટનમાં આંતરરાષ્ટ્રીય મજુર સભાના




વિશાળ જનસમુદાયની હાજરીનું એક દશ્ય...........

સભ્ય તરીકે નીમ્યો હતો. ત્યારપછીના ૩૪ વર્ષ ઉપરાંતના ગાળામાં અમારા સંબંધની ગાંઠ મજબૂત અને ગાઢ બની. શેઠશ્રી કસ્તૂરભાઇનું આર્થિક દૃષ્ટિબિંદુ, દરેક પ્રશ્નને દુરંદેશીથી જોવાની દૃષ્ટિ, ધાર્યામાં ન આવે તેવી સરળતા અને સચ્ચાઇ; અને તેમની તીવ્ર દેશદાઝને લીધે મેં તેમની હમેશાં પ્રશંસા કરી છે. છેલ્લા વર્ષમાં તો તેઓ મારા વડિલબન્ધુ બની ગયા છે.

જાહેર બાબતોમાં કાર્યદક્ષ વહીવટદાર, સામાજિક કાર્યોમાં જવાબદારીના પ્રતિક સમા ગુણો શેઠ કસ્તુરભાઇમાં વણાઈ ગયા છે. આ ઉમદા ગુણોનું ભાથું તેમને મહાત્મા-ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના સુભગ તેમ જ ગાઢ સંબંધ દ્વારા પ્રાપ્ત થયેલ છે. ૧૯૧૮ની શરૂઆતમાં શેઠ કસ્તૂરભાઇને સરદાર પટેલ સાથે ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના જાહેર સેવ કાર્ય માટે પ્રથમ તક પ્રાપ્ત થઈ. તેમના આ કાર્યે સરદારશ્રીને એટલા મુગ્ધ કર્યા કે ૧૯૨૬ના ભયંકર પૂર વખતના રાહતકાર્ય માટે શ્રી અંબાલાલ, શ્રી મંગળદાસની સાથે તેમને પણ સામેલ કર્યા. આ દરમ્યાન સરદારે લાગણીપૂર્વક શ્રી કસ્તૂરભાઇને કેન્દ્ર સરકારની ધારાસભામાં સભ્ય તરીકે બનવા દબાણ કર્યું. આમ તેમનું જાહેર જીવન આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રમાં છેલ્લા પચ્ચાસ વર્ષ દરમ્યાન ઝડપથી વિકસતું રહ્યું છે.

તેમણે બંધાવેલ 'શ્રી લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર' એ પરદેશી વિદ્વાનો માટે યાત્રાનું ધામ બની ગયું છે.

આર્થિક બાબતોના ચકાવામાં રહેવા છતાં, શ્રી કસ્તૂરભાઇ ધાર્મિક પ્રવૃત્તિમાં રસ લેતા રહ્યા છે. તેમના પિતાશ્રીના અવસાન બાદ છેલ્લા ૪૪ વર્ષથી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું પ્રમુખસ્થાન સંભાળી રહ્યા છે. આ સંસ્થા જૈનોના તીર્થસ્થાનોના વહીવટ



...ને અભિનંદનનો પ્રત્યુત્તર આપતા શ્રી કસ્તૂરભાઈ શેઠ.

## સંસ્કૃતિ અને સંરક્ષણના પ્રતિક

શેઠશ્રી કસ્તૂરભાઇ સાથેના લગભગ ૪૮ વર્ષના પરિચયે મારી નજરે તેઓ આપણી ગુજરાતી આગવી સંસ્કૃતિ અને સંરક્ષણના એક પ્રતિકરૂપ છે. પરંપરાની સાથે આધુનિકતાનો સુમેળ કરી દરેક ક્ષેત્રમાં કેમ પ્રગતિ સાધવી તેની કળા અને કસબ તેમનામાં સ્વાભાવિક છે જે જે કાર્યક્ષેત્ર એમને સોંપવામાં આવ્યું-પછી તે ઔદ્યોગિક હોય, વ્યાપારી હોય કે જાહેર કાર્ય હોય તે બધાનું સંચાલન તેમણે ખૂબ જ સરળતા, કાર્યકુશળતા અને સદ્‌ભાવથી જાતમહેનત કરી દીપાવ્યું છે ગુજરાતમાં જે આજે ગાંધીજીના સિદ્ધાંત અનુસાર ઔદ્યોગિક શાંતિ અને સુમેળ પ્રવર્તે છે તેમાં શરૂઆતથી શેઠશ્રી મંગલદાસના સાથે એમનો ફાળો નાનોસૂનો નથી. નાગરિકો વિવિધ ક્ષેત્રે એમનો અમૃત મહોત્સવ ઉજવે તે યોગ્ય છે. શેઠશ્રીને લાંબુ આયુષ્ય અને તંદુરસ્તી બક્ષે એવી પ્રભુ પાસે પ્રાર્થના. જેથી સમાજસેવાના કાર્યમાં હજુ પણ એમના અનુભવનો લાભ આપી શકે. —**ખંડુભાઈ દેસાઈ** (હૈદ્રાબાદ)
(ગવર્નર–આંધ્ર પ્રદેશ)

## ઘણી સદીઓ બરાબર છે

શેઠશ્રી કસ્તૂરભાઇ લાલભાઇ આજે ૭૫ વર્ષના હોય, તેમ તેમની શારીરિક શક્તિ અને જુસ્સો જોતા કોઇ પ્રથમવાર માનવા તૈયાર થતું નથી. ક્રીકેટ જગતની ભાષામાં હું કહું તો ૭૫ વર્ષની ઉંમર એ ઘણી સદીઓ બરાબર છે. આનું કારણ શું? કારણ કે તેઓ જીવણવટભર્યું અને ચીવટાઇવાળું જીવન જીવ્યા છે, કે જે ઘણા ઓછા માણસો જીવે છે. વ્યાપાર, સમાજ, કળા, વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાં સંપૂર્ણ શક્તિથી ઘણો ફાળો આપ્યો છે.

—**શ્રેયાંસપ્રસાદ જૈન** (મુંબઇ)

☆

## તેમનો ફાળો નાનોસૂનો નથી

મને જાણીને આનંદ થાય છે કે આ મહોત્સવમાં હિન્દુસ્તાનના બધા સંઘો ભાગ લઈ રહ્યા છે અને જાહેરમાં બહુમાન દર્શાવી રહ્યા છે. જૈન સમાજની ધાર્મિક બાબતોમાં, તેમજ ઉદ્યોગો અને કેળવણીમાં તેમનો ફાળો નાનો સૂનો નથી.

—**રતિલાલ એમ. નાણાવટી** (મુંબઇ)

માટે જવાબદાર રહી છે. આબૂ, રાણકપુર, તારંગા અને શત્રુંજયના જૈન મંદિરોની તેમણે લીધેલ સંભાળ દરેક કલાપ્રિય પ્રેક્ષક મુક્તકંઠે પ્રશંસા કરે છે. ખરેખર તો ઘણા ઇજનેરો અને કલાપ્રિય પ્રેક્ષકો શ્રી કસ્તૂરભાઈએ દાખવેલી મંદિરો પ્રત્યેની કલાસૂઝ અને તેને સમજવાની દૃષ્ટિ જોઇને આશ્ચર્યચકિત થયા છે.

શેઠ કસ્તૂરભાઇને સન્માનવા એકત્ર થયેલા વિશાળ વેપારી સમુદાયને મળીને હું ખરેખર ખૂબ જ ખુશ થયો છું. આપણે ફક્ત તેમને સન્માનતા નથી, પરંતુ આપણે આપણી જાતને માન આપીએ છીએ, કારણ કે શ્રી કસ્તૂરભાઇ આપણી વ્યાપારી કોમના અગ્રણિ અને પ્રતિષ્ઠિત જવાબદાર વ્યક્તિ છે.

આપણે શ્રી કસ્તૂરભાઇએ ૭૫ વર્ષ પૂરા કર્યા તે નિમિત્તે અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. ચાલો આપણે પ્રભુને પ્રાર્થના કરીએ કે આપણે ટૂંક સમયમાં તેમનો ૧૦૦મો જન્મદિવસ પણ ઊજવવાને શક્તિમાન થઇએ.

ત્યારબાદ શેઠશ્રી કસ્તૂરભાઇએ અભિનંદનનો જવાબ આપતું પ્રવચન કર્યું હતું. ( જુઓ પૃષ્ટ ૪૯ )

અંતમાં અમૃત મહોત્સવ સમિતિ વતી શ્રી સુરોત્તમભાઈ પી. હઠીસંગે આભારવિધિ કરી હતી.

બપોરે હઠીભાઈની વાડીના જિનાલયમાં પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. રાત્રે ભાવના ભાવવામાં આવી હતી, જેમાં જનસમુદાયે સારો લાભ લીધેલ. આ પ્રસંગે લોકોની અવરજવર સારા પ્રમાણમાં રહી હતી અત્રેના જિનાલયને આ પ્રસંગે લાઈટ ડેકોરેશનથી અનુપમ રીતે શણગારવામાં આવેલ.

( બીજા દિવસના મહોત્સવના અહેવાલ જૂઓ પૃષ્ટ ૬૧. )

## પરમાર ક્ષત્રિય જૈન પ્રચારક સભા એટલે ?

### અહિંસાધર્મની વિજયપતાકા ખુણે ખુણે લહેરાવનાર

ગુજરાતરાજ્યના ઓડેલીક્ષેત્રના સેંકડો ગામડાઓમાં છેક ઉંડે ઉંડે જઇને હજારો લોકોમાં અહિંસા-ધર્મનો સદેશ ગુંજતો કરનાર સંસ્થા.

મૂળથી માંસાહારી અને શિકારી લોકોમાં પણ વિશ્વવાત્સલ્ય પ્રભુવીરના તત્ત્વો દ્વારા આ ભયંકર હિંસામાંથી લોકોને મુકત કરતી એક માત્ર સંસ્થા.

દારૂ આદિ વિનાશકારી મહાવ્યસનોના પંજામાંથી લોકોને સમજણપૂર્વક છોડાવનાર એક માત્ર સંસ્થા.

ગામડે ગામડે પાઠશાળાઓના માધ્યમ દ્વારા સમ્યગ શિક્ષણ અને જીવન-ઘડતરની સુયોગ્ય પદ્ધતિદ્વારા એમનામાંના મૂળ કરી ગયેલા ખોટા રીવાજો, વાહીયાત માન્યતાઓ અને અનર્થકારી આચરણોથી સાવચેત બનાવી જીવનમાં સમ્યગજ્ઞાનનો પ્રકાશ પાથરનાર સંસ્થા.

જિનેશ્વર ભગવંતોની ભકિતથી ભાવિત કરવા અર્થે અનેક ગામોમાં સુરમ્ય જિનમંદિરોનું નિર્માણ કરી એમના જીવનને આધ્યાત્મિકતા તરફ આગેકૂચ કરાવી આપનાર એક માત્ર સંસ્થા.

વારંવાર જિનશાસન માન્ય અનુષ્ઠાનો, યાત્રાઓ, તપશ્ચર્યા અને આરાધના દ્વારા એમના જીવનમાં જિનશાસન પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા પ્રગટાવી આપનાર એક માત્ર સંસ્થા.

વાસ્તવમાં જન જનમાં જિનેશ્વરદેવોનો કલ્યાણકારી સંદેશો પ્રસરાવી હજારોના જીવન પ્રકાશિત કરનાર ભારતભરની એક માત્ર સંસ્થા.

ભારતભરની આ એકમાત્ર સંસ્થા અનેકવિધ પ્રવૃતિઓ માટે સુપ્રસિદ્ધ છે. આપ આ તીર્થની યાત્રાએ પધારો......અવશ્ય પધારો કેમ કે સાથે સાથે અહિંસા-ધર્મ-પ્રવર્તનના અનેકવિધ જીવંત સ્મારકોના દર્શનનો લાભ પણ પ્રાપ્ત થશે.

**સૌ કોઈ પ્રત્યેક પ્રસંગે આ સંસ્થાના અનુપમ કાર્યને આર્થિક હકાર સત્વરે મોકલી આપો.**

: મુખ્ય કાર્યાલય :
શ્રી પરમાર ક્ષત્રિય જૈનધર્મ પ્ર. સભા
C/o. કાંતિલાલ ઉજમલાલ
૩૯-૪૧, ધનજી સ્ટ્રીટ,
ત્રીજે માળે, મુંબઇ-૩

એજ લિ. માનદ મંત્રીઓ,
ચીમનલાલ મગનલાલ વાસણવાળા
કાંતિલાલ ઉજમલાલ શાહ
કુમારપાળ વિમળભાઇ શાહ
(વિજાપુરવાળા)
બાબુભાઈ એચ. જીનવાલા

## વિહાર

### સ્થળે સ્થળે શાસનપ્રભાવના

આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ., મુનિશ્રી ઇંદ્રવિજયજી ગણીવર્યાદિ વિશાળ સાધુસમુદાય જગડીઆથી વિહાર કરી તલોદ્રા થઇ લીમેટ પધારતાં ત્યાંના સંઘે સામૈયું કર્યું. અત્રે ઘર દેરાસર, ઉપાશ્રય અને શ્રાવકોના સાતથી આઠ ઘર છે. ગણીવર્ય શ્રી જયવિજયજી મહારાજે તલોદ્રાના ઉપાશ્રય માટે પ્રવચન આપતાં તલોદ્રા ઉપાશ્રય માટે જે ટીપ કરવામાં આવી હતી તેમાં ત્રણ ભાગ્યશાળીઓએ ૧૦૧-૧૦૧ રૂપીયા લખાવ્યા હતા તેના ૩૦૧-૩૦૧ કર્યા.

ત્યાંથી વાલીઆ પધાર્યા. વાલીઆ શ્રીસંઘે સમારોહપૂર્વક સામૈયું કર્યું. ગણીવર્ય શ્રી જયવિજયજી મ નું જાહેર ભાષણ થયું. એમાં જૈનો ઉપરાંત હિંદુ-મુસલમાનોએ પણ સારો લાભ લીધો.

ત્યાંથી વિહાર કરી તડકેશ્વર પધાર્યા. ત્યાંના સંઘે પણ ધામધુમથી નગરપ્રવેશ કરાવ્યો. તડકેશ્વર શ્રીસંઘે પ્રસ્તાવ પાસ કરી આજના દિવસ માટે દુકાનો બંધ રાખી હતી અને આખો દિવસ પૂજા આદિ ધાર્મિક ઉત્સવમાં દિવસ પસાર કર્યો. રાત્રે ગણીવર્ય શ્રી જયવિજયજી મ.નુ જાહેર વ્યાખ્યાન થયું.

તડકેશ્વરથી વિહાર કરી કરજણ પધાર્યા. અહિં પણ પાંચ-સાત શ્રાવકોના ઘર છે, ઘર દેરાસર છે ઉપાશ્રયનું કામ બાકી છે તે પુરૂ કરાવવાનું છે.

ત્યાંથી વિહાર કરી કઠોર પધાર્યા. અહિં પણ રાતના ગણીવર્ય શ્રી જયંવિજયજી મ., ગણીવર્ય શ્રી ન્યાયવિજયજી મ.ના જાહેર ભાષણો થયા. અત્રે પાલનપુરના ભાઇઓ દર્શન કરવા આવ્યા. સુરતથી શ્રી જવેરચંદભાઈ આદિ તથા પાટણના ભોગીલાલભાઈ આદિ દર્શન કરવા આવ્યા.

અત્રેથી વિહાર કરી તા. ૨૮–૪–૭૦ના રોજ સુરત સ્ટેશન પર ધર્મશાલામાં પધાર્યા. ધર્મશાળામાં શ્રી કુંથુનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે તેના દર્શન કરી માંગલિક સંભળાવ્યું. ત્યાં વડાચૌટા, ગોપીપુરા આદિથી સાધ્વી સમુદાય સાધ્વી શ્રી વિજ્ઞાનશ્રીજી, સાધ્વી શ્રી કુસુમશ્રીજી આદિ વિશાળ સમુદાય દર્શન વંદન કરવા પધાર્યા. શ્રાવક–શ્રાવિકાઓ પણ દર્શન કરવા આવતાં રહ્યાં.

તા. ૨૯–૪–૭૦ના રોજ હરિપુરા શ્રીસંઘની વિનતિથી હરિપુરા પધાર્યા. ત્યાંના દેરાસરના દર્શન કરી ત્યાંના ઉપાશ્રયમાં વ્યાખ્યાન આદિ થયું. અહિં ગોપીપુરાનો શ્રીસંઘ સામૈયું લઇને આવતાં સામૈયાના સાથે આચાર્યશ્રી આદિ વિશાળ સાધુસમુદાય સમ્મિલીત થયા અને શ્રીસંઘે નગરપ્રવેશ કરાવ્યો. સામૈયામાં ઇન્દ્રધ્વજા તથા સુરતના સુપ્રસિદ્ધ રજાક બેન્ડે હજારો નર–નારીઓના મન મોહીત કરી દીધા હતાં. વડાચૌટા, ગોપીપુરા, નવાપુરા તથા મોહનલાલજી મહારાજના ઉપાશ્રયમાં બિરાજતાં સર્વે મુનિવર્યો સમ્મિલિત થયા હતા. સ્થળે–સ્થળે ગહુલીઓ થઈ હતી. ગોપીપુરાને ધ્વજા–પતાકા તથા બોર્ડોથી શણગારવામાં આવ્યું હતું. ઝવેરી મુળભાઈની વાડીના વિશાલ ઉપાશ્રયમાં પધાર્યા. ત્યાં હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. આચાર્યશ્રીજી આદિના શતાબ્દિ સંબંધીના વિષયમાં ભાષણો થયા.

સાધ્વીજી વિજ્ઞાનશ્રીજી મ.ના શિષ્યા સાધ્વી પદ્મલત્તાશ્રીજીએ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરેલ. એમના પારણા નિમિત્તે ગોપીપુરા ઓસવાલ મહોલ્લામાં શ્રી વાસુપૂજ્યસ્વામીજીના દેરાસરે પાંચ દિવસનો મહોત્સવ છઠથી શરૂ થયો. તા. ૩૦મીના રોજ શ્રીયુત લક્ષ્મીચંદ મોતીચંદ ગઢવાલાના સુપુત્રો તરફથી કુંભસ્થાપન કરવામાં આવ્યું. બપોરે નવગૃહ, દસદિગ્પાલ આદિ પૂજાઓ ભણાવવામાં આવી શ્રી નરોત્તમભાઇ ગોકરભાઇ, તારાચંદ દોલતચંદ તરફથી આ પૂજા ભણાવવામાં આવી.


**શુભઅવસર ।। શ્રી મહાવીરાય નમઃ ।। અવશ્ય લાભ લ્યો !**

# શ્રી બામણવાડાજી પ્રાચીન તીર્થ

શ્રી બામણવાડાજી તીર્થ (રાજસ્થાન) સિરોહી રોડ સ્ટેશનથી ચાર માઇલ દુર આવેલા આ પ્રાચીન શ્રી વીર પ્રભુના ઉપસર્ગનું મહાતીર્થ અતિ સુંદર સ્થાન છે. બસ–મોટરની વ્યવસ્થા છે. અત્રે બેડાવાલા શાહ હજારીમલ ગુલાબચંદજીની સહાયથી શ્રી વીરપ્રભુના ૨૭ ભવોના પટો તૈયાર થયેલ છે. તેમજ તેમની સહાય અને સહકારથી શ્રી સમેતશિખરજી મહાતીર્થ અત્રેના પહાડ ઉપર નવ નિર્માણ પામી રહેલ છે. તો શ્રી ચતુર્વિધ સંઘે તન, મન, ધનથી સાથ આપી લાભ લેવા વિનંતી છે.

શ્રી જિનમંદિરના જીર્ણોદ્ધારમાં દ્રવ્યની જરૂરીયાત હોઈ તેમજ જિનમંદિરની બન્ને બાજુ શ્રી ચરમતીર્થપતિ મહાવીરસ્વામિના પ્રથમ ગણ શ્રી ગૌતમસ્વામીજી તથા પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામીજીધરની મૂર્તિ સ્થાપિત કરવાની હોય નકરો રૂ. ૭૦૦૧) સાત હજાર એક રૂપીયા રાખેલ છે. જેનો ભાવિકોએ લાભ લેવો. નૂતન શ્રી સમ્મેતશિખરજી નિર્માણમાં શ્રી પાર્શ્વનાથજીની ટૂંક, જલમંદિર, તલાટી મંદિર, ધર્મશાળા, ભાતાખાતુ, શ્રી ભોમિયાજીનું મંદિર, ૨૯ દહેરીઓ વી. નો આદેશ અપાય ગયેલ છે. પણ મોંઘાઈ તથા ભાવ વધતા ખર્ચ વધારે થયેલ છે. તેથી રૂ. ૩૫૦) આપનાર ભાવુકોના નામ આરસની તકિત ઉપર લખવામાં આવશે તો દરેકે લાભ લેવા વિનંતિ છે.

શાસનદેવની કૃપાથી શ્રી સમેતશીખર નિર્માણ કાર્ય સ્થગીત થયેલ તે ફરીથી શરૂ થયેલ છે.

—: વિશેષ જાણકારી માટે નીચેના સ્થળે લખો :—

| | |
|---|---|
| **શાહ હજારીમલ ગુલાબચંદજી** | : વ્યવસ્થાપક : |
| (બેડાવાલે) | **શ્રી કલ્યાણજી પરમાણંદજીની પેઢી** |
| મું : પિંડવાડા (રાજસ્થાન) | મું. પો. સિરોહી (રાજસ્થાન) |
| (સ્ટે : સિરોહી રોડ) | શાખા : **શ્રી બામણવાડાજી જૈન તીર્થ** |

ચૈત્ર વદી ૧૧ ને શુક્રવાર, તા. ૧–૫–૭૦ના દિવસે તપસ્વી સાધ્વીશ્રીજી પદ્મલત્તાશ્રીજીને ૫૦૦ આયંબિલનું પારણું હોવાથી ઉપાશ્રયથી વિશાળ સાધ્વીસમુદાય તથા શ્રાવક–શ્રાવિકાઓ એન્ડ સાથે દેરાસરના દર્શન કરી નેમુભાઈની વાડીમાં આચાર્યશ્રીના દર્શન થે આવ્યા. તપસ્વણ સાધ્વીજીઓ આદિએ વાસક્ષેપ લીધો. આચાર્યશ્રીજી મહારાજ પાસે માંગલિક સાંભળ્યું. આચાર્યશ્રીજી આદિ વિશાળ સાધુસમુદાયને, એન્ડવાજાની સાથે ચતુર્વિધ શ્રીસંઘ સાથે શેઠ નરોતમભાઈ લક્ષ્મીચંદ આદિ બધુઓ પોતે જ્યાં ઉતર્યા હતાં ત્યાં પગલાં કરાવ્યા અને જ્ઞાનપૂજનપૂર્વક વાસ-

ક્ષેપ લીધો. તારાચંદભાઈ આદિ
પણ આચાર્યશ્રીજી આદિ સાધુસમુ
દાયને ચતુર્વિધ શ્રીસંઘ સાથે પોતાં
ત્યાં પગલાં કરાવી જ્ઞાનપૂજનપૂર્વ
વાસક્ષેપ લીધો. બપોરે ગઢનિવાસ
શેઠ લક્ષ્મીચંદ મોતીચંદના સુપુત્રે
તરફથી શાન્તિસ્નાત્ર સમારોહપૂર્વ
ભણાવવામાં આવ્યું. જીવદયાની ટી
કરવામાં આવી.

આવી રીતે સાધ્વીજી શ્રી પદ્
લત્તાશ્રીજીનું ૫૦૦ આયંબિલનું પારણું
ધામધુમથી આનંદપૂર્વક થયું. નરે
ભાઈની વાડીના ઉપાશ્રયે બિરાજ
આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનં
સાગરસૂરીશ્વરજી મ.ના સમુદાય
મુનિરાજશ્રી વિમલસાગરજી મ. ઠાણ
૬નો પ્રેમપૂર્વક મિલાપ થયો અ
મહારાજ સાથે ચાલીને આગમમંદિ
આદિ દેરાસરોના અને આગમોદ્ધાર
આચાર્યદેવના સમાધીમંદિર તેમ
જૈનાનંદ પુસ્તકાલય તથા નેમિવિજ્ઞા
કસ્તુરસૂરિ જ્ઞાનમંદિરના દર્શન કરાવ્યા

વદી ૧૨ના વડાચૌટા સંઘ
આગ્રહભરી વિનંતીથી સામૈયા સા
વડચૌટા પધાર્યા ગણી ઇન્દ્રવિજય
મ. તથા ગણી જયવિજયજી મ.
શતાબ્દિના વિષય પર ભાષણ કર્યું
ઉપસંહાર કરતાં આચાર્યશ્રીએ ના
–નાના ગામોની પરિસ્થિતિનું દિગ્દર્શ
કરાવ્યું અને શતાબ્દિના વિષય
ઉપદેશ આપ્યો અહિં પર મુનિ
ભુષણ મરૂધરરત્ન વ્યાખ્યાન વાચ
સ્પતી મુનિરાજશ્રી વલ્લભદત્તવિજય
મહારાજ તથા સુરીસમ્રાટ આચાર્ય
દેવ વિજયનેમિસૂરીશ્વરજી મ.ના સ
દાયના ગણીવર્ય શ્રી અશોકચં
વિજયજી મ આદિનું મિલન થ


## શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ જગડીઆ

શ્રી જગડીઆ તીર્થે પૂ૰ આ. દેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની પ્રેરણાથી સ્થાપાયેલી આ સંસ્થા સોળ વર્ષથી સમાજની સેવા કરે છે. અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને આશીવાદ રૂપ બની છે.

સંસ્થાને પોતાનું વીશાળ મકાન જેમાં સો વિદ્યાર્થી રહી શકે તેવી જરૂરી તમામ સગવડ તથા ઉપાશ્રય, દહેરાસર આદિ એલાખ દસહજારમાં બંધાવ્યું છે.

ચાલુ સાલ ૫૫ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવ્યા છે. વર્ષનો અંદાજે ખર્ચ ત્રીસ હજારનો થશે જેમાંથી પંદર હજાર ટર્મ ફી તથા વ્યાજની આવકમાંથી આવશે એટલે પંદર હજારની જરૂર રહે છે જે દાતાઓના દાનથી પુરવાની છે. તો નિચેના પ્રકારે આપને અવશ્ય મદદ કરવા વિજ્ઞપ્તિ છે.

રૂા. ૫૦૦૧) આપી દાતા એક વિદ્યાર્થી માફીમાં રાખી શકે છે.
રૂા. ૨૫૦૧) પહેલા વર્ગના પેટ્રન, મે. કમીટીના મેમ્બર ગણાશે. તથા દાતાનો ફોટો ઓફીસમાં મુકવામાં આવશે.
૧૦૦૧) બીજા વર્ગના પેટ્રન દાતાનો ફોટો મુકાશે.
૫૦૧) લાઈફ મેમ્બર. જીંદગી સુધી મત આપી શકશે.
૧૨૫) પાંચ વર્ષ માટે મેમ્બર ગણાશે, અને મત આપી શકશે.

### વિદ્યાર્થીઓને સ્વામીવાત્સલ્ય

રૂા. ૧૫૦૧ મીષ્ટાનની તીથી.
૧૦૦૧ બે ટંકના સાદા ભોજનની તીથી.
૫૦૧ એક ટંકની સાદા ભોજનની તીથી.
૨૫૧ દુધની એક દિવસની તીથી.

### મકાન યોજના

૧૦૦૧ આપનાર દાતાનો ફોટો મુકાશે.
૫૦૧ આપનાર દાતાનું નામ બોર્ડ પર લખાશે.

યુગવીર પૂ૰ આચાર્યશ્રીના જન્મશતાબ્દી વર્ષ દરમ્યાન દરેક પૂ૰ ગુરૂવર્યોને, શ્રી સંઘોને તથા દાતાઓને ઉદાર સહકાર આપવા વીનંતી છે.

**શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ** મુ૰ જગડીયા
અંકલેશ્વર થઈને

બહુ જ પ્રેમભાવથી વાર્તાલાપ કર્યો.

વદી ૧૩ના રોજ સાદડીનિવાસી જેઓ હાલ સુરતમાં રહે છે, તેઓની વિનંતીથી કતાર ગામ પધાર્યા અને ત્યાં પૂજા ભણાવવામાં આવી. તેમજ સાધર્મિકવાત્સલ્ય થયું. આચાર્યશ્રીજી આદિ સાધુ સમુદાય તેમજ સાધ્વી વિજ્ઞાતશ્રીજી આદિ સાધ્વી-સમુદાય કતાર ગામે પધારેલ.

વદી ૧૪ના નવાપુરા શ્રીસંઘની વિનંતીથી નવાપુરા પધાર્યા. અહિં વિશાલ દેરાસર તથા ઉપાશ્રય અને શ્રાવકોના ૧૦૦ ઘર છે અહિં મુનિશ્રી વલ્લભદત્તવિજયજી, મુનિરાજશ્રી ચિદાનંદસાગરજી, ગણી શ્રી જયવિજયજી તથા ગણીવર્ય શ્રી ઇન્દ્રવિજયજી મ૦ આદિના પ્રવચનો થયા અને આચાર્યશ્રીજીએ ઉપસંહાર કરતાં દાનનામહિમા વિષે પ્રવચન કર્યું. અહિં પણ શતાબ્દિના મેમ્બરોના નામ નોંધાવાનું શરૂ થયું. ગોપીપુરા તથા વડાચૌટામાં પણ નામો નોંધાયા. અહિં આગમોદ્ધારક આચાર્યશ્રીજીના સમુદાયના મુનિશ્રી ગુણસાગરજી મ. આદિ ઠાણા ૬નો મેળાપ થયો.

વદી ૩૦ (અમાસ)ના કરચેલીઆ શ્રીસંઘની વિનંતીથી કરચેલીઆ તરફ વિહાર કર્યો. કરચેલીઆ શ્રીસંઘ ઉપર વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ઘણો જ ઉપકાર છે. અને કરચેલીઆ શ્રીસંઘ પણ ગુરૂદેવના ઉપકારને ભુલતો નથી. તેથી શ્રીસંઘની વિનંતીને માન આપીને, કરચેલીઆ તરફ વિહાર કરતાં રસ્તો ૨૦ થી ૨૫ માઇલ વધારે પડે છે છતાં, આચાર્યશ્રીજી કરચેલીઆ પધારશે. ત્યાંથી વલસાડ થઈ મુંબઈ તરફ વિહાર થશે.


# શ્રી જેસલમેરના પંચતીર્થોની

## તીર્થયાત્રા કરી જીવન સફળ કરો

**જેસલમેર જુહારીએ, દુઃખ વારીયે :**
**અરિહંત બિમ્બ અનેક તીરથ તે નમું રે.** (સમયસુંદરજી)

આપણી સંસ્કૃતિનું જુનું પુણ્યસ્થળ જેસલમેર નગર કે જ્યાં દુર્ગ (કિલ્લા), ઉપર આઠ શિખરબંધી જૈનમંદિરો, ૬૬૦૦મનમોહક જિનપ્રતિમાઓ પન્ના સ્ફટીકની દિવ્ય મૂર્તિઓ અને જિનભદ્રસૂરિ જૈન જ્ઞાનભંડારમાં વિશ્વ-વિખ્યાત હસ્તલિખિત તાડપત્ર ઉપર હજારો જૈનગ્રંથો છે. વિશેષમાં અહીં દાદાજી શ્રી જિનદત્તસૂરિજીની ૮૦૦ વર્ષ પ્રાચીન ઓઢવાની ચાદર, ચોળપટ્ટો તેમજ મુહપત્તી—જે અગ્નિસંસ્કારના સમયે પહેરેલા તે—અત્યાર સુધી મોજુદ છે. ચૌદસોમાં બનેલ દેરાસરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથજીના પ્રતિમા સંવત ના સમયથી બિરાજીત છે. ઉતરવા માટે અહીં મહાવીર ભવન, ભોજનશાળા ૨ અને હવે તો વીજળી, પાણી—વધુ વાપરી શકાય તે માટે નળ આદિની સુંદર પ્રકારની સગવડતા છે. આ તીર્થની નજીકમાંજ લોદ્રવા, અમરસાગર, બ્રહ્મસર અને પોકરણ તીર્થ આવેલ છે. લોદ્રવામાં અલૌકીક ચમત્કારી શ્રી ચિંતામણી સહસ્રફણા પાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા છે. ત્યાંના અધિષ્ટાયક દેવ શ્રદ્ધાળુ પ્રભુભક્તોની આશા પૂરી કરે છે. પોકરણમાં ત્રણ જિનાલયો પંદરસોમાં બનેલ છે.

રાજસ્થાનના પ્રસિદ્ધ નગર જોધપુરથી રાત્રીના જૈસલમેર જવા માટે યાત્રાળુઓની ટ્રેઇન ચાલે છે. જે ટ્રેઇન બીજા દિવસે સવારે ૯–૩૫ મીનીટે જૈસલમેર પહોંચાડે છે. આ ઉપરાંત જોધપુરથી સવારના યાત્રાળુઓની ટ્રેઇન તેમજ મોટરબસ પણ પોકરણ માટે ચાલે છે. અને પોકરણથી જૈસલમેરના માટે મોટરબસની સગવડતા છે. માર્ગ સારો આરામદાયક છે. લોદ્રવા જવા માટે જ્યારે પણ યાત્રાળુઓ ઇચ્છે ત્યારે સ્પેશ્યલ બસ પણ અહિંયા મળે છે.

તા. ક. જૈસલમેરમાં દુષ્કાળ હોવા છતાં ત્યાં નળની લાઇનને લીધે પાણીની કમી નથી અને રાશનની કમી નથી. સુરક્ષાની દૃષ્ટિએ માર્ગમાં કોઇ પણ જાતનો ભય નથી.

**વિનીત— માનમલ ચોરડીયા, વ્યવસ્થાપક**

**જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટ**

તાર : "જૈન ટ્રસ્ટ" ] જૈસલમેર (રાજસ્થાન) [ ફોન નં. ૩૦

અમૃત મહોત્સવ પ્રસંગે

# શેઠશ્રી કસ્તુરભાઈએ આપેલ મનનીય પ્રવચન

## જૈન સંઘ જો એક થઈ ઉભો રહેશે તો તેને ઊની આંચ આવવાનીનથી.

---

પ્રમુખશ્રી બીજમોહનજી, અતિથિવિશેષ શ્રી શ્રીમન્નારાયણજી,
ભાઈઓ તથા બહેનો,

આપ સૌએ મારા પ્રત્યે જે સદ્ભાવ બતાવ્યો છે તે સારુ હું આપનો આભારી છું. આપનામાંના ઘણા ભાઈઓ દૂરદેશાવરથી આ પ્રસંગને માટે ખાસ આવ્યા છે. તેમણે લીધેલી તસ્દી માટે હું તેમનો ઋણી છું. જૈન સમાજની મેં જે કાંઈ સેવા કરી છે તે મારી ફરજ સમજીને કરી છે તેના આપે ઉદારભાવે કદર કરી, તેથી હું કૃતજ્ઞતા અનુભવું છું.

મોગલ જમાનામાં શેઠ શાંતિદાસથી માંડી પેઢીધર મારા વડવાઓએ પોતાના જીવન માટે જૈન શાસનને ઇષ્ટ માન્યું છે, અને સમયાનુસાર યથાશક્તિ જૈનધર્મ અને જૈન સમાજને સહાયક બનતા આવ્યા છે. તેમના જેટલું હું કરી શકયો નથી. મારી સમજ અને શક્તિ મુજબ મેં તેમને પગલે ચાલવા પ્રયત્ન કર્યો છે. હું જે કાંઇ કાર્ય કરી શકયો છું તે તેમણે સીંચેલ સંસ્કારોનું ફળ છે. પણ એવું નથી કે મારા વડવાઓએ એકલાએ જ સેવા કરી છે. જૈન પરંપરાનો ગૌરવભર્યો ઈતિહાસ જોઇશું તો જણાશે કે ભારતમાં આવાં કેટલાંય કુટુંબો વસે છે કે જે પ્રણાલિકાગત આવી સેવા કરતા આવ્યા છે. બીજાઓ પણ જૈનશાસનની હસ્તી અને પુષ્ટિ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરતા આવ્યા છે. બીજા જૈનોની માફક મને પણ તેનો વારસો મળ્યો છે.

ધર્મના મુખ્ય બે અંગો છે: એક તેની પાયાની ફિલસૂફી અથવા તત્ત્વજ્ઞાન અને બીજું તેના ઉપર રચાયેલી આચારસંહિતા. જૈનધર્મ ઘણો જૂનો છે. તેણે ઇશ્વર, જીવ, જગત ઇત્યાદિ વિષયો ઉપર ગહન વિચારો કરી ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. આ તત્ત્વજ્ઞાનમાં હું ઊંડો ઊતરી શકયો નથી. મારું ધર્મ બાબતનું જ્ઞાન અને શ્રદ્ધા, વાંચન અને સાધુમહારાજોના સમાગમને લીધે છે. જૈનસંઘના આ મહાન અંગને હું વંદન કરું છું. હું સમજું છું તે પ્રમાણે ઈશ્વર અને મનુષ્ય બે અલગ છે એ અર્થમાં જૈન-ધર્મ ઈશ્વરના અસ્તિત્વમાં માનતો નથી. જિનપ્રતિમાની પૂજા કરી જૈનો મનુષ્યમાંથી ઈશ્વર-ત્વને પામનાર મહાન વિભૂતિઓનો આદર કરે છે. જૈનદર્શન પ્રમાણે દરેક મનુષ્ય સદાચરણ અને ધર્મમય જીવન દ્વારા ઈશ્વરત્ત્વ પામી શકે છે. એટલે કે આત્મામાંથી પરમાત્મા બની શકે છે. બ્રાહ્મણ કુળમાં જન્મવાથી કોઈ માનવી ઊંચો થઈ જતો નથી કે શુદ્ર કુળમાં જન્મ-વાથી તેને નીચો ગણવો જોઇએ નહીં. દરેક મનુષ્યના ઊંચનીચપણાનું પ્રમાણ તેના આચાર-વિચાર ઉપર જ આધાર રાખે છે. સ્ત્રીઓ અને શૂદ્રો પણ મોક્ષના અધિકારી છે, અને ધાર્મિક ક્રિયાઓ કરવા હક્કદાર છે, એ ઉદાર ધર્મવિચારનો સ્વીકાર સૌથી પ્રથમ જૈનધર્મ અને બૌદ્ધ ધર્મે કર્યો.

જૈનધર્મના આચારસંહિતાની ખૂબી એ છે કે ધર્મના વિશિષ્ટ ધ્યેયોને રોજીંદા જીવનમાં વણી લે છે. કેવળ તેનું યથાશક્તિ અનુકરણ કરવામાં આવે તોપણ જીવન ધર્મમય બને છે.

મારે કબૂલ કરવું જોઈએ કે હું આવા અનુકરણથી વિશેષ કાંઈ કરી શકયો નથી. સદ્‌ભાગ્યે મને તેમાંથી સુખદુઃખ પ્રત્યે સમભાવ, મનની શાંતિ અને તટસ્થતા મલ્યાં છે. ધર્મ આપણને સહિષ્ણુતા શિખવે છે. ધર્મના આચરણથી અહિંસા અને સમદષ્ટિ તેના વ્યાપક અર્થમાં આપણને સાંપડે છે, જાણી જોઈને કોઈનું દિલ દુભાવવાથી તે આપણને દૂર રાખે છે. જૈન ધર્મનો સ્યાદ્વાદનો સિદ્ધાંત એની ખાસ વિશિષ્ટતા છે. એનો હેતુ એ છે કે કોઈપણ વસ્તુ વિષે અભિપ્રાય બાંધતાં પહેલાં તેનાં જુદાં જુદાં પાસાં તપાસવાં જોઈએ, જેથી સત્યની વધુમાં વધુ નજીક પહોંચી શકાય, અને સત્યના કોઈપણ અંશની અવગણનાથી બચી શકાય.

આપણા તીર્થોને માટે મેં જે કાંઈ કર્યું છે તે માટે તમે ઘણું કહ્યું છે. આ કાર્ય આપણી ધર્મપરંપરા સાથે સંકળાયેલ છે. મોટાભાગનાં જૈનેતર મંદિરોનો વહીવટ તેમના મહંતોના હાથમાં હોય છે, પરિણામે ધાર્મિક મિલકત અને ખાનગી મિલકત વચ્ચે ભેદ રહેતો નથી અને ધાર્મિક મિલકતનો બગાડ થવાના પ્રસંગો બને છે. આપણી પરંપરા જુદી છે. તીર્થોનો વહીવટ સંઘના હાથમાં રહ્યો છે. વળી આપણામાં એવી ભાવના રહેલી છે કે દેવદ્રવ્યનો બીજો ઉપયોગ નિષિદ્ધ છે. આ કારણથી સેંકડો વર્ષોથી આપણાં તીર્થો જળવાતાં આવ્યાં છે. મને આશા છે કે આ પ્રણાલિકા ભવિષ્યમાં પણ બરાબર જળવાઈ રહેશે. સંઘની એ ફરજ છે કે તે ધાર્મિક મિલકતનો વહીવટ પ્રમાણિકતાને આંચ ન આવે તેવી રીતે શુદ્ધ બુદ્ધિથી કરે.

આપણાં દેરાસરોનો આપણને મોટો વારસો મલ્યો છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં ઘણાં ઓછાં દેરાસરો એવાં છે કે જે અણિશુદ્ધ, તેના તે જ સ્વરૂપમાં પૂરેપૂરાં સુરક્ષિત રહ્યાં હોય. આપણાં દેરાસરોમાંના કેટલાક તો ઉચ્ચકોટીના સ્થાપત્યના નમૂના છે. દેલવાડા અને રાણકપુર તે માટે જગપ્રસિદ્ધ છે. જૂનાં ઐતિહાસિક દેરાસરોમાં એવાં ઘણાં દેરાસરો છે કે જેમનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે, અને કેટલાંકના જીર્ણોદ્ધાર થયા પણ છે. પણ આમાં એક મુશ્કેલી એ છે કે ભાવિક છતાં જીર્ણોદ્ધારની ઓછી સમજણ ધરાવતા માણસોના હાથે દેરાસરોનું અસલ સ્થાપત્ય વિકૃત બને છે કે ક્યારેક તો નષ્ટ પણ થાય છે. જીર્ણોદ્ધાર કરતી વખતે જે વસ્તુનો ખ્યાલ રાખવાનો છે તે એ છે કે જે દેરાસરનું સ્થાપત્ય તેની અસલ સ્થિતિમાં જળવાઈ રહે અને જો કોઈપણ કારણસર તેની અસલ સ્થિતિ છુપાઈ ગઈ હોય તો તે બહાર આવે અને એમાં જે ભાગ ખંડિત થયો હોય તે પૂરો કરવામાં આવે. જો આમ થાય તો જૂના સ્થાપત્યનું કલેવર તેના મૂળ સ્વરૂપમાં આબેહુબ જળવાઈ રહે. દેલવાડા, રાણકપુર અને શત્રુંજયના દેરાસરોનો જીર્ણોદ્ધાર આ વાત નજરમાં રાખીને કરવામાં આવ્યો છે. જોકે શરૂઆતમાં કેટલાક લોકોને આ ન ગમ્યું, પરંતુ, મને કહેતાં આનંદ થાય છે કે, હવે બધા આ દષ્ટિબિંદુ સમજવા લાગ્યા છે અને સંમત થયા છે કે જે કાંઈ થઈ રહ્યું છે તે બરાબર છે. હું આશા રાખું છું કે જીર્ણોદ્ધાર કરાવતી વખતે સંઘના અત્યારના કાર્યકરો અને આપણી ભાવી પેઢીઓ આ વાત ખાસ ધ્યાનમાં રાખશે.

આપણી બીજી એક મોટી સંપત્તિ તે આપણા જ્ઞાનભંડારો, ઐતિહાસિક ફેરફારોને કારણે ભારતના બીજા ભાગોમાં પ્રાચીન સાહિત્ય બહુ ઓછું સચવાયું છે. પરંતુ ગુજરાત અને રાજસ્થાનમાં તે સુરક્ષિત રહ્યું છે. જોકે આજે તેનો જોઈએ તેવો ઉપયોગ થતો નથી. જો આપણે જ્ઞાનભંડારોને સુવ્યવસ્થિત કરીએ કે જેથી વિદ્વાનો તેનો ઉપયોગ કરી શકે, તો પ્રાદેશિક ઇતિહાસને અને ભાષાઓને લાભ થશે, એટલું જ નહિ પણ જૈન ધર્મ અને જૈન સમાજે દેશના ઘડતરમાં જે ફાળો આપ્યો છે તે લોકોના ધ્યાનમાં આવશે.

જાહેર જીવનમાં કામ કરનાર માટે ક્યારેક અંગત સંબંધ અને સમાજના હિત વચ્ચે સંઘર્ષના પ્રસંગો આવે છે અને ત્યારે તેની કસોટી થાય છે. પેઢીના સંચાલન દરમ્યાન જાહેર જીવનની જવાબદારીને ન્યાય આપવા માટે મારે એક પ્રસંગે કાયદેસર પગલાં ભરવા પડેલાં.

વ્યક્તિગત અને સંસ્થાકીય આદર્શોના સંઘર્ષનો એક પ્રસંગ ૧૯૫૫ની સાલમાં બન્યો હતો. કેટલક હરિજન ભાઈઓએ શત્રુંજયના દેરાસરમાં જવાનો આગ્રહ જાહેર કર્યો. મેં અગાઉ કહ્યુ તે પ્રમાણે, સ્ત્રીઓ અને શુદ્રોને ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લેવાનો અધિકાર છે તેવું જૈન ધર્મ સ્વીકારે છે એટલે નાહી ધોઈ શુદ્ધ કપડાં પહેરી તેઓ દેરાસરમાં જઈ શકે છે તેવું મારું મંતવ્ય હતું. પરંતુ જુનવાણી વિચારધારાએ એવી પકડ પકડેલી કે હરિજનોને દેરાસરમાં જવા દેવાય નહિ. પેઢીના ટ્રસ્ટીઓ પાસે આ પ્રશ્ન આવ્યો. તેમણે સૌએ મંદિરપ્રવેશની ના પાડી. મારે કહેવું પડ્યું કે હું અંગત રીતે તેમની સાથે નથી. આ સંજોગોમાં તેમણે મને પેઢીમાંથી છુટો થવા દેવો જોઇએ. હું મારા વ્યક્તિગત સિદ્ધાંતના ભોગે પેઢીમાં કામ કરવા તૈયાર નથી. સદ્ભાગ્યે ટ્રસ્ટીમંડળ માની ગયું અને હરિજન પ્રવેશ માટે ઠરાવ કર્યો. આંદોલન આપોઆપ શમી ગયું.

રાજ્ય સાથેના સંઘર્ષમાં સંઘબળના વિજયનો એક પ્રસંગ કહું તો તે અસ્થાને નહિ લેખાય. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દર વર્ષે પાલીતાણા દરબારને રૂા. ૧૫,૦૦૦ આપતી હતી. ૧૯૨૬માં આ કરારનો અંત આવ્યો. નવો કરાર કરવા માટે દરબારે રૂા. ૧૫,૦૦૦ને બદલે રૂા. ૧,૫૦,૦૦૦ની માંગણી કરી. આ માંગણી ઘણી વધારે પડતી હોઈ પેઢીએ ઠરાવ કર્યો કે કોઇએ શેત્રુંજયની જાત્રાએ જવું નહિ. જૈન સમાજે આ ઠરાવનું પાલન એટલી તો ચુસ્ત રીતે કર્યું કે તેની મોટા પ્રમાણમાં અસર થઇ. પેઢીએ આવો ઠરાવ કરવો અને સારાયે જૈનસંઘે તેને શિરોધાર્ય કરવો તેનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે તે શ્રીસંઘ પાસે મારું મસ્તક નમે છે. શત્રુંજયની યાત્રા કરવાનો કેટલીક વ્યક્તિઓને તો એવો નિયમ હતો કે જો તે જાત્રાએ ન જાય તો અમૂક ચીજ ખાવાની છોડી દેવી પડે. મારાં દાદીમા દર વર્ષે બે વખત શત્રુંજયની જાત્રાએ જતાં હતાં. જ્યારે પેઢીનો ઠરાવ થયો ત્યારે તે પણ યાત્રાએ ન ગયાં તે બન્ને વખત પાંચસો રૂપીઆ પેઢીને ભરતાં. તે યાત્રાએ ગયાં તો નહિ પરંતુ બેઉ વખત એમણે રૂપીયા પેઢીમાં ભરાવ્યા. સંઘબળમાં એમને આવી શ્રદ્ધા હતી. વાઇસરોય લોર્ડ રીડીંગની સફળ દરમ્યાનગીરીથી આ પ્રશ્નનો સુખદ અંત આવ્યો. પાલીતાણા દરબારને નમતું જોખવું પડયું અને દોઢ લાખને બદલે વાર્ષિક રૂા. ૬૦,૦૦૦ આપવાનો કરાર થયો. આ રીતે રાજસત્તા ઉપર સંઘબળનો વિજય થયો.

આ પ્રસંગ કહેવા પાછળનો મારો આશય એ છે કે જૈનસંઘ જો એક થઈ અડીખમ ઊભો રહેશે તો તેને ઊની આંચ આવવાની નથી. ભારતના ઇતિહાસમાં ઘણા પલટા આવી ગયા છે, તે સામે આપણાં દેરાસરો જો સુરક્ષિત રહ્યાં હોય તો તે પણ આપણા સંઘબળને આભારી છે. આપણા બધાની એ ફરજ થઈ પડે છે કે આપણે સંઘબળને વધારે મજબૂત બનાવીએ. જે રીતે રાજ્યવ્યવસ્થા બદલાઈ રહી છે તે જોતાં ભવિષ્યમાં આવા સંગઠનની વધારે જરૂર પડશે. આપણાં તીર્થો દેશભરમાં પથરાયેલાં પડ્યાં છે, અને એવા અવસરો આવશે કે આપણે એક અવાજે ખભેખભા મિલાવી કામ કરવું પડશે.

આજના વ્યક્તિવાદના જમાનામાં સંસ્કારનો મહિમા ઘટતો જાય છે, અને નીતિ અને સદાચારનાં મૂલ્યો વીસરાવાં કે પલટાવાં લાગ્યાં છે. તેથી શીલ–સદાચાર તથા નીતિ–પ્રામાણિકતાની ભાવનાને ટકાવી રાખવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડે એમ છે. આ માટે

ધર્મનું શિક્ષણ અને ધર્મનો ઉપદેશ ઉપયોગી થઈ શકે એમ છે, પણ ખરો પ્રભાવ ધર્મમય જીવનનો જ પડે છે. એટલે આપણા સંઘની આચારસંહિતાના પાલનમાં જે કાંઈ ખામી આવી ગઈ હોય તે દૂર કરવાની જરૂર છે.

હવે જો મારા કામની વાત કરૂં તો મને એકરાર કરતા ખુશી થાય છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વડા તરીકે મેં જે કાંઇ કામ કર્યું છે તે મારા સહકાર્યકર ટ્રસ્ટીઓનો અને તેમાંયે ખાસ કરીને શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીને આભારી છે. હું તો માત્ર સુકાની હતો. જે કામો થયાં છે તેને માટે મારાં કરતા તેઓ યશના વધારે અધિકારી છે.

વળી, પેઢી મારફત તીર્થભક્તિ અને સંઘભક્તિ કરવાનો મને જે અવસર મળ્યો છે તેને હું મારા જીવનનો મોટો લહાવો ગણું છું. એની પાછળની મારી દૃષ્ટિ કંઈક આત્મસંતોષ અને નિર્મળ આનંદ મેળવવાની રહી છે. આપણા વડવાઓએ જે ધર્મકાર્યો અને તીર્થ-સ્થાનો કર્યા છે, અને અત્યારે પણ જે કામો થવાનાં બાકી છે, એનો વિચાર આપણને અતિ નમ્ર બનાવે છે. મંત્રીશ્વર વસ્તુપાળ જેવા ધર્મપુરુષે ભગવાનની સ્મૃતિ કરતાં રચેલ શ્લોકનું સ્મરણ કરવા જેવું છે. તેઓએ કહ્યું કે :—

न कृतं सुकृत किंचित् सतां सस्मरणोचितम् ।
मनोरथैकसाराणां एवमेव गत वयः ॥

અનેક મહાન ધર્મકાર્યો કરનાર મહામંત્રી વસ્તુપાળ ભગવાન સમક્ષ નમ્રતા દર્શાવી કહે છે કે "આટલી જિંદગી વહી ગઈ તોપણ સજ્જનોને યાદ રાખવા લાયક કોઇપણ સારું કાર્ય મારે હાથે થયું નથી. સારા મનોરથો કરવામાં જ જિંદગી વહી ગઈ." મંત્રીશ્વર વસ્તુપાળના સરખામણીએ તો આપણે જેટલી નમ્રતા દાખવીએ એટલી ઓછી છે. તીર્થભક્તિમાં મારી લાગણી આવી જ રહી છે.

અંતમાં આપે બધાએ મારું બહુમાન કર્યું તે માટે હું ફરી આપનો આભાર માનું છું અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરું છું કે સમાજને વધુ ઉપયોગી નિવડવા મને શક્તિ અને પ્રેરણા આપે.

---

"ચતુર્વિધ સંઘના ચારે વિભાગોમાં શેઠ કસ્તુરભાઈનો પુરો પ્રભાવ પડે છે તે તેમના શુભનામ કર્મને આભારી છે. આવા શુભ નામ-કર્મ ઉપાર્જન કરનાર એક સદીમાં એકાદ વ્યક્તિ જ જોવામાં આવે છે.

"તેમને તંદુરસ્તી ભરેલું દીર્ઘાયુ મળે તે જ શુભ ભાવના."

—કાંતિલાલ ઈશ્વરલાલ.

## શ્રી અખિલ–ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી

# સન્માન પત્ર

આપે આપના ઉજ્જવળ જીવનનાં ૭૫ વર્ષ યશસ્વી રીતે પૂરાં કર્યાં તે નિમિત્તે સમસ્ત ભારતના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી યોજવામાં આવેલ આ અમૃત મહોત્સવ પ્રસંગે આપને અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘની પ્રતિનિધિ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનું પ્રમુખપદ આપ છેલ્લા ૪૪ વર્ષથી પૂર્ણ સફળતાથી સંભાળી રહ્યા છો. આપે આ સમય દરમ્યાન શ્રી સમ્મેતશિખર, શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર, શ્રી રાણકપુર, શ્રી આબુ, શ્રી કુંભારિયા, શ્રી તારંગા વગેરે તીર્થોના તથા એમના હક્કોના રક્ષણ, તેમ જ આદર્શ જીર્ણોદ્ધાર માટે જે માર્ગદર્શન આપ્યું છે તે ચિરસ્મરણીય છે. વળી, જૈન સંઘના દીર્ઘદર્શી સુકાની તરીકે શ્રી સંઘની એકતા અને શુદ્ધિને માટે આપે જે કાર્ય કર્યું છે તે અમૂલ્ય છે. આ ઉપરાંત આપે રાષ્ટ્ર અને સમાજના ઉત્કર્ષમાં, શિક્ષણના પ્રસારમાં અને દુષ્કાળ આદિ સંકટ સમયે વિશાળ જનસમૂહની સેવામાં તથા પ્રાણીઓની રક્ષામાં જે વિશિષ્ટ કામગીરી બજાવી છે તે, જૈનધર્મની અહિંસાની વ્યાપક ભાવનાનું સાતત્ય જાળવીને, જૈન સંસ્કૃતિનું ગૌરવ વધારે એવી છે. અને ભારતના એક નિપુણ અને પ્રામાણિક ઉદ્યોગપતિ તરીકે તો આપે વિદેશમાં પણ ઘણી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. આપના રાજમાન્ય અને પ્રજામાન્ય વ્યક્તિત્વનો વિચાર કરતાં જૈન પરંપરાના મહાપુરુષો શ્રી જાવડશા, શ્રી વિમળશા, શ્રી વસ્તુપાળ, શ્રી જગડુશા, શ્રી ભામાશા આદિનું તેમ જ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી આદિ આપના પ્રતાપી પૂર્વજોનું સહેજે સ્મરણ થઈ આવે છે. આપે ધર્મપરાયણતા, સચ્ચરિત્રશીલતા, ઉદારતા આદિ ગુણોને લીધે જૈન પરંપરાનું ગૌરવ વધાર્યું છે. આપની બહુવિધ સંઘસેવાની અમે અંતઃકરણથી ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ, અને આપના પ્રત્યેની બહુમાનની લાગણીના પ્રતીકરૂપે શ્રી રાણકપુર તીર્થના જિનમંદિરની રજતમય આકૃતિ આપને આદરપૂર્વક અર્પણ કરીએ છીએ. જૈન સંઘ હમેશાં આપનું ધર્મગૌરવ, તીર્થરક્ષા, સંઘરત્ન અગ્રણી તરીકે સ્મરણ કરતો રહેશે. પ્રાંતે, અમે આપને માટે શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે चिरं जीयात्, चिरं नन्द्यात्, श्रेष्ठिरत्नमनुत्तमम् । भद्रमस्तु श्रीसंघस्य ।

**વિમળભાઈ મયાભાઈ નગરશેઠ**

સંઘપતિ

શ્રી અખિલ–ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

# अमृत महोत्सव पर श्री उपाध्ये का प्रवचन

सेठसाहब जितने श्रीमान हैं, उतना ही उनका व्यक्तिगत जीवन सादगी से परिपूर्ण है। वैसे तो वे प्रकृति से गंभीर, प्रसिद्धिसे विमुख और कम बोलने वाले हैं। लम्बी लम्बी बातें कहने की अपेक्षा ठोस कार्य करना यह उनका स्वभाव है। उनके जीवन में परंपरागत सत्त्वशील स्वाभिमान और कौटुंबिक परम्परा पर खास निष्ठा मुझे महसूस होती है।

जिस तरह मोक्ष के साधन सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यक्चारित्र हैं उसी तरह चतुर्विध संघ के धार्मिक व सामाजिक संघटन के लिये देव, शास्त्र और गुरू यह रत्नत्रय है। श्रीमान् सेठ कस्तुरभाई इन तीनों के परम जीर्णोद्धारक हैं। नया मंदिर बनवाने में तो पुण्य है ही, लेकिन् जो मंदिर निर्माण किये गये हैं उनके जीर्णोद्धार में जादा पुण्य है, यह मेरी राय हैं। वस्तुपाल तेजपाल आदि लोगोंने सुंदर मंदिर निर्माण किये हैं। वे जैसे कलापूर्ण हैं वैसे ही धार्मिकताके मानबिंदु भी हैं। इन पुराने मंदिरोंका जीर्णोद्धार सेठ साहबने मौलिक और सौंदर्यपूर्ण किया है। जीवनमें सादगी और उद्योग में पुरोगामित्व के साथ साथ उनकी कलाप्रियता और पुरानी वस्तुओं पर प्रेम खास प्रशंसनीय है। मंदिरोंके जीर्णोद्धार में उनकी देवभक्ति पूर्णतया प्रतीत होती है।

मैं मानता हूँ कि सेठसाहब ने किया हुआ शास्त्रों का जीर्णोद्धार चिरस्थायी और दूरगामी परिणाम करनेवाला होगा। चालीस वर्षो से पूर्व पाटण, जैसलमीर आदि गुजरात या राजस्थान के भण्डारों से कोई हस्तलिखित प्रति प्राप्त करना बहुत कठिन था। किसीको कोई प्रति मिले, तो वह दैवी कृपा मानी जाती थी। ऐसी अवस्था में श्रीमान् सेठ कस्तुरभाईने लालभाई दलपतभाई विद्यामंदिर स्थापन करके एक सुंदर तथा समृद्ध साहित्य संशोधन केन्द्र निर्माण किया। पश्चिम हिंदुस्थान के कितने ही अलभ्य हस्तलिखित ग्रन्थ, उनके फोटो या फिल्म यहाँ उपलब्ध हैं। इस तरह यह विद्यामंदिर विद्यानिष्ठ लोगों के लिए एक तीर्थक्षेत्र बन गया है। गुजरात में श्रीमानों की परम्परा सदियों से चालू है, उसी के साथ ऐसी संस्था से विद्वानों की परम्परा भी चालू रहेगी। शास्त्रों का जीर्णोद्धार जो हुआ है और हो रहा है उसका श्रेय श्रीमान् सेठ और उनके कुटुंबियों की दानशूरता को है।

जैन साधुओंका असर गुजरात के समाज पर सदैव होता रहा है। इसका प्रत्यय हमें महात्मा गांधीजी के जीवनमें आ चुका है। जिस वक्त साधुवर्गका आचार शास्त्रानुसार नहीं रहता है, तब उसके विपरीत परिणाम समाज पर होते ही हैं। साधुसमुदाय का जीर्णोद्धार करने का कार्य सेठ साहबने हाथ में लिया था परन्तु वस्तुस्थिति देखकर उन्होंने यह कार्य बद कर दिया। शास्त्रों में कहा है "निर्मोही मोहिनो मुनेः गृही श्रेयान्" सचमुच इस कार्य में सेठ साहबने एक निष्ठावान् निर्मोही श्रावक का कार्य किया है। जिस धैर्य से उन्होंने यह कार्य स्थगित किया उसी में उनकी सफलता मालूम होती है। मैं आशा करता हूँ कि हमारा मुनिवर्ग इस घटना से सबक लेंगे और अन्य श्रावक भी सजग रहेंगे। फलतः सेठ साहबने शुरु किया हुआ साधु संघका जीर्णोद्धार जैन धर्म के लिये लाभप्रद होगा। उन से किया हुआ देव, शास्त्र और गुरु सम्बधी जीर्णोद्धार अत्यंत अर्थपूर्ण है। सेठ कस्तुरभाई सचमुच इस सदी के परम जीर्णोद्धारक, प्रभावक पुरूष या महाजन हैं।

—डॉ. आदिनाथ नेमिनाथ उपाध्ये

# हार्दिक उद्‌गार

[दिल्लीके सुप्रसिद्ध पुस्तक विक्रेता और जैन समाज के आगेवान कार्यकर श्री सुन्दरलाल जैनने अमृत महोत्सव पर दिया प्रवचन का सार]

श्रेष्ठिवर्य सेठ श्री कस्तूरभाई लालभाई जी से मेरा परिचय आज लगभग बीस वर्षों से है। यह परिचय सेठजी की समाज-सेवा और धर्म-प्रभावना सम्बन्धी गतिविधियों के नाते हैं।

पाकिस्तान बनने पर गुजरांवाला में छुटे (६० पेटिये में बन्द) अमूल्य शास्त्रभंडार (जो कि पाकिस्तान सरकार के कब्जे में था) को भारत में सुरक्षित रूप में लाने का पूरा श्रेय सेठजी को ही हैं, क्योंकि जब हम लोग उसको लाने में असमर्थ हो गये तब सेठजी ने उसे सरकार के कब्जे से निकालने और सुरक्षित पहुँचाने में हमें पूरा योगदान दिया। शास्त्रो की दुर्लभता और श्रुतज्ञान से जो परिचित हैं वे सेठजी के इस कार्य का महत्व स्वयं ही समझ सकते हैं।

पञ्जाब में एकमात्र जैनों के प्रसिद्ध श्री आत्मानन्द जैन कालेज अम्बाला का उद्‌घाटन भी आपही के हाथों हुआ जो आज पूर्णरूप से प्रफुल्लित हो रहा है।

पाकिस्तान से आने वाले जैन भाइयों के लिये दिल्ली के रुपनगर में आपने एक ऐसा सुन्दर मन्दिर अपनी देखरेख में बनवाने में सहयोग दिया जिसकी तुलना में आसपास कोई मन्दिर नहीं और जिसकी अत्यन्त भव्य और मनोहर प्रतिमा सेठजी के सौन्दर्य, प्रेम और कला मर्मज्ञता की प्रतीक हैं।

मैं श्री कस्तूरभाई को अपने जीवन के ७५ वर्ष पूर्ण करने के उपलक्ष में आयोजित इस अमृतोत्सव पर साधुवाद देना चाहता हूं। 'जीवन के ७५ वर्ष' कोई महत्त्वपूर्ण घटना नहीं, महत्त्वपूर्ण है जीवन के ७५ वर्षों में जो सेठजी को उपलब्ध हुआ और जो सेठजी से समाज को उपलब्ध हुआ जिसकी अत्यन्त संक्षिप्त चर्चा मैंने अभी की है। व्यक्ति का जीवन व्यक्ति और समाज दोनों के लिये महत्त्वपूर्ण है।

सेठजी के इस व्यक्तित्व से जैनधर्म और जैनधर्म के सार से सेठजी का व्यक्तित्व, अन्योन्यभाव से उसी प्रकार सुशोभित हुए हैं जिस प्रकार कमल से सरोवर और सरोवर से कमल सुशोभित होता हैं।


## માકડના ભયંકર ત્રાસમાંથી બચવાની

### બીનખરચાળ અમૂલ્ય અહિંસક રીત

માકડ (Bugs) તદ્દન લીસી (Smooth) સપાટીવાળા Obtuse-angled (વાંકા આકારના) વાસણ ઉપર ચઢી શકતા નથી, તેથી આવા આકારના પ્લાસ્ટિકના, પિત્તળના કે ત્રાંબાના વાસણ (વાટકા) દરદીઓના ખાટલાના પાયા નીચે મુકવામાં આવે તો બીજા દરદીઓના ખાટલાના માકડ (Bugs) તે દરદીને સતાવી શકતા નથી. આવા વાસણમાં પાણી અથવા બીજી કોઈ દવા નાખવાની જરૂર નથી.

વાસણનો આકાર Obtuse-angled એટલે નીચેથી સાંકડો અને ઉપરથી પહોળો V (વી) આકૃતિ જેવો હોવો જોઇએ.

ગુલાબચંદ મૂલચંદ શાહ

સંતોક ભુવન, ભીમાણી સ્ટ્રીટ, માટુંગા, મુંબઈ-૧૯

## અમૃત મહોત્સવને રચનાત્મક કાર્ય દ્વારા અમર બનાવીએ

# સકળ સંઘને વિજ્ઞપ્તિ

ગયા જાન્યુઆરી મહિનામાં જ્યારે એ જાણ્યું કે શેઠ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇએ ૭૫ વર્ષ યશસ્વી રીતે પૂરાં કર્યાં એની ખુશાલીમાં અખિલ-ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સકળ સંઘ તરફથી તેઓને અભિનંદન આપવા માટે અમૃત મહોત્સવ ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે, ત્યારે બહુ જ આનંદ થયો હતો. જૈન સંઘ દ્વારા પોતાના સમર્થ અગ્રણીનું બહુમાન કરવામાં આવે એ જરૂરી અને સર્વથા ઉચિત જ હતું.

જ્યારે આ વાત મારા જાણવામાં આવી ત્યારે આ અમૃત મહોત્સવની ઉજવણી અંગે બે યોજનાઓ મારા મનમાં આવી હતી: એક તો જૈન સંઘના આવા શાણા, દૂરંદર્શી અને સુયોગ્ય સુકાનીનું. તેઓના તેમ જ જૈન સંઘના મોભાને છાજે એ રીતે, બહુમાન કરવામાં આવે. અને બીજી વાત એ કે શ્રાવક-શ્રાવિકા સંઘના ઉત્કર્ષ માટે આખા દેશ-માંથી એકાદ કરોડ રૂપિયા જેવો અમૃત મહોત્સવ નિધિ એકત્ર કરીને શેઠશ્રીને અર્પણ કરવામાં આવે, કે જેનો ઉપયોગ જુદાંજુદાં કેન્દ્રોમાં ઉદ્યોગગૃહો વગેરે પૂરક કમાણીનાં સાધનો ઊભાં કરવામાં થાય.

કોઇપણ પ્રેરક અને સબળ નિમિત્ત મેળવીને આવું માતબર ફંડ એકત્ર કરવાની એટલા માટે જરૂર છે કે અત્યારે ઉત્તરોત્તર વધતી જતી આર્થિક ભીંસના કપરા સમયમાં શ્રાવક-શ્રાવિકા સંઘને ટકાવી રાખવા માટે તેમ જ એના ઉત્કર્ષ માટે મોટા પાયા ઉપર સુવ્યવસ્થિત પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. આ દિશામાં કેટલાક છૂટા છવાયા પ્રયત્નો આપણે ત્યાં થાય છે, અને એ આવકારદાયક પણ છે. પણ એનું મોટા ભાગનું પરિણામ તાત્કાલિક રાહત પહોંચાડવા જેવું જ આવે છે; અને તેથી જરૂરિયાતવાળાં ભાઇઓ-બહેનોને પગભર બનવાનો માર્ગ એમાંથી ભાગ્યે જ મળે છે. અત્યારે જે કરવાની ખાસ જરૂર છે તે સમાજનાં આવાં ભાઇઓ-બહેનો પગભર બની શકે એવી યોજના તૈયાર કરીને એનો વ્યવસ્થિત રીતે અમલ કરવાની.

દેશના દરેક ભાગમાં શેઠશ્રી કસ્તૂરભાઇની એટલી બધી લોકચાહના છે, તેમ જ સમાજ એમના પ્રત્યે એવી હાર્દિક ભક્તિ ધરાવે છે કે, સમાજ-ઉત્કર્ષ માટે એકાદ કરોડ રૂપિયા જેવું ફંડ એકત્ર કરવા માટે એમના કરતાં બીજું વધારે પ્રેરક અને ઉત્તમ નિમિત્ત આપણને ભાગ્યે જ મળી શકે.

વળી, આપણા સમાજમાં ઠેરઠેર ઔદ્યોગિક શક્તિ અને સૂઝ ધરાવતી એવી અનેક વ્યક્તિઓ મોજૂદ છે કે જેઓનું એક સલાહકાર મંડળ રચવામાં આવે તો એ અમુક અમુક કેન્દ્રોમાં ઉદ્યોગગૃહો સ્થાપી નાના-નાના ઉદ્યોગોદ્વારા સમાજને પગભર બનાવવામાં ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની શકે. શ્રી કસ્તૂરભાઇ પોતે તો એક કુશળ ઉદ્યોગપતિ છે જ. ઉપરાંત મુંબઇના શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, શેઠશ્રી ભોગીલાલ લહેરચંદ, શેઠશ્રી રતિલાલ મણિલાલ નાણાવટી, શ્રીયુત પ્રતાપભાઈ ભોગીલાલ વગેરે, ભાવનગરમાં શેઠશ્રી ભોગીલાલ મગનલાલ મદ્રાસમાં, ઢઢ્ઢા એન્ડ કંપની, દક્ષિણમાં શ્રીમાન દેવચંદ

છગનલાલ શાહ, કલકત્તામાં બાબૂ રાજેન્દ્રસિંહજી સિંધી વગેરે અનેક ઉદ્યોગપતિઓ એવા છે કે જેમની બુદ્ધિ અને ભાવના આ દિશામાં ખૂબ ઉપકારક અને ઉપયોગી બની શકે.

સમાજ-ઉત્કર્ષનું ક્ષેત્ર આપણે ત્યાં હજી પણ ઠીક ઠીક ઉપેક્ષિત છે, એટલે એ માટે મોટું ભંડોળ એકત્ર કરીને તેમ જ સમાજના ઉદ્યોગપતિઓનો સહકાર મેળવીને આ દિશામાં પ્રયત્ન થવાની ખાસ જરૂર છે.

અમૃત મહોત્સવની ઉજવણીની વાત શ્રી કસ્તૂરભાઇને સમજાવવામાં આપણા મોવડી-ઓને જે મુશ્કેલી પડી હતી, તે જોતાં, તેઓના સન્માન નિમિત્તે, સંઘમાંની અમૃત મહોત્સવ નિધિ એકત્ર કરીને, અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે તેઓને એ અર્પણ કરવાનો કોઈ શકયતા ન હતી, એટલે ઉત્સવ વખતે એ ન બની શકયું; પણ તેથી હવે પછી એ કામ ન જ કરી શકાય કે ન જ થઈ શકે એમ માની લેવાની જરૂર નથી. જ્યારે પણ દિલ દઇને વ્યવસ્થિત રીતે પ્રયત્ન કરીએ, ત્યારે થઈ શકે એવું ઉત્તમ આ કાર્ય છે. અલબત્ત, એમાં વધારે વખત ખાલી જવા દેવો એ તો હિતાવહ નથી જ.

અમૃત મહોત્સવની ઉજવણી વખતે સૌ કોઇએ એ જોયું કે શેઠશ્રી કસ્તૂરભાઈ પ્રત્યે સકળ સંઘ કેવી ચાહના અને આદરની ઊંડી લાગણી ધરાવે છે. જો સમાજ–ઉત્કર્ષના કામમાં એ લાગણીનો સરખી રીતે ઉપયોગ કરી લેવાની યોજના કરવામાં આવે તો એમાં જરૂર સફળતા મળે.

અને, આ બધા ઉપરાંત, આ અમૃત મહોત્સવ જેવા અસાધારણ પ્રસંગને સમાજ-કલ્યાણના કોઈ રચનાત્મક સ્થાયી કાર્ય દ્વારા હમેશને માટે યાદગાર બનાવી લેવામાં આવે એ છે જેથી આપણી ભવિષ્યની પેઢી પણ એ જાણી શકે કે, જૈન સંઘમાં આવા મહાન નેતા થયા હતા, અને એમનું સકળ સંઘે આવું સુંદર અને વિરલ બહુમાન કર્યું હતું. આખા દેશના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિઓ અને આગેવાનોએ એકત્ર થઇને પોતાના મોવડીનું આવું ભાવભર્યું બહુમાન અને અભિનંદન કર્યાના પ્રસંગો ભાગ્યે જ બન્યા છે. એટલે એ દૃષ્ટિએ પણ કોઈક વિશિષ્ટ પ્રકારની યોજના દ્વારા આ અસાધારણ પ્રસંગને સદા સ્મરણીય બનાવી લેવામાં આવે એ ઉચિત છે.

આ માટે, આપણા સંઘના મોવડીઓ ઈચ્છે તો, "અમૃત મહોત્સવ ફાઉન્ડેશન ટ્રસ્ટ"ની યોજના કરીને આ અમૃત મહોત્સવને યાદગાર બનાવી શકે. જો આપણા મોવડીઓ આવું ઉત્તમ અને ઉપયોગી કાર્ય શરૂ કરવાનું બીડું ઉઠાવે તો શ્રી સંઘમાંથી પણ એને ઉમળકાભર્યો સહકાર મળી જ રહેશે.

તા. ૧૧–૫–૭૦ના રોજ સવારના અમદાવાદમાં જુદાંજુદાં સ્થાનોના સંઘોના આગે-વાનોનો શેઠ શ્રી કસ્તૂરભાઇ સાથે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે મેં આપણા ભાવનાશીલ કાર્યકર અને મારા મિત્ર ભાઈ શ્રી મોતીલાલ વીરચંદ શાહ સાથે વાત કર્યા પછી અમૃત મહોત્સવને કોઈ રચનાત્મક કાર્ય દ્વારા અમર બનાવવાનો આ વિચાર મેં રજૂ કર્યો હતો. તેઓની સૂચના મુજબ શ્રીસંઘની વિચારણા માટે, આ વિજ્ઞપ્તિ રૂપે એ વિચાર અહીં ફરી રજૂ કર્યો છે.

તા. ૧૫-૫-૭૦. —રતિલાલ દીપચંદ દેસાઈ

## બીજે દિવસ—

# મધુર મિલન : વાર્તાલાપ

શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઇના ૭૫મા વર્ષના શુભપ્રસંગે અમદાવાદ ખાતે યોજાએલ અમૃત મહોત્સવમાં ભારતભરના શહેરો અને ગામોના શ્રીસંઘોના આગેવાનો મોટી સંખ્યામાં આવેલ.

આ પ્રતિનિધિઓ વગેરેની વહિવટી દૃષ્ટિએ તેમજ સમાજની વર્તમાન સ્થિતિ વિષે જાણવા–સમજવાની જિજ્ઞાસાને સંતોષતો એક વાર્તાલાપ શેઠશ્રી કસ્તૂરભાઇ સાથે વૈશાખ સુદ ૬ને સોમવાર, સવારે ૯ા વાગે શ્રી હઠીભાઇની વાડીના વિશાળ મંડપમાં રાખવામાં આવેલ.

પ્રારંભમાં માલેગાવનિવાસી શ્રી મોતીલાલ વીરચંદ શાહે આ મિલન સમારંભના પ્રયોજનનો હેતુ સમજાવતાં, વિવિધક્ષેત્રોના પીઢ અનુભવી અને ધર્મપ્રેમી એવા આપણા નેતા શેઠશ્રી કસ્તૂરભાઇનો બને તેટલો લાભ લો તેમ જ જે ભાઈઓને વિચારવા યોગ્ય પ્રશ્નો પૂછવા હોય તે મુકત મને શેઠશ્રીને પૂછવા જણાવ્યુ હતું.

શ્રી મોતીલાલભાઇએ વધુમાં જણાવ્યું કે 'શેઠશ્રીને કેટલાએ વર્ષોથી તીર્થો અને અન્ય બાબતો માટે અવારનવાર મળવાનું બનતું. માલેગાવમાં શેઠશ્રીની દીર્ઘદૃષ્ટિથી મંદિરમાં હરિજનોના પ્રવેશનો પ્રશ્ન શાંતિથી શમી ગયો હતો. શેઠશ્રીની શક્તિનો લાભ તેમની હાજરીમાં જ લેવા અનુસરશો તો જરૂર સુંદર કાર્યો થતા રહેશે. સમાજ તરફથી જોવે તેવો સહકાર મળતો નથી-તેવી છાપ શેઠશ્રીના મન ઉપર છે તે આપણા માટે બરાબર કહેવાય નહીં.

"આપણા પૂજ્ય મુનિવર્યો અહિંસાનો પ્રચાર કરવાની શક્તિ ધરાવે છે, પણ તેઓમાં આ માટે જોવે તેવું વાતાવરણ નથી. આથી આપણી શક્તિ ક્ષીણ થતી જાય છે. આજના વિજ્ઞાનયુગમાં ૫૦ જેટલા બોમ્બ પડતાં દુનિયા નાશ પામે. આવા સમયે અહિંસાનો ઉપદેશ પ્રસાર થાય તે ઇચ્છવાજોગ છે. મને શ્રદ્ધા છે કે જૈન સંઘો આ બાબત ધ્યાનમાં લેશે. મધ્યમવર્ગના પ્રશ્નને હાથ ધરવાની પણ જરૂર છે. જો સંઘનું સંગઠન હશે તો કાર્યો ઘણા સુંદર થવાના. આપણા બુજર્ગ નેતાઓના માર્ગદર્શન પ્રમાણે વર્તીશું તો જરૂર આગળ આવીશું. તેઓને તોડી પાડવા તે વ્યાજબી નથી"

ત્યારબાદ, શ્રી રિખબદાસજી રાંકાએ આજનો સમય બોલવાનો નહીં પણ કાર્ય કરવાનો; અને કાર્ય કરવાથી મનને પ્રસન્નતા પ્રાપ્ત થતી હોવાનું જણાવ્યું. વધુમાં, ભગવાન મહાવીરના પચીસસોમા

## સૌના અભિનંદનના અધિકારી

પદ્મભૂષણ શેઠશ્રી કસ્તૂરભાઇ લાલભાઇની ૭૫ વર્ષની જન્મજયંતી જૈનસમાજ ઉજવે છે તે જાણી આનંદ. તેમણે કેળવણી, સામાજિક વગેરે ક્ષેત્રોમાં સેવા એકલા જૈન સમાજ પૂરતી જ સિમીત નહિ પણ ઇતર કોમમ પણ આપી છે જેથી તેઓશ્રીને એકલા જૈન સમાજ જ નહિ પણ અન્ય લોકો તરફથી પણ અભિનંદન મળવા જોવે. તેઓશ્રી એકલા વેપારી કે જૈન જ નહિ પણ ભારતીય છે. જે જે લોકો તેમના સંપર્કમાં આવ્યા છે, તેઓના હૃદયમાં તેમણે સાચું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમના ઉમદા વિચારોનો લાભ દરેકને મળતો રહે એવું લાંબુ આયુષ્ય ભોગવે તેમ ઇચ્છું છું.

—જયસુખલાલ હાથી (નવીદિલ્હી)

## તીર્થ અને શાસ્ત્ર-પ્રેમ

શેઠશ્રીનો ૭૫મો જન્મદિન સકલ શ્વે. જૈન સંઘ ઉજવે છે, તેવા પ્રસંગો હું ભાગ્યે જ બનતા જોઉં છું. તેમણે સાધુ, શ્રાવક અને શ્વેતામ્બર સમાજમાં જે સ્થાન મેળવ્યું તેનું કારણ તેઓને તીર્થ અને શાસ્ત્રમાં ઘણો પ્રેમ છે. જૈન સમાજને કેળવણીમાં સહાયરૂપ બન્યા તે પણ તેનું કારણ છે.

એક નમ્ર દિગમ્બર જૈન તરીકે હું માનું છું કે શેઠશ્રી કસ્તૂરભાઇ શ્વેતામ્બર અને દિગમ્બર જૈન સમાજની એકતા સિદ્ધ કરી શકે તેમ છે. અને તે તેમના જીવનની એક ભવ્ય સિદ્ધિ હશે ! જેને માટે વર્તમાન તેમ જ આવતી પેઢી ઋણી રહેશે. બધા લોકો તેમને અભિનંદન પાઠવે એમ હું ઇચ્છું છું.

—પદ્મનાભ એસ. જૈન
(પ્રો. ઇન્ડીયન લેંગ્વેજ-મીશીગન)

નિર્વાણ મહોત્સવ સમિતિના નેતાપદે શેઠશ્રી છે એ બદલ તેમજ તેમના અન્ય કાર્યો બદલ આનંદ વ્યક્ત કરેલ અને તેમની નેતાગીરી સ્વીકારી કાર્યો કરવા જણાવેલ.

ત્યારબાદ ૯ વર્ષના બાળક હીરાલાલ સમચંદ્ર કર્ણાવટે આત્માના નિરીક્ષણ અંગે ભાવભર્યું ભાષણ કરેલ.

જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ લલ્લુભાઈએ મધ્યમવર્ગના ઉત્કર્ષને લગતા વિવિધ પાસાઓનો નિર્દેશ કરતાં—રહેઠાણ માટે મકાનોની યોજનાઓ ઘડવા, રોજી માટે હુન્નરઉદ્યોગો ખોલી સહાયરૂપ બની—તેઓને આગળ લાવવા પ્રયત્ન કરવા જણાવ્યું હતું.

શ્રી દેવચંદ છગનલાલ શાહે શેઠશ્રીનું વક્તવ્ય સાંભળી, તેનાંથી બને તેટલું કરી છૂટવા અપીલ કરી હતી.

વિવિધ પ્રશ્નોત્તરી બાદ, શેઠશ્રી કસ્તૂરભાઈએ નિખાલસપણે મુદ્દાસર પ્રવચન આપતા કહ્યું કે—

"દિગમ્બરભાઈઓ સાથે સમાધાન થાય તે ઘણું ઇષ્ટ છે. હું થોડા સમય અગાઉ કુંભોજગિરિ ગયો ત્યારે ૨૫ ગામોના ભાઈઓએ, આપણે સમજુતી કેમ કરતા નથી તેમ, પ્રશ્ન કરેલ. મેં તેઓને સમજાવતા સંતોષ થયેલ.

"હું ૪૪ વર્ષથી પેઢીમાં કામ કરું છું. પેઢીમાં દાખલ થયા બાદ, બીજે વર્ષે તારંગા તીર્થના ઝગડા સંબંધી મુંબઈ જવાનું થયેલ. ઝગડો પતાવવાની વાત કરી. આ સમયથી મને સમજણ પડી કે આવા ઝગડાઓ ચાલે છે જ્યા જ્યા સમજુતીથી પતાવટ થાય ત્યાં ત્યાં તેમ કરવા પ્રયાસો કર્યાં. તારંગા તીર્થના પ્રશ્ને તેમની સાથે અમે પેઢીના ચાર પ્રતિનિધિઓએ મળી સમજુતી સાધી. તે આજસુધી કંઈ વાંધો આવ્યો નથી.

"શૌરીપુર (આગ્રા) તીર્થમાં બન્નેના જિનાલયો હતા. આ સંબંધી રતનચંદ ચુનીલાલભાઈ સાથે ૪૦ કલાક બેસી સમાધાન કર્યું, પણ તે શેઠ હુકમીચંદજીને માન્ય ન હોય તેનો કેસ કોર્ટમાં ગયો. બન્નેએ મોટી રકમ ખર્ચી. અન્તે હાઈકોર્ટના હુકમથી સમાધાન થયું

## સ્પષ્ટ વક્તા

કસ્તૂરકાકાને નામે ઓળખાતા શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈની ૭૫મી જન્મ જયંતીમાં સહભાગી બનવામાં મને ઘણો આનંદ થાય છે. તેમણે પોતાની જિંદગીનો મોટો હિસ્સો આર્થિક બાબતો સામાજિક તેમજ ધાર્મિક બાબતોમાં આપ્યો છે. તેઓ સાચા અર્થમાં એક નેતા અને યુવાન પેઢીના પ્રેરક છે. જેઓ જેઓ તેમના સંસર્ગમાં આવતા, તેમને તેઓ સામાજિક જવાબદારીઓમાં સ્પષ્ટ વક્તા જણાતા હતા. અંગત રીતે મને મારા પિતાશ્રીના મૃત્યુ પછી પ્રેરણા મળતી રહી છે. તેઓ લાંબુ આયુષ્ય ભોગવે અને આપણને હંમેશને માટે સલાહ સૂચના મળતી રહે.

—**ભરતરામ** (નવી દિલ્હી)

"સમેતશિખરજી બાબતમાં ઝગડો થયો આ અંગે આપણે જે એગ્રીમેન્ટ કર્યું તેઓ ભાઈ કરી શકે નહીં. આપણા હક્ક કોઈ છીનવી શકે તેમ નથી. આપણી માલિકી મટી નથી. આ કાર્ય મારા એકલાથી થયું નથી, પણ પેઢીના અન્ય પ્રતિનિધિઓના સાથથી થયું છે. એક હાથે તાળી પડતી નથી ઝગડો પતવવામાં દિલની વિશાળતા જોઈએ. આપણામાં અમુક ભાઈઓ ઝગડાનો નિકાલ નહીં લાવવામાં રસ લેતા હોય છે, તે સારું ન કહેવાય. આપસમાં મળી સમાધાન કરવું જોઈએ. જો તેમ ન બને તો બન્ને પક્ષો તરફથી એક જજ નીમી, તેમને દરેક વાતથી વાકેફ કરી, તેમના નિર્ણય મુજબ સમાધાન કરવું જોઈએ. પણ આ રીત તેઓને પસંદ નથી.

"પૂજ્ય સાધુમહારાજોના પ્રશ્નો આપણાથી પતે તેવું મને લાગતું નથી. સાધુમહારાજો પવિત્ર છે, પૂજનીય છે; પણ તેઓનું માનસ સંકુચિત છે.

"સાધુમહારાજોના પ્રશ્ને આપણો આબરૂનો સવાલ છે. લગભગ ૭ વર્ષની મહેનત બાદ નિષ્ફળતા મળી છે તેમાં તમારો જ વાંક છે. આ પ્રશ્ને મને અચર્યો તેમ જ શ્રાવકોનો સાથ ન મળ્યો તે કહેતા દુઃખ થય છે તમો બધા જો બરાબર સાથ આપો તો આ કાર્ય ત્રણ જ દિવસનું છે.



શ્રી અષ્ટોત્તરીસ્નાત્રમાં શેઠશ્રી કસ્તૂરભાઈ

"ભ. મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગ નિમિત્ત જે સાહિત્ય તૈયાર થઇ રહ્યું છે તેમાં જૈન સંસ્કૃતિ અને જૈન સિદ્ધાંતો શું છે તે જોવા મળશે. આમાં વિવાદવાળા પ્રશ્નો નહીં આવે. પ્રા. આદિનાથ ઉપાધ્યે વિદ્વાન છે. શ્વેતામ્બર પુસ્તકોની માહિતીવાળા છે. આ બાબતમાં વિશાળદષ્ટિથી કામ લેવું જોઇએ. આ કાર્યમાં દિગમ્બરો, સ્થાનકવાસી અને તેરાપંથી ભાઇઓનો સાથ મળેલ છે.

મધ્યમવર્ગના ઉત્કર્ષ માટે હુન્નરઉદ્યોગો ખોલવા. તેમાં ખાસ કરી નાના ઉદ્યોગોની જરૂરિયાત જણાવી હતી. મોટા ઉદ્યોગો કે જૈન બેંક સ્થાપવાથી આ પ્રશ્ન હલ ન થાય તેવી પોતાની માન્યતા દર્શાવતાં, પોતાના હસ્તકના ઉદ્યોગોમાં ૬૦ કરોડ રૂ.ના રોકાણમાં ૨૪ હજાર માણસો કામ કરે છે; પણ જૈન ફક્ત બે હજાર જ હશે. આ માટે જૈનોને દરેક જાતનું કામ શિખવા અને કરવા જણાવ્યું હતું.

"અમારી ઓસવાળ જ્ઞાતિ શેરબજાર અને ઝવેરાતના કામકાજમાં રોકાએલ, પણ તે બરાબર ન હતું. અમારા બાળકોને ભણાવવા માટે સારી સગવડો ઊભી કરવાથી, આજ અમારી નાની જ્ઞાતિ પણ સારી સ્થિતિએ પહોંચી છે અત્યારે સ્થિતિ ખરાબ છે તેમ હું માનતો નથી. ગામના આગેવાન ભાઇઓ સાધર્મી–ભાઇઓને આગળ લાવવાની તમન્ના રાખે તો જરૂર સ્થિતિ સારી થાય."

અંતમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઇએ જણાવ્યું કે, "અમૃત મહોત્સવ આપણે પૂરો કરવો છે કે શરુ કરવો છે ? શેઠશ્રીના આ અમૃત મહોત્સવ પ્રસંગે એક ભંડોળ થાય તો સારું. બે દિવસ ભેગા મળ્યા,

## સંઘબળ

જૈનસંઘ જો એક થઈ અડીખમ ઊભો રહેશે તો તેને ઊની આંચ આવવાની નથી. ભારતના ઇતિહાસમાં ઘણા પલટા આવી ગયા છે, તે સામે આપણા દેરાસરો જો સુરક્ષિત રહ્યાં હોય તો તે પણ આપણા સંઘબળને આભારી છે. આપણા બધાની એ ફરજ થઇ પડે છે કે આપણે સંઘબળને વધારે મજબૂત બનાવીએ. જે રીતે રાજ્યવ્યવસ્થા બદલાઇ રહી છે, તે જોતાં ભવિષ્યમાં આવા સંગઠનની વધારે જરૂર પડશે. આપણાં તીર્થો દેશભરમાં પથરાયેલાં પડ્યાં છે, અને એવા અવસરો આવશે કે આપણે એક અવાજે ખભેખભા મિલાવી કામ કરવું પડશે.

## આવા માણસો જૂજ હોય છે.

શેઠશ્રી કસ્તૂરભાઇ ફક્ત જૈનોના જ નહીં, પણ સારાએ ભારતના છે. આજ સુધી મેં આવા પ્રામાણિક, બુધ્ધિશાળી, સારા વહીવટકર્તા અને વ્યાપારી જોયા નથી, આવા માણુસો જૂજ હોય છે, ભાગ્યે જ મળે છે, કે જે ભવિષ્યના કામો માટે વિચારપૂર્વક નિર્ણય લે, અને તે નિર્ણયને વિશ્વાસપૂર્વક વળગી રહી, મક્કમતા દાખવી મુશ્કેલી પાર પાડે.

આર્થીક તેમજ લોકોપયોગી બાબતોમાં તેમની પ્રૌઢ નિર્ણય શક્તિ, સ્વભાવની સમતા, સયોગ્ય રહેવાની ચિંતાના ગુણો તે તેમના જીવનના આધારસ્તંભો છે. —કે. કે. શાહ

આરોગ્ય, કુટુંબનિયોજન, રહેઠાણ, નગરવિકાસ ખાતાના પ્રધાન (નવી દિલ્હી)

*

## પ્રતિભા

જ્ઞાન પ્રત્યેનો પ્રેમ, સાદાઇ, સ્વાભાવિકતા એ બધા ગુણોને લઇને તેમની પ્રતિભા સારાએ ગુજરાત તેમ જ ભારતમાં જાણીતી છે. મારા એક પુસ્તક પ્રકાશનમાં તેમની સહાયથી તે તુરત જ ખપી ગયું હતું, આ માટે હું તેમને જિંદગીભર ભૂલીશ નહીં.

—પ્રા એસ. બી. દેવ (નાગપુર)

ભાષણો કર્યા કે સાંભળ્યા અને ખાણી-પીણી કર્યા તેથી શું ? અમૃત મહોત્સવને અમર બનાવવો જોઇએ રાય હોય કે રંક, પણ ભાવના થાય તો જરૂર કાર્ય સિદ્ધ થાય. તો ભંડોળનું કાર્ય જરૂર કરાશે તેમ ઇચ્છું છું."

આ વાતને શ્રી પોપટલાલ રામચંદ શાહે મહારાષ્ટ્ર તરફથી સહકાર આપવાની જાહેરાત કરી હતી.

બાદ, ટ્રસ્ટના નવા કાયદા અંગે પ્રશ્ન થતાં, શેઠશ્રીએ કહ્યું કે-આ નવો કાયદો ખોટો છે ગુજરાતમાં પાંચ લાખ ઉપરાંત ટ્રસ્ટો છે. ટ્રસ્ટને જે આવક થાય તે ખરચી નાખવી તે બરાબર નથી. આ અંગે આપણે સાવચેતી રાખવી પડશે.

આમ આ વાર્તાલાપનો કાર્યક્રમ ઘણા સંતોષપૂર્વક પૂર્ણ થયેલ.

બાદ, હઠીભાઇની વાડીના જિનાલયે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ભણાવાયું હતું. આ અંગે સવારના કુંભસ્થાપન તથા નવગ્રહ પૂજન શ્રી શ્રેણીકભાઇ તથા અ. સૌ. પન્નાબહેનના શુભહસ્તે થયું હતું. પાટલાપૂજનની વિધિ શ્રી સિદ્ધાર્થભાઇ અને અ. સૌ. વિમળાબહેનના શુભહસ્તે થઇ હતી. અષ્ટોત્તરીની વિધિ તેમ જ આરતી-મંગળ દીવાનો લાભ શેઠશ્રી કસ્તૂરભાઇએ લીધો હતો. આ પૂજન પ્રસંગે વિશાળ જનસમૂહ હાજર રહેલ.

## મહેમાનોની સરભરા

અમૃત મહોત્સવ પ્રસંગે બહારગામની બસો ઉપર આવેલા ભાઇઓની ઉતારાની સગવડ મરચી પોળની ધર્મશાળામાં રાખવામાં આવી હતી. તેમજ સવારના ચા-નાસ્તાની અને જમવાની વ્યવસ્થા પણ સુંદર રાખવામાં આવી હતી. ધર્મશાળાના મેનેજર શ્રી ડાહ્યાભાઈ અને પેઢીના સ્ટાફે મહેમાનોની સારી સરભરા રાખી હતી.

બીજે દિવસે સવારે શ્રી હઠીભાઇની વાડીમાં મહેમાનોનો ભોજન સમારંભ યોજાયેલ. સાંજના અમદાવાદ શહેરના આમંત્રીત ગૃહસ્થો તથા મહેમાનોનું રસ-પૂરીનું ભોજન રાખવામાં આવેલ, તેમાં ૧૩૦૦ ભાઇ-બહેનોની હાજરી રહી હતી.

# શેઠશ્રીના બહુમાનાર્થે અનેક સંઘોએ તેમજ સંસ્થાઓએ કરેલ ફૂલહારની

## અમદાવાદ

શ્રીસંઘ શેઠ વિમળભાઈ મયાભાઈ
આ. ક. પેઢી સ્ટાફ શીવલાલભાઈ તથા ત્રિવેદી અમૃતલાલભાઈ
શાહપુર કુવાવાળી પોળ ધીરૂભાઈ પી. શાહ
શેખનો પાડો યુવકમંડળ અશોકભાઇ દલાલ
સાબરમતી રામનગર સંઘ પોપટલાલ મગનલાલ
રાજેન્દ્રસૂરી જ્ઞાનમંદિર ચુનીલાલ પીતાંબરદાસ

## મુંબઈ

મહાવીર જૈન વિદ્યાલય જયંતીલાલ રતનચંદ
મોતીશા જૈન ટ્રસ્ટ શાંતીલાલ ઉજમશી
અ. ભા. અંચલગચ્છ સંઘ મોમાયા નારાણજી શામજી
ઓસવાલ જૈન યુવક સંઘ એચ. આર. શાહ
ઓસવાલ ગાડવાડ સંઘ સંજમલ ચણાવટ
ઝાલાવાડ સંઘ શાંતીલાલ એમ. શાહ
અંધેરી સંઘ પોપટલાલ હુકમચંદ
જૈન શ્વે. કોન્ફરન્સ હીરાલાલ એલ. શાહ
આત્માનંદ જૈન સભા રસીકલાલ બી. ઝવેરી
કેશવજી નાયક ચે. ટ્રસ્ટ જેઠાભાઇ નાયક
જીવદયા મંડળી દીપચંદ એમ. શાહ, નમિનાથ દેરાસર શાંતીલાલ એન. શાહ, ગોડીજી દેરાસર કેશવલાલ બુખાલીદાસ

## અન્ય ગામો

ભાવનગર શ્રીસંઘ ભાઈચંદભાઇ એ. વકીલ
ખંભાત શ્રીસંઘ બાબુલાલ છગનલાલ, ત્ર્યંબકલાલ બાબુલાલ
ઉજ્જઇન શ્રીસંઘ ત્રીકમલાલ અમૃતલાલ
નીપાણી સંઘ શેઠ દેવચંદ છગનલાલ
પૂના ૨-શેઠ હસ્તીમલ, પોપટલાલ શાહ, કાંતિલાલ ચીમનલાલ.
માણસા શ્રીસંઘ છોટાલાલ પુંજારામ
ભરૂચ શ્રીસંઘ શાહ કેસરીમલ દલીચંદ, સકરચંદ સાંકળચંદ, ચુનીલાલ તથા ઠાકોરલાલ નેમચંદ
વીરમગામ શ્રીસંઘ શા ચતુરભાઇ પોપટલાલ
રામપુરા શ્રીસંઘ હરગોવિંદદાસ લલ્લુભાઈ
ઉદેપુર શ્રીસંઘ શ્રીયુત મરોડીયા
ફલોદી શ્રીસંઘ અનુપચંદજી જૈન
સોલાપુર સંપતલાલજી
રાયપુર ધર્મચંદ પારેખ
બીકાનેર પ્રસન્નચંદજી કોચર
કોઇમ્બટુર શાંતિલાલ કપુરચંદ
ધ્રાંગધ્રા મણીલાલ મગનલાલ
માલેગામ મહારાષ્ટ્રીયન કોન્ફરન્સ મોતીલાલ વીરચંદ
નાસીક શ્રીસંઘ સુમતીલાલ ચંદુલાલ
શ્રીન્નાર શ્રીસંઘ જયંતીલાલ રામચંદ
બેંગલોર શ્રીસંઘ રવિભાઈ લવજીભાઈ
સુરેન્દ્રનગર શ્રીસંઘ કાંતીલાલ ગોરધનદાસ
શીવગંજ પુખરાજ કેસરીમલ
ભીનમાલ ભંવરલાલ એડવોકેટ
રાજકોટ જેઠાલાલ સંઘવી
પાટણ પોપટલાલ ભીખાચંદ
પાટણ હેમચંદ્રાચાર્ય જૈન સભા ભોગીલાલ ચુનીલાલ
સાંડેરાવ શ્રીસંઘ ભીકમચંદજી સંઘવી
સાદડી રાઠોડ લક્ષ્મીચંદ દીપચંદજી
નવસારી ચુનીલાલ જે. શાહ
મહુવા ધામી શાંતિલાલ લક્ષ્મીચંદ, મોદી અવંતીલાલ ચુનીલાલ
સેજપુર સોભાગમલજી
રણુંજ ગાંધી મફતલાલ ઝવેરચંદ
સેગાવ માણેકચંદજી પરબત
ઇંદોર વસંતલાલજી માનાવટ, હુકમચંદજી ધનરાજજી, રતનચંદજી કોઠારી, માનમલ તાતેડ
વીસનગર ડૉ. કાંતીલાલ એમ. શાહ
ગોધરા કાંતીલાલ એમ. શાહ
કપડવંજ રમણલાલ મણીભાઈ, પાનાચંદ વ્રજલાલ પેઢી
પાલીતાણા શ્રાવિકાશ્રમ શેઠ જીવતલાલ પ્રતાપશી
પાલીતાણા શ્રીસંઘ ગાંધી નગીનદાસ ઓધવજી
માંડલ શ્રીસંઘ વ્રજલાલ જેસીંગભાઇ શાહ
હીંમતનગર શ્રીસંઘ અંબાલાલ પદમશી, ડૉ. માણેકલાલ કે. શાહ
ઇડર રમણલાલ પી. મહેતા
પીંડવાડા શ્રી સંઘ લાલચંદ છગનલાલ
મહુડી શ્રીસંઘ વોરા પ્રેમચંદ વાડીલાલ, સુમતીલાલ નાથાલાલ
મહેસાણા શ્રીસંઘ યશોવિજયજી પાઠશાળા, ચંપકલાલ પ્રભુદાસ તથા મહેતા બાબુલાલ જેસીંગભાઇ
ખેડબ્રહ્મા શ્રીસંઘ મહેતા પોપટલાલ મોહનલાલ
રતલામ શ્રીસંઘ તેજરાજ ગાંધી, હીરાભાઇ ડાહ્યાભાઇ
વમી પાર્શ્વનાથ તીર્થ કોમલસીંગ કોમલ
ઓસીયા શીક્ષણ સંઘ શીવરાજજી
બામણીયા શ્રી સંઘ ભીખાલાલ આશાલાલ
પ્રતાપગઢ શ્રીસંઘ એડવોકેટ વસંતલાલ
લક્ષ્મણીજી તીર્થ-મંડળશા પન્નાલાલ લાલચંદ
જેસલમેર તીર્થ માનમલજી ચોરડીયા

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. સંઘ–મુંબઈ તરફથી વસતિપત્રક ગ્રંથનું પ્રકાશન

## સંઘની વાડી માટે રૂા. દોઢ લાખના ફંડની શરૂઆત.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે મૂ. સંઘ –મુંબઈ તરફથી બૃહદ મુંબઈમાં વિસ્તરેલા ઝાલાવાડ જૈન શ્વે. મૂ કુટુંબોની સંપૂર્ણ માહિતી સાથેનો વસતપત્રક ગ્રંથ તૈયાર થતાં રવિવાર, તા. ૧૨–૪–૭૦ ના રોજ કાંદીવલી ખાતે પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં ગ્રંથ પ્રકાશન સમારંભ યોજવામાં આવ્યો હતો, જે વખતે સંઘના મોટા ભાગના મેમ્બરોએ ઉપસ્થિત રહી સમારંભને દીપાવ્યો હતો. અતિથિ વિશેષ તરીકે શ્રી ધીરજલાલ મોહનલાલ શાહ ધ્રાંગધ્રા વાળાનો તથા ગ્રંથનું ઉદ્‌ઘાટન કરનાર શ્રેષ્ઠીશ્રી દામોદરદાસ કરશનદાસ શાહનો પરિચય સૌનું સ્વાગત કરતાં શ્રી શાંતિલાલ એમ. શાહે આપ્યો હતો.

સંઘના મંત્રી અને વસતિપત્રક સમિતિના કન્વીનર શ્રી ચંદુલાલ એમ. શાહે વસતિપત્રક ગ્રંથ તૈયાર કરેલ તે બાબતનું નિવેદન કરતા જણાવેલ કે–આ ગ્રંથ તૈયાર કરવામાં ૨૫૦૦૦નો ખર્ચ થયો છે. જાહેરાત દ્વારા રૂા. ૨૧૦૦૦ આવેલ છે અને સમારંભ આદિનો ખર્ચ ગણતાં રૂા. ૯૦૦૦ નો તોટો પડવા છતાં આ ગ્રંથ દરેક સભ્યને વિના મૂલ્યે આપવામાં આવશે સંઘની પ્રવૃત્તિઓ ગુંજતી ગાજતી બને તે માટે સૌના સહકારની અપેક્ષા રાખી હતી.

શ્રી માધવલાલ હિરાલાલ, શ્રી રસીકલાલ શાહ, શ્રી રસીકભાઈ–મુળીવાળા, શ્રી દીપચંદભાઈ એમ. શાહ, શ્રી અનોપચંદભાઈ કુવાડીઆએ સંઘની પ્રવૃત્તિનો વિકાસ કરતાં પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

અતિથિવિશેષ શ્રી ધીરજલાલ મોહનલાલ શાહે ગ્રંથ પ્રકાશન માટે શ્રી દામોદરભાઈને વિનંતિ કરતાં શ્રી દામોદરદાસભાઈએ વસતિપત્રક ગ્રંથનું પ્રકાશન કર્યું હતું.

પૂ૦ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે પોતાના હૃદયસ્પર્શી પ્રવચનમાં જન્મભૂમિ ઝાલાવાડ હોઈ ગૌરવ અનુભવવા સાથે કૌટુંબિક ભાવનાથી એકબીજાને ઉપયોગી બનવા જણાવેલ. વધુમાં સંઘની વાડી માટે સંઘના ટ્રસ્ટી શ્રી શાંતિલાલ એમ. શાહ તથા શ્રી રસીકલાલ મુળીવાળા તરફથી પ્રસ્તાવ રજુ થતાં તેના અમલ માટે પ્રેરણા આપતાં સભામાં જ રૂા. એક લાખ એકાવન હજારનું ફંડ થયું હતું.

આભારદર્શન બાદ સમૂહભોજનને ન્યાય આપ્યા બાદ સમારંભ પૂરો કર્યો હતો.

### ભાવનગર શાખામાં પ્રવેશ

ભાવનગરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય—શ્રી મણીલાલ દુલ્લભજી વિદ્યાર્થી ગૃહની જુન ૧૯૭૦ થી શરૂઆત થશે. તે માટેના પ્રવેશપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીયા ટેંક રોડ, મુંબઈ ૨૬ ના સરનામે ૭૦ પૈસાની ટપાલ ટિકીટો મોકલતાં મળશે. અરજીપત્રક ભરીને મુંબઈ મોકલવાની છેલ્લી તા. ૫–૬–૭૦ છે.

### દુઃખદ અવસાન

શ્રી નગીનદાસ વાવડીકરના પિતાશ્રી શ્રી જસરાજ ઘુઘાભાઈનું મોટી વાવડી મુકામે ૬૦ વર્ષની વયે શનિવાર તા. ૧૬–૫ ૭૦ ના દુઃખદ અવસાન થયેલ છે સદ્‌ગત અત્રેના સંઘના દરેક કાર્યોમાં સારો રસ લેતા હતા ધર્માનુરાગી તેમજ ધર્મપ્રેમી સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળો.

જોધપુરના વતની અને પાર્શ્વનાથ જૈન વિદ્યાલયમાં સંસ્થાના પ્રારંભથી તે આજ સુધી ૪૩ વર્ષ સુધી સતત સેવા આપનાર ગૃહપતિ શ્રી સંપતરાજજી નથરાજજીનું વરકાણા તીર્થમાં તા. ૧૭–૫–૭૦ ના સવારે ૫–૪૦ કલાકે હાર્ટએટેકના હુમલાથી ૬૨ વર્ષની ઉંમરે અચાનક અવસાન થયેલ છે. તેમના અગ્નિ સંસ્કાર માટે આજુબાજુના ગામોમાંથી મળે તે વાહનોમાં બેસી અનેક લોકો આવ્યા હતા. આવા સંનિષ્ઠ સેવકના અવસાન બદલ દુઃખ વ્યક્ત કરવા સાથે પ્રભુ તેમના આત્માને શાંતી અર્પો.


સાધન સામગ્રી

● સુગંધિદાર અગરબત્તી * વાસક્ષેપ
● રંગીન ધૂપ * કેશર
● વાળાકૂંચી * કટાસણાં
● ચરવળા * સંથારીયા
● સાપડા * કામળીઓ
● ઓઘારીયા * ઘાબળી

ચાંદીના વરખ, પરવાળાં–કેરબા–અકલબેર–સ્ફટિકની માળાઓ–મોરપીંછી–ઉપકરણો–પુંજણીઓ તેમજ

રેડીયમ અને પ્લાસ્ટીકની માળાઓ–ઠવણીઓ–સાપડાં–વગેરે–
છપાવેલા તેમજ દિપોત્સવી કાર્ડ–કેલેન્ડર્સ વગેરે માટે

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજી ચાલ-મુંબઈ-૨

કરવા આવ્ય હતા. એટલે આપ શ્રીસંઘની ભાવનાને માન આપી કાલનો એક દિવસ વધારે રોકાઇશું આથી શ્રીસંઘના ભાઈઓ ઘણા જ ખુશ થઈ ગયા.

ફાગણ વદી ૧૪ રવિવારે નવા બજારમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું, ગણી સુરેન્દ્રવિજયજી મ. ગણીવર્ય શ્રી જયવિજયજી મ. ગણી ન્યાયવિજયજી મ. મુનિ પદ્મવિજયજી મ.ના પ્રભાવશાલી પ્રવચનો થયા હતા. જૈન જૈનેતરો આદિ શ્રોતાજનોની સંખ્યા ઘણી જ સારી હતી. આચાર્યશ્રીજીએ તેમજ અહિંના શ્રીસંઘના પ્રમુખ સાહેબે તેમજ શ્રી સૌભાગ્યચંદભાઇએ શતાબ્દિ અંગે ભાષણો આપ્યા હતા.

આચાર્યશ્રીજીએ મુંબઈમાં આ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરી જન્મ શતાબ્દિ સમિતિ સ્થાપિત થયેલી છે તેની યોજના સંભળાવી હતી અને જે ભાગ્યશાળીઓ શક્તિશાલી છે તે સ્કોલરશીપ આપે અને બીજા ભાઇઓ એકાવન-એકાવન રૂપીઆના મેમ્બર બને બાલ મુનિશ્રી નિત્યાનંદવિજયજી મહારાજે પણ સંસ્કૃતમાં શ્લોક સંભળાવી હિન્દીમાં અર્થ સંભળાવ્યું હતું જેથી સભામાં સારો પ્રભાવ પડયો હતો.

રાતના જુન બજારમાં ઉપાશ્રયની નીચે ત્રીજી જાહેર સભા થઇ હતી. એમાં પણ ગણી જયવિજયજી મહારાજ, મુનિ કાન્તિવિજયજી મહારાજ, ગણી સુરેન્દ્રવિજયજી મ.ના જાહેર ભાષણો થયા હતા. શતાબ્દિ અંગે કેટલાક મેમ્બરોના નામો નોંધાવ્યા છે અને કામકાજ ચાલુ છે.

શ્રી વિજયવલ્લભ રીલીફ સોસાયટી જે રાજસ્થાનમાં દુષ્કાલ રાહતનું કામ કરી રહેલ છે એના સહાયતા ફંડ માટે કહેવામાં આવ્યું ઉપદેશ આપતાં વડોદરામાં અને કરજણમાં ફંડ લખાયેલ છે. અહિંથી આચાર્યશ્રીજી આદિ વિશાલ સાધુ સમુદાય સાથે વિહાર કરી આજે મિયાંગામ પધાર્યા. અહિંના શ્રીસંઘે પણ ઘણાં જ સમારોહ પૂર્વક નગર પ્રવેશ કરાવ્યો અને પુજા પણ ભણાવી. રાત્રે જાહેર વ્યાખ્યાન થયું. અત્રેથી વિહાર કરી પાલેજ આદિ થઈ ચૈત્ર સુદી ૭ તા. ૧૨-૪-૭૦ ના રોજ જગડીઆ પધારવાના છે. તા. ૧૩-૪-૭૦ ની સંક્રાન્તી અને નવપદજીની ઓળીની આરાધના ત્યાં જ કરશે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની જયંતી પણ ત્યાં જ ઉજવાશે અને તે જ દિવસે પૂ. પા. ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. ની પ્રતિમાજીની સ્થાપના શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલમાં સ્થાપન કરાવશે.

આચાર્યશ્રીજી આદિ સાધુ-સમુદાય જગડીઆથી વિહાર કરી સુરત આદિ થઈ જલદી મુંબઈ તરફ પધારવાની ભાવના છે. ડભોઇ, સિનોર, ઓડેલી આદિ ગામોથી ઘણાં ભાઇઓ વિનંતી કરવા આવ્યા હતા અને ઘણી ભકિત પૂર્વક પોતપોતાના ગામોમાં પધારવા માટેની આગ્રહ પૂર્વક વિનંતી કરી હતી પણ સમય ઘણો ઓછો હોવાથી બધાને નિરાશ કરવા પડયા.

Cable : BHARCHEM

Phones :
Office : 3 2 4 4 0 1
Res. : 4 7 1 6 0 1

*With Best Compliments from :*

THE
**BHARAT**
CHEMICALS CO.

HOUSE OF INDUSTRIAL CHEMICALS
331, SAMUEL STREET,
BOMBAY-3. (BR)

## મુનિ વિશ્વબંધુજી મહારાજ કોટમાં

પ. પૂ. મુનિશ્રી વિશ્વબંધુજી ૧૫ દિવસ માટે મઝગામ પધારતા ત્યાંના સંઘમાં અપૂર્વ ધર્મ-જાગૃતિ આવી હતી. દરરોજના પ્રવચનોમાં નૂતન હોલ પણ સાંકડો જણાતો હતો. પૂજ્ય મહારાજશ્રીની સ્થિરતા દરમ્યાન કચ્છી તેમજ મારવાડી સમાજે બહુ સારો લાભ લીધો હતો.

મઝગામથી પૂજ્ય મહારાજશ્રી તારદેવ જૈન સંઘના આગેવાન શ્રી હિંમતલાલભાઈ શંઘેરિયાની વિનંતિથી તારદેવ પધાર્યા હતા ત્યાં તા. ૫-૪-૭૦ રવિવારે તારદેવ જૈન મિત્રમંડળના ઉપક્રમે "આપણે ક્યાં જઈ રહ્યા છીએ?" એ વિષય ઉપર જાહેર પ્રવચન યોજવામાં આવ્યું હતું.

મઝગામ તથા તારદેવમાં કોટ શાંતિનાથ જૈન દેરાસરના ટ્રસ્ટીઓ આયંબિલની ઓળી માટે વિનંતિ કરવા આવતા પૂજ્ય મહારાજશ્રી કોટમાં પધાર્યા છે. રોજ પ્રવચનમાં ખુબ સારી માનવ મેદની લાભ લે છે.

ઉમેરાય એન્ડ કંપનીનું સર્વશ્રેષ્ઠ એવું શુદ્ધ

१०० टके शुद्ध
लक्ष्मी
छाप
केसर
सीलबन्द पेकिंग में खरीदें.

સદૈવ પ્રયોગ કરો

વ્યાપારી પુછતાછ:

ઉમેરાય એન્ડ કંપની

૨૦૯, વડગાદી, મુંબઈ-૩

## નમસ્કાર મહામંત્રમાં નવો વિક્રમ

અમદાવાદના શ્રી સારાભાઈ જેશીંગભાઈ શેર દલાલ પૂજ્યપાદ શાસન દીપક આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વરજીના પરમ ભક્ત છે. ઘણા સમયથી નિવૃત્ત છે. નમસ્કાર મહામંત્રનો મહિમા જાણી જાપ શરૂ કર્યા તેમાં ખુબ શાંતિ મળવા લાગી. પછી તો ભોજન આદિ અને થોડીક નિદ્રા સિવાય બધો સમય દિવસ-રાત્રિના ૧૨ કલાક નમસ્કાર મહામંત્રના જાપમાં જ તલ્લીન રહે છે. તેમને લકવાની અસર હતી-આ જાપથી લકવો મટી ગયો. હંમેશના જાપની નોંધ તેમના ધર્મનિષ્ઠ ધર્મપત્ની શ્રી શણગારબહેન કરે છે. એક કરોડ ઉપર જાપ તો ક્યારના થઈ ગયા છે-એ જાપ તો હજી ચાલુ જ રહેવાના-એટલું જ નહિ પણ તેમને સાક્ષાત શત્રુંજય ગિરિરાજ અને શ્રી ઋષભદેવ ભગવાનના દર્શન થાય છે. હમણાં આચાર્ય શ્રી વિજયનેમિસૂરીએ દર્શન દીધા અને સારાભાઈ ધન્ય બની ગયા.

ધન્ય નમસ્કાર મંત્ર
ધન્ય ભાવના

--મહુવાકર

## ઓળી આરાધના

શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ તરફથી ચાલુ સાલની ચૈત્ર માસની શાશ્વતી આયંબીલની ઓળી આચાર્ય શ્રી સુબોધસાગરજીની નિશ્રામાં ખોડલા (જિ. પાલનપુર) મુકામે સ્વ. કાલીદાસ ઇશ્વરભાઈના સુપુત્રે ના આમંત્રણથી ખુબ જ ધામધુમપુર્વક થઇ હતી. આ પ્રસંગે આરાધક ભાઇ-બહેનો ત્રણસો પચોતેર હતા. શ્રી ચીનુભાઇ સાંકલચંદે તમામ આરાધકોને ક્રિયા કરાવી હતી, અને અપુર્વ ભક્તિરસ જમાવ્યો હતો. શ્રી મહાવીર જયંતીના દિવસે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. તેમાં ગામના તમામ જૈન-જૈનેતર ભાઇ-બેનોએ ભાગ લીધો હતો.

સુદ ૧૫ના રોજ શ્રી ચીનુભાઈ લલ્લુભાઈએ સિધ્ધચક્રપૂજન ભણાવ્યું હતું અને અપૂર્વ રંગ જમાવ્યો હતો. હાજર રહેલા ભાઇ-બેનોએ પૂજનમાં રોકડ દાગીના વિગેરે દાન કરી લ્હાવો મેળવ્યા હતો. પચીશહજાર ઉપરાંત રૂપીયા ની દેવદ્રવ્યમાં ઉપજ થઈ હતી. વરઘોડામાં પણ પંદર હજાર ઉપરાંતની ઉપજ થઇ હતી.

વદ ૧ના દિવસે સ્વ. કાલીદાસ ઈશ્વરદાસના સુપુત્રો તરફથી નવકારશી કરવામાં આવી હતી. આમંત્રણ આપનાર સ્વ. કાલીદાસ ઈશ્વરભાઈના પુત્રોને આ પ્રસંગે અનુમોદન આપવા શ્રી સિધ્ધચક્ર આરાધક સમાજ તરફથી સુદ ૧૫ની રાતના નવ વાગે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. તે વખતે સમાજના પ્રમુખ શ્રી અનુભાઇ ચીમનલાલે ખુબ તાલીઓના ગડગડાટથી ચાંદીનું કારકેટ તથા ફુલથી સ્વગત કર્યું હતું. અને આવા શુભ કાર્યો જીવનમાં કરતા રહે એવા આશિર્વ આપી હતી પ્રસંગ અનુરૂપ સમાજના ઓ. સેક્રેટરી શ્રી વાડીલાલ જીવરાજ તથા પંડીત મફતલાલ ઝવેરચંદે ભાષણે કર્યા હત અને ધર્મ પ્રભાવનાનુ રહસ્ય સમજાવ્યું હતું.

પૂ આ. શ્રી સુબોધસાગરસૂરિજીએ નવે દિવસ વ્યાખ્યાનો આપી ધર્મભાવનાનું રહસ્ય સમજાવ્યું હતું.

## કાળધર્મ

આ. શ્રી વિજયકેસરસૂરીશ્વરજી મ ના પ્રશિષ્ય મુનિશ્રી કુમુદવિજયજી (ભીંડેજી) મ. ના ચૈત્ર વદ ૮ના નાવીસણા મુકામે સમાધિપૂર્વક નવકારમંત્રના સ્મરણ સાથે કાળધર્મ પામ્યા છે.

તેમની સ્મશાનયાત્રામાં જૈન-જૈનતરો-મુસલીમ દરેક મોટી સંખ્યામાં ભાગ લીધેલ. અગ્નિસંસ્કાર આદિની ઉછામણીની રૂા. ૨૦૦૦ ઉપર ઉપજ થઇ હતી. પં. શ્રી સ્વયંપ્રભવિજયજી મ. ની પ્રેરણાથી સુંદર ઉભુ કરવનું નક્કી થયેલ છે.

**મંત્રજાપ-ચૌદપૂર્વના સાર**

શ્રી નવકારમંત્રની બાધીમાળા, શ્રી જયના ધ્યાન સાથે તા. ૨૬-૮- શેઠ સારાભાઈ જેસીંગભાઈએ શરૂ કરેલ છે. હમેશના નિયમે ગણનામાં તા. ૩૦-૪-૭૦ સુ ૨,૪૦,૫૯,૫૦૮ મહામંત્ર ગણ્ય હજુ પણ જાપ ચાલુ છે. સૌ મહામંત્રનું આરાધન કરે તેવી નમ્ર આરાધક વિનંતી કરે છે.

ક્વીન્સ પ્રોડક્ટ

જુસ્સડસ્ટર

દરોજ, ... જરજવા મા...

...ખસને ભવ પડતાં નથી

'ક્વીન્સ' કાળો દૂથ પાવડર

દાંતને ચમકા... બનાવે છે

ક્વીન્સ બાલામૃત

બાળકો માટે અમુલ્ય ટોની...

સોલ એજન્ટ

ભોગીલાલ પ્રેમચંદ એન્ડ ...

## શ્રી સાંડેરાવ-જિનેન્દ્ર ભવન જૈન ધર્મશાળા-પાલીતાણા

અત્રે સિદ્ધગીરીમાં યાત્રીકોને ઉતરવા માટે બ્લોક સીસ્ટમના રૂમો:— હવા, ઉજાસ, લાઇટ, પાણી બાથરૂમ વગેરેની સગવડતા સાથે મળશે. તેનો કોઇપણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી.

એક વખત અવશ્ય પધારવા વિનંતી છે.

લી૦ મુનિમ દલીચંદ સિદ્ધરાજ કોઠારી

# શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અમૃત મહોત્સવ પ્રસંગે

## ભારતભરમાંથી આવેલા શુભેચ્છાના સંદેશાઓમાંના ખાસ ખાસ નામોની યાદી

**નવી દિલ્હી :** રાષ્ટ્રપતિ વી. વી. ગિરી, વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધી, આરોગ્યપ્રધાન કે. કે. શાહ, રેલ્વેપ્રધાન જી. એલ. નંદા, શાહુ શાંતિપ્રસાદ જૈન, શ્રી મોરારજીભાઇ, એસ. આર. વસાવડા, શ્રી નરેન્દ્રસિંહજી મહિડા, સી. સી. દેસાઈ, શ્રી જયસુખલાલ હાથી, શ્રી ચરતરામ, શ્રી ભરતરામ, જે. બી. કૃપલાની.

**મુંબઇ :** એલ. કે. ઝા. (ગવર્નર રીઝર્વ બેંક), ટી. ડી. કંસારા (બેંક ઓફ ઈંડીયા), બાબુભાઇ એમ. ચિનાઇ, અરવિંદ એન. મફતલાલ, જે. આર. ડી. તાતા, શ્રી નવલ એચ. તાતા, એસ. કે. પાટીલ, જે. સી. જૈન, પરમાણંદ કુંવરજી કાપડીયા, શ્રી કનૈયાલાલ મ. મુનશી, બી. એસ. મુનશી (સેંટ્રલ બેંક), શાંતીકુમાર મોરારજી અને શ્રીમતી સુમતી મોરારજી, રતનચંદ ચુનીલાલ ઝવેરી, શેઠ તુલસીદાસ કીલાચંદ, બીમચંદ મ. વોરા, શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ, શ્રી રતિલાલ એમ. નાણાવટી, વી. સી. પટેલ (સેંટ્રલ બેંક), પં. ધીરજલાલ ટોકરશી શાહ, નવીનચંદ્ર છગનલાલ કંપાણી, પુનમચંદ રામજી કામાણી, મનુભાઇ શાહ (ઘાટકોપર જૈન મંદિર ટ્રસ્ટ) શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહ.

**અમદાવાદ :** ઉમાશંકર જોષી, વી. જી. માવળંકર, ભાઇલાલભાઈ કોન્ટ્રાકટર, શ્રીમતી ભારતીદેવી સારાભાઇ, શ્રી નરોત્તમભાઇ પી. હઠીસીંગ, શ્રી સંપતલાલ પદમચંદ, શ્રી બાબુભાઇ ઝવેરી, શ્રી ચંદ્રવદન રમણલાલ શ્રી મથુરદાસ શાહ,

**કલકત્તા :** રાજેન્દ્રસિંહજી સિંધી, એ. કે. ભટ્ટાચાર્ય, શ્રી જયચંદલાલ અને રતનલાલ રામપુરીયા, જી. પી. બીરલા, શ્રી આર. વી. શાહ (યુકો બેંક)

બિહારના ગવર્નર શ્રી નિત્યાનંદ કાનુન્ગો–પટના, આંધ્રના ગવર્નર શ્રી ખંડુભાઇ દેસાઇ-હૈદ્રાબાદ, રાજસ્થાનના મુખ્ય મંત્રી શ્રી મોહનલાલ સુખડીયા–જયપુર, એસ. રાધાકૃષ્ણન તથા ડી. સી. કોઠારીમદ્રાસ, શ્રી ભોગીલાલ જ. સાંડેસરા તથા એમ. જી. પરીખ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી–વડોદરા, શંકરલાલ બેંકર્સ–આબુ, મોહનલાલ મહેતા–બનારસ, શ્રી રાજકુમારસિંહજી–ઈન્દોર, રાજરત્ન પ્રતાપરાય જી. મહેતા–બેંગલોર, એચ. ડી. સાંકળિયા–પૂના, શ્રી તેજકુમાર શેઠી–ઉજ્જૈન, ડૉ. ભાઇલાલ એમ. બાવીશી–પાલીતાણા, તાલધ્વજ તીર્થ કમિટિ-તળાજા, સર પદમપતજી સંઘાણીઆ–કાનપુર, રતનશી જેઠાભાઇ બોના તથા શ્રી સુમતિલાલ ચંદુલાલ-સાંગલી, શ્રી ચતુરભાઇ નગીનભાઇ શાહ–બેલગામ.


# જાહેર ખબર

શ્રી જિનદત્તસૂરીશ્વરજી બ્રહ્મચર્યાશ્રમ ટ્રસ્ટ પાલિતાણામાં ધોરણ ૫ થી ૧૧ સુધીના અભ્યાસ કરતાં જૈન વિદ્યાર્થીઓને માસિક પુરી ફીના લવાજમના રૂા. ૩૦–૦૦ તથા ઓછી ફીના રૂા. ૨૦–૦૦ લઇ દાખલ કરવામાં આવે છે. દાખલ થવા ઇચ્છનારે ૫૦ પૈસાની ટીકીટ તા. ૩૦–૫–૭૦ સુધીમાં બીડી પ્રવેશપત્ર તથા નિયમો મંગાવી વિગત ભરી, વાર્ષિક પરીક્ષાના માર્કશીટ સાથે તા. ૫–૬–૭૦ સુધીમાં નીચેના સરનામે પરત મોકલવા.

**શ્રી મહાવીરસ્વામિજી જૈન દહેરાસરજીની પેઢી,**
પાયધુની, મુંબઇ–૩

**શ્રી જિનદત્તસૂરીશ્વરજી બ્રહ્મચર્યાશ્રમ ટ્રસ્ટ**
પાલિતાણા. (સૌરાષ્ટ્ર)

# વરસીતપના પારણા પ્રસંગે પુનાથી પાલીતાણાનો સંઘ પાંચ પ્રતિમાજીઓની પ્રભાવપુર્ણ થયેલ પ્રતિષ્ઠા

ગુજરાતના ઉમરી (સતલાસણા) ગામના વતની અને હાલ પૂના વસતા શ્રી ભીકુભાઇ રવચંદ સંઘવીએ તેમજ તેમના ધર્મપત્ની અ. સૌ શ્રીમતી ઇન્દુમતી ભીકુભાઇએ સં. ૨૦૨૫ના ફાગણ વદિ ૮ થી વર્ષીતપ જેવી મહાન તપસ્યાનો પ્રારંભ કર્યો. આ તપની નિર્વિઘ્ને પૂર્ણાહુતી થવા આવી. તે નિમિત્તે તીર્થભૂમિ પાલીતાણામાં અક્ષયતૃતિયાના પવિત્ર દિવસે પારણું કરવાનો દૃઢ સંકલ્પ કરી પૂનાથી પાલીતાણાનો સંઘ કાઢવાનો નીર્ણય કર્યો.

ચૈત્ર વદિ ૧૧ તા. ૧-૫-૭૦ને શુક્રવારના પૂનાથી વાજતેગાજતે બેન્ડના સુમધુર સુરોની સાથે શ્રી સંઘનું બે સ્પેશ્યલ ડબ્બાઓ સાથે પ્રયાણ થયું. યાત્રિકોને લઇને ટ્રેઇન મુંબઇ તા. ૨-૫-૭૦ના આવી પહોંચી.

ભાયખલામાં સવારના ૯-૩૦ કલાકે નમિઉણ પૂજન ઉત્સાહ સાથે ભણાવવામાં આવ્યું. શ્રી સંઘને જમણ શા બાબુલાલ હરગોવિંદદાસ પુનાવાળા તરફથી આપવામાં આવ્યું હતું.

મુંબઇથી અમદાવાદ થઇ સોનગઢ તા. ૩-૫-૭૦ના શ્રીસંઘ ટ્રેઇન દ્વારા આવી પહોંચ્યો. અત્રે પૂ આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે પૂ. પંન્યાસ શ્રી મુક્તિવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન પૂ મુનિરાજ શ્રી અમરગુપ્તવિજયજી આદિને સોનગઢ મોકલ્યા. શા પીતાંબરદાસ કચરાદાસ તથા શા રીખવચંદ કચરાદાસ સંગમનેરવાળાએ સંઘજમણ આપેલ. અત્રેથી પૂ મુનિરાજ શ્રી આદિ તેમજ સાધ્વીજી શ્રી પરમપ્રભાશ્રીજી આદિ સાથેનો ચતુર્વિધ સંઘ છ'રી પાળતા સંઘરૂપે શરૂ થયો.

પીપરલા થઇ મોખડકા તા. ૪-૫-૭૦ના આવી પહોંચ્યો. પ્રવચન સમયે સંઘપતિએ ગુરૂપુજન કરી કામળીઓ વિ. વહોરાવવાનો લાભ લીધો આ ઉપરાંત શ્રી મોહનલાલ સખારામ પૂનાવાળાએ શ્રી સંઘનું પૂજન કર્યું હતું. સંઘજમણનો લાભ બુધવાર પેઠ જૈન સંઘ તરફથી લેવામાં આવ્યો.

ચૈત્ર વદિ ●)) તા. ૫-૫-૭૦ના છ'રી પાળતો શ્રી સંઘ ગુરૂકુળ-પાલીતાણા આવી પહોંચ્યો. પ્રવચન અને રાત્રે ભાવના ખૂબજ ઉત્સાહપૂર્વક યોજાયા. સંઘજમણ શા મોહનલાલ ચતુરદાસ પૂનાવાળા તરફથી થયું હતું.

વૈશાખ શુદિ ૧નો દિવસ, શ્રી સંઘનો સિદ્ધગિરિમાં પ્રવેશ હતો. સાથે સાથે પૂ આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો પણ પ્રવેશ. લોકોનો ઉત્સાહ અનેરો હતો. દિગમ્બર જૈન ધર્મશાળાએથી શ્રી ચતુર્વિધ સંઘ વરઘોડારૂપે સજ્જ થયો. મોટો રથ, છપ્પન દિક્કુમારિકાઓ, ભાવનગરનું મીઠું બેન્ડ વગેરે વિપુલ સામગ્રી સાથે અને વિશાળ સાજન-મહાજન સાથે વરઘોડો શહેરમાં ફરી શ્રી સાંડેરાવ જિનેન્દ્ર ભવન ધર્મશાળાએ આવી પહોંચ્યો.

શ્રી સંઘ અત્રે પધારતા ધર્મશાળાના ટ્રસ્ટીઓએ સુંદર સ્વાગત કર્યું. આજે આ ધર્મશાળાના એક વિશાળ હોલના ઉદ્ઘાટનવિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વરઘોડો અત્રે સભા રૂપે ફેરવાઇ ગયો. પૂ આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે મંગળાચરણ કર્યું હતું. સંઘવી ભીકુભાઇ રવચંદભાઇના હસ્તે હોલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. બાદ પતાસાની પ્રભાવના કરવામા આવી હતી. આજે શ્રી સંઘને શા બાબુલાલ ગોકુળદાસ મંચરવાળાએ જમણ આપી સારો લાભ લીધો હતો.

વૈ. શુ. ૨ ના તિર્થાધિરાજ શ્રી શત્રુંજયની શિતળ છાયામાં પવિત્ર ગિરિરાજ ઉપર આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની નિશ્રામાં સંઘવી ભીકુભાઇ રવચંદ શાહને તેમજ તેમના ધર્મપત્ની ઇન્દુમતીબેનને તીર્થમાળા સારા ચઢાવા સાથે પહેરાવવામાં આવી. સંઘજમણ સંઘવી બાબાલાલ મણીલાલ મંચરવાળાએ આજે આપ્યુ હતું. સંઘવીશ્રીએ સંઘમાં પધારેલ ભાઇઓના પગ ધોઇને તીલક કરી રૂપિયો અર્પણ કરી સંઘપૂજન કર્યું હતું.

૧૨ વર્ષ મુજબ અક્ષયતૃતિયાના દિવસે ૭૫૦ તપસ્વીઓના પારણા થયા. શ્રી ભીકુભાઈ તથા શ્રી ઇન્દુમતીબેને પણ સાતાપૂર્વક પારણું કર્યું. આજે સંઘજમણનો અનેરો લાભ શ્રી કાંતીલાલ પોપટલાલ મંચરવાળા તરફથી લેવાયો હતો.

રાત્રીના શ્રી નેમીચંદજી સુરાણા–મદ્રાસવાળાના પ્રમુખસ્થાને સંઘવીશ્રીને અભિનંદનપત્ર અર્પણ કરવાનો મેળાવડો ધર્મશાળાની વ્યવસ્થાપક કમિટિ તથા યાત્રિકો તરફથી યોજવામાં આવ્યો હતો. રૂા. ૧૨૧)નો ચઢાવો બોલી સંઘવીજીના સુપુત્ર અશોકકુમારના ધર્મપત્નીને ચૂંદડી ઓઢાડી હતી. શ્રી સુરાણાજીએ આ પ્રસંગે રૂા. ૭૫૦૧ ધર્મશાળાના બ્લોક માટે આપવાની જાહેરાત કરી હતી. ચીકમંગલુરવાળા ચાંદમલજીએ પણ બ્લોક માટે ૭૫૦૧ આપવાની જાહેરાત કરી હતી. સંઘવી ભીકુભાઈએ રૂા. ૨૫૦૧ ધર્મશાળાને ભેટ તેમજ રૂા. ૩૦૦૨ ફોટાઓ મૂકવા માટે આપવા જાહેરાત કરેલ જેને સૌએ ખૂબ હર્ષભેર વધાવી લીધેલ. સાંડેરાવવાળા શ્રી તારાચંદ ઝવેરચંદજી ફાલનીયાએ તેમના ધર્મપત્ની તીજુબાઇના વર્ષીતપ અંગે રૂા. ૧૫૦૧ ફોટો મૂકવા માટે આપવાનું જાહેર કરેલ સંઘવીજી તથા સંઘાણુને અભિનંદનપત્રો સુંદર ફ્રેઇમમાં શા પુખરાજ કીશાજી પુનાવાળાએ રૂા. ૫૦૧, રૂા. ૫૦૧ ચઢાવાઓ બોલી અર્પણ કરવાનો લાભ લીધો હતો.

સંઘમાં દરેક પ્રકારની સેવા આપનારાઓને પણ અભિનંદન આપવામાં આવ્યા હતા. તેમાં ખાસ કરીને મહેતા બાબુલાલ પીતાંબરદાસ જે.પી. સંગમનેરવાળા, શા પોપટલાલ મગનલાલ મુરબાડવાળા, શા મોહનલાલ ચતુરદાસ પુનાવાળાની સેવાઓ શરૂથી તે અંત સુધીની હતી. શ્રી જયંતીલાલ રીખવદાસ મહેતા અને શ્રી હરગોવિંદદાસ જાદવજીભાઈએ રસોડાની સુંદર વ્યવસ્થા જાળવી હતી. અંધેરીના સ્વયંસેવક મંડળે ખડેપગે સેવા તેમજ બેન્ડનો લાભ પણ આપેલ હતો. સાંડરાવ જિનેન્દ્ર ભવન જૈન ધર્મશાળાના ટ્રસ્ટીઓ શ્રી ચંદનમલજી સંઘવી પુનાવાળાએ સંઘના ઉતારાની પૂર્વથી તે પૂર્ણ સુધી હાજર રહી વ્યવસ્થા સંભાળી હતી મુનીમ શ્રી દલીચંદભાઇ કોઠારીએ રાત્રી–દિવસ જોયા વીના આવા સમયે પણ પાણી વગેરેની સગવડ આપી હતી.

આજના શુભ દિવસે આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે ધર્મશાળાના નવા વિશાળહોલમાં પગલા કર્યા હતા.

વૈશાખ શુદિ ૪ના શ્રી શત્રુંજય તીર્થ ઉપર શેઠ મોતીશાની ટુંકમાં દેરી નં. ૧૧૧માં પાંચ પ્રતિમાઓ આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજીના નિશ્રામાં પોતાના પરિવાર સાથે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ.

શ્રી મહાવીરસ્વામીના પ્રતિમા શા મોહનલાલ ચતુરદાસ પૂનાકેમ્પવાળાએ, શ્રી કુંથુનાથસ્વામીને શ્રી શાંતાલાલ હીરાલાલ–મુરબાડવાળાએ, શ્રી ચીંતામણી પાર્શ્વનાથસ્વામીને સંઘવી ભીકુભાઈ સ્વચંદ-પૂનાવાળાએ, શ્રી સુવિધિનાથસ્વામીને શા પોપટલાલ મગનલાલ–મુરબાડવાળાએ, શ્રી વીમળનાથસ્વામીને શા બાબુલાલ પીતાંબરદાસ મહેતા–સંગમનેરવાળાએ પ્રતિષ્ઠિત કર્યા હતા. આમ પાંચે પ્રતિમાજીઓની પ્રતિષ્ઠાવિધિ ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આજે શા પોપટલાલ મગનલાલ મુરબાડ તથા શા શાંતાલાલ હીરાલાલ–મુરબાડવાળાએ શ્રીસંઘને જમાડવાનો લાભ લીધો હતો. આમ એકંદર શ્રીસંઘ શાસનદેવની કૃપાથી ખુબ જ શાંતિપૂર્વક યાત્રા કરવા સફળ થયો હતો.


## પ્રાકૃત અભ્યાસ માટે કન્યાઓને છાત્રવૃત્તિ

એસ. એસ. સી. પછીના ઉચ્ચ અભ્યાસમાં પ્રાકૃત–અર્ધમાગધીને મુખ્ય કે પૂરક વિષય તરીકે લેનાર કન્યાઓને આત્મવલ્લભશીલ સૌરભ ટ્રસ્ટ તરફથી છાત્રવૃત્તિ આપવામાં આવે છે. છાત્રવૃત્તિ મેળવવા ઇચ્છનાર કન્યાઓએ તે માટેનું પત્રક મંગાવી તા. ૧૫મી ઓગષ્ટ સુધીમાં અરજી કરવી.

**શ્રી આત્મવલ્લભશીલ સૌરભ ટ્રસ્ટ**

શ્રી મહાવીર જૈન વિદ્યાલય બિલ્ડીંગ નં. ૬
૪૮, ગોવાળીયા ટેંક રોડ, મુંબઈ–૨૬.

શેઠશ્રી કસ્તૂરભાઈ સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ રહી આજ સુધીમાં જીર્ણોદ્ધારનાં કાર્યો તથા તીર્થોની સુંદર વ્યવસ્થા અને કલાત્મક રચનાની બાબતમાં પોતાનો ઘણો ભોગ આપવા પૂર્વક ઘણી સુંદર સેવા બજાવી છે. ચતુર્વિધ સંઘનાં સર્વાંગી શુભ કાર્યો તેમના હાથે હજુ પણ ખૂબ ખૂબ થતાં રહે અને તે માટે તેઓશ્રી દીર્ઘ જીવનવાળા બને તેવી શ્રી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

લી૦

**સવાઈલાલ કેશવલાલ શાહ**

પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ,

કલકત્તા–૧

તંત્ર : પ્રકાશક : માલીક : મુદ્રક : શેઠ ગુલાબચંદ દેવચંદ, જૈન ઓફીસ–ભાવનગર
મુદ્રણસ્થાન : શ્રી જૈન પ્રિન્ટરી પાનવાડી રોડ : ભાવનગર.